णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ - ૧૪

लघुहरिभद्र - न्यायाचार्य-

न्यायविशारद - **महोपाध्यायश्रीयशोविजय**विहिता

नवनिर्मित - देवधर्मोपनिषद् - गुर्जरव्याख्याऽलङ्कृता

# देवधर्मपरीक्षा

मूलसंशोधनम् - व्याख्यानवसर्जनम् - सम्पादनम्

वैराग्यदेशनादक्ष-आचार्यदेवश्रीमद्विजय**हेमचन्द्र**सूरीश्वरशिष्य-

आचार्यदेवश्रीमद्विजय**कल्याणबोधि**सूरीश्वराः

**प्रकाशक**

श्री जिनशासन आराधना ट्रस्ट


- **મૂળ ગ્રંથ** : દેવધર્મપરીક્ષા.
- **મૂળ ગ્રંથકાર** : ન્યાયવિશારદ ન્યાયાચાર્ય લઘુહરિભદ્ર કૂર્ચાલી સરસ્વતી મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજા.
- **નવનિર્મિત ગુર્જરવૃત્તિ** : દેવધર્મોપનિષદ્.
- મૂળ ગ્રંથનું હસ્તાદર્શો દ્વારા **સંશોધન** + ગુર્જરવૃત્તિ **નવસર્જન** + **સંપાદન** : પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ.
- **વિષય** : દેવો અધર્મી છે - એવા ઉત્સૂત્રનું નિરાકરણ. (તથા પ્રાસંગિક-દ્રવ્યસ્તવની આગમ અને યુક્તિ દ્વારા કર્તવ્યરૂપે સિદ્ધિ)
- **વિશેષતા** : મહોપાધ્યાયજીની અપ્રતિમ પ્રતિભાના ચમકારા, આગમવચનોના સમ્યક્ અકાટ્ય અર્થઘટન કરવાની કુશળતા તથા પ્રત્યેક મુદ્દાની શાસ્ત્રદૃષ્ટિએ સાક્ષીપદ સહિત છણાવટ. અનાભોગે પણ દેવોની આશાતના ન થઈ જાય અને તેમના સુકૃતોની હૃદયથી અનુમાદના થાય એ માટે અવશ્ય પઠનીય ગ્રંથ..
- **પ્રકાશક** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ
- **પઠનપાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા
- **પ્રતિ** : ૫૦૦
- **આવૃત્તિ** : પ્રથમ, **પ્રકાશન વર્ષ**-વિ.સં.૨૦૬૬, વી.સં.૨૫૩૬, ઈ.સ.૨૦૧૦
- **મૂલ્ય** :


- © **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
  પ્રસ્તુત ગ્રંથના કોઈ પણ અંશનો ઉપયોગ કરતાં પૂર્વે લેખક અને પ્રકાશકની લેખિત મંજૂરી જરૂરી છે.
  આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત થયો હોવાથી ગૃહસ્થોએ તેની માલિકી કરવી હોય, તો તેનું મૂલ્ય જ્ઞાનખાતામાં અર્પણ કરવું.


- **મુદ્રક** : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૪૬૦૨૯૫

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......

❁ સુકૃત સહયોગી ❁

# શ્રી શાહીબાગ અભિનંદન જૈન સંઘ

**જયપ્રેમ સોસાયટી, અમદાવાદ.**

*જ્ઞાનનિધિ સદ્વ્યયની*
*ભૂરિ ભૂરિ*
*અનુમોદના*

......અનુમોદના..... અભિનંદન....... ધન્યવાદ.......


- **પ્રાપ્તિ સ્થાન** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા**, દુ.નં.૬, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, **મુંબઈ**-૨. ફોન : ૨૨૮૧૮૩૯૦, ૨૨૬૨૪૪૭૭

**શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**, ૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે, **પાટણ**-૩૮૪૨૬૫. (ઉ.ગુ.), મો. : ૯૯૦૯૪૬૮૫૭૨

**શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા**, સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, **અમદાવાદ**-૫. મો. : ૯૪૨૬૫ ૮૫૯૦૪.




# સુર સમકિતવંતા

"હે ગુરુદેવ ! આજ-કાલ દેવો કેમ આવતા નથી ?" શિષ્યના આ પ્રશ્નનો ગુરુએ યોગ્ય અવસર જોઈને ઉત્તર આપ્યો, "હમણા તે પ્રમાર્જન કર્યા વિના પરાત રાખી ને ? જો દેવો આવતા હોય તો તારો ઓઘો લઈ લે."

ઉત્તરાધ્યયન સૂત્રમાં એક માર્મિક પ્રસંગનું વર્ણન કર્યું છે, જેમાં એક યક્ષ મહાત્માઓના પડખા સેવવા તેમની સમીપ આવે તો છે, પણ તેમની વિકથા આદિ પ્રમાદ જોઈને તરત ત્યાંથી રવાના થઈ જાય છે.

દેવોને વિબુધ કહ્યાં છે. તેઓ કાંઈ વેશમાત્રથી ભોળવાઈ ન જાય. તેઓ તો માત્ર આચાર જ નહીં પરિણતિને પણ માપી લે છે.

પ્રજ્ઞાપના આદિ આગમોનું દોહન કરીએ એટલે ખ્યાલ આવે છે કે પ્રત્યેક સમયે અસંખ્ય દેવો આપણી આસપાસમાંથી પસાર થઈ રહ્યાં છે. કારણકે ઉર્ધ્વમધ્યલોક અને અધોમધ્યલોકના દ્વિપ્રાદેશિક પ્રતરમાં પ્રતિસમય અસંખ્ય દેવો સમુદ્ઘાતની અવસ્થામાં ઉપલબ્ધ થાય છે. આમ છતાં આપણને એકાદ દેવના પણ દર્શન ન થતાં હોય તો પહેલા નંબરમાં તો આચાર-પરિણતિની કચાશ સમજવી જોઈએ, બીજા નંબરમાં પુણ્યની કચાશ સમજવી જોઈએ. ત્રીજા નંબરમાં કાળનો દોષ જોવો જોઈએ. તેની બદલે દેવોનો દોષ જોવો એ તો દેવોની આશાતના છે.

સમસ્ત સંયમીગણ પ્રતિદિન બે વાર પ્રતિક્રમણસૂત્રમાં એક પદ બોલે છે - 'देवाणं आसायणाए' દેવોની અશાતના એ પણ એક આલોચનાસ્થાન છે - પાપ છે. આ પદનું રહસ્ય અને તેમાં સમાયેલ ગંભીર આશયનું અવગાહન કરવા માટે પર્યાપ્ત ચિંતનની આવશ્યકતા છે.

વિશિષ્ટ પચ્ચક્ખાણો - વ્રત - નિયમો - અને મહાવ્રતોનો અંગીકાર કરતી વખતે 'देवसक्खियं' - 'દેવોની સાક્ષીએ' એવો ઉચ્ચાર કરવામાં આવે છે. આલોચના કરવા માટે યોગ્ય ગુરુનો યોગ ન મળે તો ક્રમશઃ અન્ય સમુદાયના આચાર્ય વગેરેથી માંડીને દેવતા પાસે પણ આલોચના

કરવાનું કહ્યું છે. (જે દેવે અનેક વાર સમવસરણાદિમાં થતી આલોચના અને પ્રાયશ્ચિતોનું અવધારણ કર્યું હોય તેના સંબંધી આ વાત છે.)

આગમો અને શાસ્ત્રોમાં દેવોની કેટલી પાત્રતા જોઈને આવા વિધાનો કર્યા હશે ! વર્તમાનકાળનો વિચાર કરીએ તો અત્યંત દુઃખી મનુષ્યો - જેમનો આખો દિવસ મજૂરીમાં પૂર્ણ થઈ જાય છે, તેઓ ધર્મ કરી શક્તા નથી. મોટા ભાગનો ધર્મી ગણ મધ્યમવર્ગનો છે. સુખ-સાહેબીની છોળો ઉછળતી હોય એવા વર્ગમાં ધર્મી આત્માઓ તો કો'ક વિરલા જ હોય છે અને લોકો તેમની ભરપેટ અનુમોદના કરતાં હોય છે. હવે જરા વિચારો, અહીંના અબજોપતિઓ પણ જેમની સામે ભિખારી જેવા છે, એવા દેવો જે ધર્મારાધના કરતાં હોય તે કેટલી અનુમોદનીય કહેવાય ! આજે તો શ્રીમંતોના જીવનમાં પણ સુખના ઠેકાણા નથી. જેમ એક મજૂર વ્યસ્ત ને ત્રસ્ત છે, તેવી જ શ્રીમંતોની પણ દશા છે. જ્યારે દેવો તો મહાશ્રીમંત હોવાની સાથે વેપાર-ધંધા-કુટુંબ આદિની ચિંતાઓથી મુક્ત છે. પ્રેમાળ અપ્સરાઓ છે. આજ્ઞાંકિત સેવકવર્ગ છે. હજારો વર્ષોનાં દિવ્ય નાટકો ને સંગીતો છે. અહીંના ગાર્ડનો જેની સામે ઉકરડા લાગે એવા ઉદ્યાનો અને વાવડીઓ છે. જાણે પલકારામાં હજારો વર્ષો નીકળી જાય એવી રીતે સુખસાગરમાં મગ્ન છે અને છતાં પણ સમ્યગ્દૃષ્ટિ દેવો કેટકેટલી આરાધના કરે છે એનો વિચાર કરો, અસંખ્ય શાશ્વતા જિનાલયો સતત દેવ-દેવીઓ દ્વારા કરાતી ભક્તિથી ગુંજી રહ્યા છે, નિત્ય મહાપૂજા ને મહોત્સવો ચાલી રહ્યા છે. જઘન્યથી પણ કરોડ-કરોડ દેવો વીશ વિહરમાન જિનોની સેવામાં ૨૪ કલાક હાજર રહે છે.

જિનેશ્વર ભગવંતોના પાંચે કલ્યાણકોની ઉજવણીમાં દેવો પડાપડી કરે છે. અપૂર્વોલ્લાસથી ભાગ લે છે. (૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ થાય.) મહાવિદેહ ક્ષેત્રમાં તો એક પલ્યોપમમાં જ અસંખ્ય તીર્થંકર થાય છે. જેમનું આયુષ્ય એક સાગરોપમ છે, તેવા દેવો પણ પોતાના આયુષ્ય દરમિયાન કેટલા કલ્યાણકોની ઉજવણી કરતાં હશે ! કેટલી દેશનાઓનું શ્રવણ કરતાં હશે ! કેટલાય કેવળજ્ઞાનીઓની જ્ઞાનોત્પત્તિનો મહોત્સવ કરતાં હશે ! કેટલાય તપસ્વીઓના પારણા પ્રસંગે



પંચદિવ્ય દ્વારા અંતરની અનુમોદનાની અભિવ્યક્તિ કરતા હશે.

- ❑ સોમિલ આર્ય નામના મુનિ ભગવંતે પડિલેહણામાં પ્રમાદ કર્યો તો દેવે જિનશાસન પ્રત્યેની ભક્તિથી તેમને બરાબર પાઠ ભણાવ્યો અને સન્માર્ગે લાવ્યા.
- ❑ ગંગ આચાર્ય નિહ્નવ બની ગયા, તો મણિનાગ નામના નાગકુમાર દેવે પ્રભુ વીર પ્રત્યેના અવિહડ રાગને પ્રદર્શિત કરવા સાથે તેમને પ્રતિબોધિત કર્યા હતાં.
- ❑ ધર્મરુચિ નામના શ્રમણે પારિષ્ઠાપનિકા સમિતિના પાલન માટે પ્રાણની પણ પરવા ન કરી. એ સમયે એક દેવે તેમના પ્રત્યેના ગુણાનુરાગથી ભક્તિપૂર્વક તેમની રક્ષા કરી હતી.
- ❑ મિથ્યાત્વી દેવ કે કલ્કી જેવા રાજા વગેરે દ્વારા સંઘને ઉપદ્રવ થાય, ત્યારે સમ્યગ્દૃષ્ટિ દેવોએ તેમને કડક શિક્ષા કરી છે.
- ❑ સીતા અને સુભદ્રા જેવી મહાસતીઓના વિશુદ્ધ શીલનો મહિમા કર્યો છે.
- ❑ નમિ-વિનમિ જેવા પ્રભુ ભક્તોની તુષ્ટિ-પુષ્ટિ કરવામાં કોઈ કસર રાખી નથી. અરે, ધરણેન્દ્ર અને સૌધર્મેન્દ્ર જેવા દેવોએ તો સાક્ષાત્ તીર્થંકર પરમાત્માના મરણાંત ઉપસર્ગનું નિવારણ કર્યું છે. વધુ તો શું કહેવું.... પ્રભુના શરણાગતને પણ હણવામાં પ્રભુની આશાતના થશે.... આટલા વિચારમાત્રથી ૩૨ લાખ વિમાનો અને અસંખ્ય દેવ દેવીઓનાં અધિપતિ સૌધર્મેન્દ્ર હાંફળા-ફાંફળા થઈને સ્વયં દોડ્યા છે અને ગણતરીની ક્ષણોમાં અસંખ્ય યોજનનું અંતર કાપીને પોતાના વજને પોતે જ નિષ્ફળ કર્યું છે. હા, તેમાં તેમને કોઈ નાનમ ન નડી. બલ્કે આશાતનાપરિહારનો અપાર આનંદ થયો હતો.

એક વ્યંતર દેવનું પણ સુખ એવું હોય છે કે સમય ક્યાં વીતી જાય, અસંખ્ય વર્ષો ક્યાં પસાર થઈ જાય, તેનો ખ્યાલ જ ન રહે, તો

પછી ભવનપતિ દેવનું સુખ કેવું હોય !.... વૈમાનિક દેવનું સુખ કેવું હોય !... અને વૈમાનિક દેવેન્દ્ર શક્રનું સુખ કેવું હોય ! પલ્યોપમોના પલ્યોપમો ક્યાં જતાં રહે, ખબર પણ ન પડે અને એવા સુખની વચ્ચે પણ પ્રભુના સાડાબાર વર્ષના સાધનાકાળમાં શક્રેન્દ્રે વારંવાર ઉપયોગ મુક્યો છે - 'कथं विहरति प्रभुः ?' એ ઉપયોગ મૂકી મૂકીને વારંવાર શક્રેન્દ્ર સ્વયં નીચે ઉતર્યા છે. પ્રભુના ઉપસર્ગોનું નિવારણ કર્યું છે, તો પ્રભુની આશાતનાઓનું પણ નિવારણ કર્યું છે. જ્યારે અસંખ્ય વર્ષો પણ મિનિટોની જેમ વીતી જતાં હોય, ત્યારે માત્ર સાડા બાર વર્ષના ગાળામાં આટ આટલી વાર પ્રભુને યાદ કરવા, દિવ્ય સુખો-વાવડીઓ-અપ્સરાઓ-નાટકો-સંગીતો આ બધું છોડીને પ્રભુના ચરણોમાં આળોટવા માટે દોડી આવવું.... ઓ શક્રેન્દ્ર ! આપની અનુમોદના કરવા માટે અમારી પાસે કોઈ શબ્દો નથી. આ તો પ્રભુએ મનાઈ કરી. બાકી આપ તો સાડાબાર વર્ષ સુધી સતત પ્રભુના પડખા સેવવા-ઉપસર્ગોમાં પ્રભુની રક્ષા કરવા તત્પર હતાં. સંગમે છ મહિના સુધી પ્રભુને ઉપસર્ગો કર્યા. પ્રભુના માહાત્મ્યને જાળવવા માટે આપ વચ્ચે ન પડ્યા. પણ કદાચ એ ઉપસર્ગો પ્રભુ પર નહીં પણ આપના પર જ થયા હતાં. પ્રભુને તો શરીર સાથે કોઈ લેવા-દેવા હતી નહીં. પ્રભુના મનમાં તો ઉપસર્ગની નોંધ પણ લેવાઈ ન હતી. જ્યારે આપની વેદનાની કોઈ સીમા ન હતી. છ-છ મહિના સુધી આપની દિવ્યભૂમિમાં સૂનકાર છવાઈ ગયો હતો. નાટકો-સંગીતો-હાસ્ય વગેરે પર પ્રતિબંધ મુકાઈ ગયો હતો. કદાચ આપના સંપૂર્ણ આયુષ્યમાં આવો ગમગીન કાળ બીજો કોઈ ન હતો. સૌધર્મેન્દ્ર ! આપના સમ્યગ્દર્શનની વિશુદ્ધિને માપવા પણ કદાચ અમે સમર્થ નથી. ઓ એકાવતારી દેવેન્દ્ર ! આપના એ જિનાનુરાગને અમારા કોટિ કોટિ વંદન છે.

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દશમા પર્વમાં પ્રભુના નિર્વાણ સમયના ઈન્દ્રો અને દેવ-દેવીઓના શોકનું જે વર્ણન કર્યું છે, તેમની કરુણ સ્થિતિનો જે ચિતાર રજુ કર્યો છે, તે ખરેખર આંસુ પડાવી દે તેવો છે. (જુઓ - સર્ગ-૧૩, શ્લોક ૨૪૯-૨૬૩)



આ બધી તો પ્રાસંગિક વાતો છે. શ્રી ભગવતી સૂત્રમાં સૌધર્મેન્દ્ર - સનત્કુમારેન્દ્ર જેવા સમ્યગ્દૃષ્ટિદેવોની મનઃસ્થિતિને પ્રગટ કરતો એક અધિકાર છે. પ્રભુ વીરને પ્રશ્ન કરવામાં આવ્યો કે એ ઈન્દ્રો ભવ્ય છે કે અભવ્ય ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ? પરિત્ત સંસારી છે કે અનંતસંસારી છે ? સુલભબોધિ છે કે દુર્લભબોધિ ? આરાધક છે કે વિરાધક ? એકાવતારી છે કે અનેકાવતારી ? અને પ્રભુ વીરે પ્રત્યુત્તર આપ્યો છે કે - ગૌતમ ! તેઓ ભવ્ય છે, સમ્યગ્દૃષ્ટિ છે યાવત્ એકાવતારી છે. અર્થાત્ હવે તેમને એક જ ભવ કરવાનો બાકી છે. ગૌતમસ્વામી પ્રભુને ફરી પ્રશ્ન કરે છે, કે હે પ્રભુ ! આવું કેમ કહો છો ? અને પ્રભુ વીરે કહ્યું છે - 'ગૌતમ ! તેઓ ઘણા શ્રમણો-શ્રમણીઓ-શ્રાવકો-શ્રાવિકાઓના હિતકામી છે. તેઓના સુખપ્રાર્થી છે. તેમના દુઃખોને દૂર કરવાની ઈચ્છા કરે છે. તેમના પ્રત્યે અત્યંત વાત્સલ્યભાવ ધરાવે છે.'

પ્રસ્તુત પ્રશ્નોત્તર પર અતિ ગંભીર ચિંતન કરવાની જરૂર છે. દેવેન્દ્ર પરિત્તસંસારી-સુલભબોધિ-આરાધક અને એકાવતારી છે, તેમાં પૂર્વભવની સાધના તો કારણ હશે જ. પણ પ્રભુ તેને ગૌણ કરીને તેમની વર્તમાન ચિત્તવૃત્તિને પ્રાધાન્ય આપીને તેમના પરિત્તસંસારીપણા વગેરે વિશિષ્ટતાઓ માટે વર્તમાન ચિત્તવૃત્તિને કારણ તરીકે રજુ કરે છે. 'ચતુર્વિધસંઘનું કલ્યાણ થાઓ' આ ભાવના તેમના મનમાં કેટલી ઉત્કટ કક્ષાએ પહોંચી હશે... એ પરિણતિની કેવી પ્રકૃષ્ટ દશા આત્મસાત્ થઈ હશે કે પ્રભુ પૂર્વભવની ઉગ્ર ચારિત્ર સાધનાને કારણ તરીકે બતાવવાને બદલે તેમના હૃદયની આ ભાવનાને કારણ તરીકે રજુ કરે છે. જે ભાવનાને પ્રભુ એકાવતારીપણાના પ્રયોજક તરીકે સ્વીકારતા હોય એ ભાવના-એ પરિણતિ - એ ચિત્તવૃત્તિ કેવી વિશુદ્ધ કક્ષાની હશે !

પૂજ્ય ગુરુદેવશ્રી પાસે સંયમી ભગવંતો વાચના લઈ રહ્યા હતાં. એક મહાત્માએ પ્રાસંગિક પ્રશ્ન કર્યો, 'ગુરુદેવ ! આપણે તો છટ્ઠે ગુણસ્થાનકે, દેવો તો ચોથે ગુણસ્થાનકે હોય ને ?' પૂજ્ય ગુરુદેવશ્રીએ સહજપણે પ્રત્યુત્તર વાળ્યો, 'એવું કાંઈ નહીં, આપણે તો વ્યવહારથી

છટ્ઠે છીએ, નિશ્ચયથી તો ભગવાન જાણે. સમ્યગ્દષ્ટિ દેવો તો નિશ્ચયથી ચોથે ગુણસ્થાનકે છે.'

કેવી વિચારણીય વાત ! શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિની મનોદશાનું જે ચિત્ર રજુ કર્યું છે, અરે, અપુનર્બંધક અને માર્ગાનુસારીના ગુણોનું પણ જે વર્ણન કર્યું છે, તે જોઈને પણ મને તો એમ લાગે છે કે નૈશ્ચયિક પ્રથમ ગુણસ્થાનક પણ મારામાં ઘટતું નથી. ખરેખર, આ વિચાર કરીએ તો સમ્યગ્દષ્ટિ દેવોની હૃદયથી અનુમોદના થયા વિના ન રહે.


આમ છતાં કેટલાક જીવો મોહને વશ થઈને દેવોનો અવર્ણવાદ કરે છે. તેમને અધર્મી કહે છે. એવા જીવોથી છેતરાતા જગત પર અનુગ્રહ કરવા માટે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે 'દેવધર્મપરીક્ષા' નામનો પ્રસ્તુત ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં પૂજ્યશ્રીએ શાસ્ત્ર અને યુક્તિઓ વડે કુતર્કોનું નિરાકરણ કરીને દેવોમાં પણ ધર્મ છે એવું સિદ્ધ કર્યું છે. ગ્રંથ નાનો છે. પણ પૂજ્યશ્રીની અપ્રતિમ પ્રતિભાના ચમકારા, આગમવચનોના સમ્યક્ અર્થઘટન કરવાની અદ્ભુત કુશળતા વગેરે વ્યક્ત થયા વિના રહેતા નથી. પ્રત્યેક મુદ્દાની શાસ્ત્રદષ્ટિએ - સાક્ષીપાઠ સહિત છણાવટ મંત્રમુગ્ધ કરી દે છે !

શાસ્ત્રો અત્યંત આત્મસાત્ થયા હોય, ત્યારે જ આવું નિરૂપણ શક્ય બને.

આ ગ્રંથનું પઠન-પાઠન પ્રગતિશીલ બને એ માટે પ્રસ્તુત ગુર્જરટીકા-દેવધર્મોપનિષદ્ની રચના કરી છે. મહોપાધ્યાયજીના ગંભીર તાત્પર્યનું અવગાહન કરવાનું કદાચ આ એક સાહસ છે. આમ છતાં 'शुभे यथाशक्ति यतितव्यम्' એ ન્યાયે એ દિશામાં યત્કિંચિત્ પ્રયાસ કર્યો છે. આ સર્જનનું સંશોધન કરવા માટે ક્ષતિનિર્દેશ કરવા માટે, બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના છે.


મૂળ ગ્રંથના સંશોધન માટે ચાર પ્રતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.






(क - શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર)
(શ્રી ભક્તિવિજયસત્કપ્રતિ - નં. ૪૨૫)

ख - મુદ્રિતપ્રત - જેમાં સ્યાદ્વાદભાષા, દેવધર્મપરીક્ષા, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિક મત પરીક્ષા, યતિલક્ષણ સમુચ્ચય આટલાં ગ્રંથો એક સાથે પ્રકાશિત કરવામાં આવ્યાં છે. જેનું પ્રકાશન સંસ્થાએ કર્યું છે.



(ग - શ્રી કૈલાસ સાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર (કોબા), હસ્તપ્રત નં. ૮૦૩૫, પત્ર સંખ્યા-૧૧.)



(घ - श्री कैलास सागरसूरि जैन ज्ञानमंदिर (कोबा),
हस्तप्रत नं. १२०११, पत्र संख्या-१७.)

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સંભવનાથદાદાના પાવન સાન્નિધ્યમાં અનંતોપકારી ગુરુદેવશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની અસીમ કૃપાથી પ્રસ્તુત સર્જન સંપન્ન થયું છે. ઉપરોક્ત પ્રતોની સંરક્ષક-પ્રકાશક સંસ્થાઓ તથા સંચાલકોના અમે આભારી છીએ. જેમના સૌજન્યથી હસ્તાદર્શની પ્રાપ્તિ થઈ એવા પ.પૂ.રાષ્ટ્રસંત આ.દે.શ્રીમદ્વિજય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. તથા મુનિરાજશ્રી કૃપાબિંદુવિજયજી મ.સા.ને પણ ધન્યવાદ ઘટે છે. શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ - શ્રી વિમલભાઈએ ટાઈપસેટિંગ આદિ કાર્ય કુશળતા પૂર્વક પાર પાડેલ છે.

પ્રસ્તુત પ્રબંધ સ્વ-પર કલ્યાણમાં નિમિત્ત બને એ જ અભ્યર્થના સહ જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. સંશોધનાર્થે બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

- પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો ચરણકિંકર
વિજય **કલ્યાણબોધિસૂરિ**



**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણુ**

# ज्ञानामृतं भोजनम्...

**પરિવેષક**
**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આ. હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય**
**આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.**

૧. સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્ - સાનુવાદ.
૨. ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્ - સાનુવાદ, સવાર્તિક.
૩. સમતાસાગર મહાકાવ્યમ્ - સાનુવાદ.
૪. પરમપ્રતિષ્ઠા કાવ્યમ્ - સાનુવાદ, કલાત્મક આલ્બમ સાથે.
૫. જીરાવલીયમ્ કાવ્યમ્ - સાનુવાદ.
૬. પ્રેમમંદિરમ્ - કલ્યાણમંદિરપાદપૂર્તિ સ્તોત્ર - સાનુવાદ, સવાર્તિક.
૭. છંદોલંકારનિરૂપણમ્ - કવિ બનવાનો શોર્ટકટ - પોકેટ ડાયરી.
૮. તત્ત્વોપનિષદ્
૯. વાદોપનિષદ્
૧૦. વેદોપનિષદ્
૧૧. શિક્ષોપનિષદ્
} — શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી અને અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત ટીકા - સાનુવાદ.
૧૨. સ્તવોપનિષદ્ - શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞશ્રીહેમચન્દ્રાચાર્યકૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય - સાનુવાદ.
૧૩. સત્ત્વોપનિષદ્ - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)
૧૪. દેવધર્મોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા
૧૫. પરમોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજી આદિ કૃત પાંચ 'પરમ' કૃતિઓ પર ગુર્જરવૃત્તિ
૧૬. આર્ષોપનિષદ્-૧
૧૭. આર્ષોપનિષદ્-૨
} શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા.

૧૮. વૈરાગ્યોપનિષદ્ - શ્રીહરિહરોપાધ્યાયકૃત ભર્તૃહરિનિર્વેદ નાટક-ભાવાનુવાદ.

૧૯. સૂક્તોપનિષદ્ - પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ

૨૦. કર્મોપનિષદ્ - સિદ્ધાન્તમહોદધિ શ્રીપ્રેમસૂરીશ્વરજીકૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ.

૨૧. વિશેષોપનિષદ્ - શ્રી સમયસુંદરોપાધ્યાયજીકૃત વિશેષશતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૨૨. હિંસોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા.

૨૩. અહિંસોપનિષદ્ - અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રીહરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.

૨૪. ધર્મોપનિષદ્ - વેદ થી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય.

૨૫. શમોપનિષદ્ - નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ.

૨૬. લોકોપનિષદ્ - શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧).

૨૭. આત્મોપનિષદ્ - શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧).

૨૮. સામ્યોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત સમાધિ-સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ.

૨૯. સદ્બોધોપનિષદ્ - સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત વાર્ત્તિક - સાનુવાદ

૩૦. સ્તોત્રોપનિષદ્ - શ્રીવજ્રસ્વામિકૃત શ્રીગૌતમસ્વામિસ્તોત્ર - સચિત્ર સાનુવાદ.



૩૧. દર્શનોપનિષદ્-૧
૩૨. દર્શનોપનિષદ્-૨ } શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ.

૩૩. રામાયણના તેજ કિરણો - રામાયણી માટે પર્યાપ્ત આલંબન

૩૪. અસ્પર્શોપનિષદ્ - મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ

૩૫. હિતોપનિષદ્ - અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષાપંચાશિકા પર ગુર્જર વાર્ત્તિક + સાનુવાદ સાવચૂરિ યતિવિચાર

૩૬. જ્ઞાનોપનિષદ્ - અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ.

૩૭. સંબોધોપનિષદ્ - સટીક શ્રીરત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ

૩૮. ઈષ્ટોપનિષદ્ - શ્રીપૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ

૩૯. વિમોહોપનિષદ્ - શ્રીયશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદવ્યાખ્યા અને અનુવાદ

૪૦. શ્રામણ્યોપનિષદ્ - દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક)

૪૧. સફળતાનું સરનામું - સફળ જીવન જીવવા માટે સફળ કિમિયાઓ

૪૨. સૂત્રોપનિષદ્ - શ્રીસૂત્રકૃતાંગસૂત્ર-દ્વિતીયશ્રુતસ્કંધ પર સંસ્કૃત સંગ્રહણી. (શ્રીસૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ના પુનઃ સંપાદન સાથે.)

૪૩. પ્રવ્રજ્યોપનિષદ્ - અજ્ઞાતપૂર્વાચાર્યકૃત પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ પર ગુર્જર વૃત્તિ

૪૪. પ્રસન્નતાની પરબ - વક્તા-શ્રોતા બંનેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. દેશનોપનિષદ્ - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીની વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૬. જીરાવલા જુહારીએ - ગીત ગુંજન.

૪૭. ઉપદેશોપનિષદ્ - ઉપદેશરત્નકોષ ગ્રંથ પર વિશદ વૃત્તિ.

૪૮. પ્રાર્થનોપનિષદ્ - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

## In Process.....

❉ અંગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ અંગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❉ વર્ગોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત આગમ વર્ગચૂલિકાસૂત્ર પર નૂતન સંસ્કૃતવૃત્તિ

❉ બોટિકોપનિષદ્ - અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ-બોટિક પ્રતિષેધ, બોટિક નિરાકરણ, દિગંબરમત ખંડન, બોટિકોચ્ચાટનના સમન્વય સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબરમતની ગંભીર સમીક્ષા

❉ આગમોપનિષદ્ - આગમપ્રતિપક્ષનિરાકરણ (વિસંવાદ પ્રકરણ) પર વિશદ વિવરણ

❉ દુઃષમોપનિષદ્ - દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ.

❉ આચારોપનિષદ્ - શ્રીદેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ પર વિશદ વૃત્તિ



### શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**
**(૨) મૂળીબેન અંબાલાલ શાહ**
**હ. રમાબેન પુંડરીકભાઈ શાહ પરિવાર - ખંભાત (મુંબઈ)**

### શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

**(૧) નયનબાળા બાબુભાઈ જરીવાલા**
**હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા પરિવાર (મુંબઈ)**

### ❁ શ્રુતસમુદ્ધારક ❁

૧. ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.)
૨. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ
૩. શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ.સા.)
૪. શ્રી શ્રીપાલનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ
(પ્રેરક : પ.પૂ.ગ.આ.રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ.મ.સા.)
૫. શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ.પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્ય)
૬. નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)
૭. કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ
(પ્રેરક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ)
૮. શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ
૯. શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.ની પ્રેરણાથી)
૧૦. શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ
(પ્રેરક : આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૧૧. શ્રી દેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિ વિ.મ.સા.)

૧૨. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત (પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.તથા પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩. બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬. (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પૂ.મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.)

૧૪. શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.)

૧૫. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ
(પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ મ.)

૧૬. શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૧૭. શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ
(પ્રેરક : પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.)

૧૮. શ્રી કલ્યાણજી સોભાગચંદજી જૈન પેઢી, પીંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના સંયમની અનુમોદનાર્થે)

૧૯. શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
(પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૨૦. શ્રી આંબાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ
(પ્રેરક : પૂ.મુનિ શ્રીકલ્યાણબોધિ વિ.મ.)

૨૧. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ
(પ્રેરક : પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.)

૨૨. શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ
(પ્રેરક : પૂ.ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજીમ.)

૨૩. મહાવીર જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ, પાલડી, શેઠ કેશવલાલ મૂલચંદ જૈન ઉપાશ્રય, અમદાવાદ. (પ્રેરક : પ.પૂ. આચાર્ય શ્રીરાજેન્દ્રસૂરિ મહારાજ સા.)

૨૪. શ્રી માટુંગા જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ

૨૫. શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા (રાજસ્થાન) (પ્રેરક : પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)



૨૬. શ્રી વિશા ઓસવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત
(પ્રેરક : વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા.)

૨૭. શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮. શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ (પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સંવત ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)

૨૯. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ
(પ્રેરક : મુનિશ્રી નેત્રાનંદ વિજયજી મ. સા.)

૩૦. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ.
(પ્રેરક : મુનિશ્રી સંયમબોધિ વિ.મ.)

૩૧. શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ (પ.પૂ. આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.સા.ના પ્રેરણાથી)

૩૨. શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા

૩૩. શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના
(પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મ.સા.)

૩૪. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના.
(પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિ વિજયજી મ.સા.)

૩૫. શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત (પ્રેરક : પૂ.પં. અક્ષયબોધિ વિજયજી મ.સા.)

૩૬. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી અપરાજિત વિજયજી મ.સા.)

૩૭. શ્રી જવાહર નગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ, મુંબઈ
(પ્રેરક : પૂ. આ. શ્રીરાજેન્દ્રસૂરિ મ.સા.)

૩૮. શ્રી કન્યાશાલા જૈન ઉપાશ્રય, ખંભાત (પ્રેરક : પૂ.પ્ર.શ્રી રંજનશ્રીજી મ. સા. અને પૂ. પ્ર.શ્રી ઈંદ્રશ્રીજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ.પૂ.સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.સા.)

૩૯. શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ (પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર શ્રીજયસુંદરવિજયજી ગણિવર્ય)

૪૦. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, ૯૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પ્રેરક : પૂ.પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્ય)

૪૧. શ્રી આદિનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી (પ્રેરક : પ.પૂ.આ.

શ્રીગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રીપુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રીયશોરત્નવિજયજી ગણિવર્ય)

૪૨. શ્રી કોઈમ્બતૂર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતૂર

૪૩. શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ (પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. ની ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ-દિક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૪. શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા.)

૪૫. શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ

૪૬. શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ. પૂ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ (પ્રેરક : ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.મ.)

૪૭. શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ જૈન- નગર, અમદાવાદ (પૂ.મુનિશ્રી સત્યસુંદર વિ.મ.ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)

૪૮. રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઈ (પ્રેરક : પૂ. મુનિશ્રી રત્નબોધિ વિજયજી મ.સા.)

૪૯. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ

૫૦. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી સત્વભૂષણ વિજયજી)

૫૧. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરકઃગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિ.)

૫૨. શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઈ

૫૩. શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ,મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલવિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૪. શ્રી પ્રીન્સેસ સ્ટ્રીટ, લુહાર ચાલ જૈન સંઘ (પ્રેરક : ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિ.)

૫૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલ વિજયજી તથા પં. શ્રી અક્ષયબોધિ વિજયજી ગણિવર)

૫૬. સાધ્વીજી શ્રી સુર્યયશાશ્રીજી તથા સુશીલયશાશ્રીજીના પાર્લા(પૂર્વ) કૃષ્ણકુંજમાં થયેલ ચાતુર્માસની આવકમાંથી

૫૭. શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક : પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવજિયજી મ.)

૫૮. શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમા રોડ, વડોદરા (પ્રેરક : પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર્ય)



૫૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, કોલ્હાપુર (પ્રેરક : પૂ. મુનિરાજ શ્રી પ્રેમસુંદર વિજયજી)

૬૦. શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક : પ.પૂ. પંન્યાસપ્રવર પુણ્યરત્નવિજયજી મહારાજા)

૬૧. શ્રી દિપક જ્યોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક : પૂ.પં. શ્રી ભુવનસુંદર વિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદર વિજયજી ગણિવર્ય)

૬૨. શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે, પં. વિશ્વકલ્યાણ વિજયજી)

૬૩. ઓમકાર સૂરીશ્વરજી આરાધના ભુવન, સુરત (પ્રેરક : આ. ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય મુનિશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪. શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૬૫. શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)

૬૬. શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ (પ્રેરક : પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ (પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિવિ.મ.સા.)

૬૮. શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટીઝ, વિલેપાર્લે(પૂર્વ), મુંબઈ (પ્રેરક પ.પૂ.આ.શ્રીહેમચંદ્રસૂરિમ.સા.)

૬૯. શ્રી નેન્સી કોલોની જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, બોરીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ.પં.શ્રી કલ્યાણબોધિ વિ. મ.સા.)

૭૦. માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર (પ્રેરક : પ.પૂ.પં. શ્રીકલ્યાણબોધિ વિ.ના શિષ્ય મુનિ શ્રીભક્તિવર્ધન વિ. મ.તથા સા. જયશીલાશ્રીજીના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ)

૭૧. શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : પ.પૂ.પં.શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૨. શ્રી ધર્મવર્ધક શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી (પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રીકલ્યાણોધિ વિજયજી ગણિવર્ય)

૭૩. શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી)
(પ્રેરક : પ.પૂ. મુનિરાજશ્રી જિનેશરત્ન વિજયજી મ.સા.)
૭૪. શ્રી કેશરીયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજસ્થાન
(પ્રેરક : પ.પૂ. મુ.શ્રી મેરુચંદ્ર વિ.મ. તથા પં. શ્રી હિરણ્યબોધિવિ.ગ.)
૭૫. શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પ.પૂ.મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ.સા.)
૭૬. શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા
૭૭. શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (પૂર્વ), મુંબઈની આરાધક બહનોં દ્વારા જ્ઞાનનિધિમાંથી
૭૮. શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ
(પ્રેરક : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૭૯. શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરિટેબલ ટ્રસ્ટ, ચંદનબાલા, વાલકેશ્વર, મુંબઈ
૮૦. શાહ જેસીંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે
(હ : પ્રકાશચંદ્ર જે. શાહ, આફ્રિકાવાળા)
(પ્રેરક : પંન્યાસપ્રવર શ્રીકલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૮૧. શ્રી નવા ડીસા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, બનાસકાંઠા
૮૨. શ્રી પાલનપુર જૈન મિત્રમંડળ સંઘ, બનાસકાંઠા
(પ્રેરક : પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૮૩. શ્રી ઊંઝા જૈન મહાજન (પ્રેરક : પૂ.પંન્યાસપ્રવર અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ.મુનિરાજ શ્રી હેમદર્શનવિજય મ.)
૮૪. શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ
(પ્રેરક : પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીના શિષ્યા પૂ.સા.શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)
૮૫. શ્રી બાપુનગર શ્વે.મૂ. જૈન સંઘ, અમદાવાદ.
૮૬. શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ
૮૭. શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ (પ્રેરક : સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા. શ્રી રત્નત્રયાશ્રીજી મ.)
૮૮. શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ
(પ્રરેક : આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)
૮૯. શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને શ્રી શ્રેયસ્કર મંડળ, મહેસાણા.
૯૦. શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વીરમગામ



(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૧. શ્રી મહાવીર શ્વે.-મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ.
૯૨. શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક : આ.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩. શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૪. શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી ફૂલચન્દ્ર કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન)
(પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬. પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ)
(પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ.)
૯૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૮. શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી ઘાટકોપર (વે),
(પ્રેરક : પ.પૂ.આ. શ્રીહેમચંદ્રસૂરિ મ.સા.)
૯૯. શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી. (પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી)

।। अथ देवधर्मपरीक्षाप्रारम्भः ।।

ऐन्द्रवृन्दनतं नत्वा वीरं तत्त्वार्थदर्शिनम् । निराकरोमि देवानामधर्मवचनभ्रमम् ।।१।। इह केचिन्मूढमतयो देवा अधर्मिण इति निष्ठुरं भाषन्ते तत्तुच्छम् । देवानामसंयतत्वव्यपदेशस्यापि सिद्धान्ते निषिद्धत्वात् । तथा चोक्तं भगवत्यां पञ्चमशते चतुर्थोद्देशके- देवा णं भंते संजयत्ति वत्तव्वं सिया ? गोयमा ! नो इणट्ठे समट्ठे अब्भक्खाणमेयं देवाणं । देवाणं भंते असंजयत्ति वत्तव्वं सिया ? नो इणट्ठे समट्ठे निट्ठुरवयणमेयं देवाणं । देवाणं भंते

**દેવધર્મોપનિષદ્**

ઐન્દ્ર-ઈન્દ્રોના સંબંધી વૃંદ વડે નમસ્કૃત, તત્ત્વાર્થના દ્રષ્ટા એવા શ્રીવીરને નમસ્કાર કરીને જેઓ દેવોને અધર્મી કહે છે તેમના ભ્રમનું હું નિરાકરણ કરું છું.

અથવા તો દેવો અધર્મી છે આવા મિથ્યાવચનથી થયેલા ભ્રમનું હું નિરાકરણ કરું છું. ॥૧॥

અહીં કેટલાક મૂઢ મતિવાળા જીવો નિષ્ઠુરપણે એમ બોલે છે કે 'દેવો અધર્મી છે.' તેમની આ વાત નિઃસાર છે - અપ્રામાણિક - અસત્ય છે. કારણ કે આગમમાં તો દેવો અસંયમી છે એવું બોલવાનો પણ નિષેધ કરાયો છે. તે પ્રમાણે શ્રીભગવતી સૂત્રના પાંચમા શતકના ચતુર્થ ઉદ્દેશકમાં કહ્યું છે - હે ભગવંત ! દેવો સંયમી છે, એમ કહેવાય ? ગૌતમ ! આ અર્થ બરાબર નથી. આ તો દેવોનું અભ્યાખ્યાન છે - દેવોમાં જે નથી, તેનું અધ્યારોપણ છે. માટે એમ કહેવું ઉચિત નથી.

તો પછી હે ભગવંત ! દેવો અસંયમી છે, એવું કહેવાય ? ગૌતમ ! એ વાત પણ બરાબર નથી, કારણ કે આ તો દેવો વિષે નિષ્ઠુર વચન કહેવાય.



संजयाऽसंजयत्ति वत्तव्वं सिया ? गोयमा ! नो इणट्ठे समट्ठे असब्भूअमेयं देवाणं ! से किं खाइ णं भंते देवत्ति वत्तव्वं सिया ? गोयमा ! देवा णं नोसंजयत्ति वत्तव्वं सिया । अत्र यदि देवानामसंयतत्वव्यपदेशोऽपि निषिद्धस्तदा कथमधर्मित्वव्यपदेशः सचेतसा कर्तव्य इति पर्यालोचनीयम्।।१।। ननु तर्हि नोसंयता इतिवन्नोधर्मिण इति वक्तव्यम् । न । देवानां संयमसामान्याभावेऽपि निष्ठुरभाषापरिहारार्थं नोसंयतत्वव्यपदेशविधावपि धर्मसामान्याभावाभावेन

**દેવધર્મોપનિષદ્**

હે ભગવંત ! તો પછી દેવો સંયતાસંયત - દેશવિરત છે એવું કહેવાય ? ગૌતમ ! આ વાત પણ ઉચિત નથી. કારણ કે દેવો વાસ્તવમાં દેશવિરત ન હોવાથી આ અસદ્ભૂતવચન છે. તો હે ભગવંત ! દેવોને શું કહેવા જોઈએ ? ('ખાઈ' - શબ્દ પુનઃ અર્થમાં છે.) ગૌતમ ! દેવોને નોસંયત કહેવા જોઈએ.

અહીં નોસંયત એવા વ્યપદેશમાં ઉપરોક્ત કોઈ દોષો લાગતા નથી. તેમ જ દેવો પ્રત્યેનો સદ્ભાવ તેમ જ ઔચિત્ય જળવાય છે. માટે પ્રભુએ એવા વ્યપદેશનું વિધાન કર્યું છે. અહીં જો 'દેવો અસંયમી છે' એવા વ્યપદેશનો પણ નિષેધ કર્યો છે, તો પછી 'દેવો અધર્મી છે' આવો વ્યપદેશ તો કયો ડાહ્યો માણસ કરે એ વિચારવું જોઈએ.

**પૂર્વપક્ષ** - ઠીક છે, તો પછી જેમ 'નોસંયત' એવો વ્યપદેશ કરો છો ને ? એમ નોધર્મી એવો વ્યપદેશ કરશું. પછી તો વાંધો નથી ને ?

**ઉત્તરપક્ષ** - એવો વ્યપદેશ પણ ન થઈ શકે. પહેલા તમે વસ્તુસ્થિતિ સમજો. દેવોમાં સંયમ સામાન્ય રહેલુ નથી. અર્થાત્ સંયમનો કોઈ પણ ભેદ-પ્રકાર દેવોમાં નથી. આમ છતાં દેવોને અસંયમી કહેવામાં નિષ્ઠુરભાષારૂપ દોષ આવે છે. શાસ્ત્રમાં તો કાણાને કાણો કહેવાની પણ ના પાડી છે. તેમને કહેવાનો અવસર આવે ત્યારે

तत्प्रयुक्तनोधर्मित्वव्यपदेशासिद्धेः । धर्मसामान्याभावस्तेषु कथं नास्तीति चेत् "दुविहे धम्मे पन्नत्ते सुअधम्मे य चरित्तधम्मे य" इति स्थानाङ्गविवेचितश्रुतधर्मस्य तेषामभावासिद्धेः।।२।। स्यात्केषाञ्चिदा-शङ्का-सूत्रापठनाच्छ्रुतधर्मोऽपि तेषां न भविष्यतीति। अयुक्ता



પણ કાણાને 'પ્રજ્ઞાચક્ષુ' એવું સંબોધન કરવું જોઈએ. તે રીતે પ્રસ્તુતમાં નિષ્ઠુરભાષારૂપી દોષનો પરિહાર કરવા માટે દેવોને 'નોસંયત' એવો વ્યપદેશ કરવાનું વિધાન કર્યું છે.

હવે તમે તેનો દાખલો લઈને દેવોને 'નોધર્મી' કહેવા માંગો છો એ ત્યારે ઉચિત ઠરી શકે કે જ્યારે દેવોમાં ધર્મસામાન્યનો અભાવ હોય. દેવોમાં કોઈ જાતનો ધર્મ ન હોય. પણ એવું તો નથી. માટે તમે ધર્મસામાન્યના અભાવથી જ થઈ શકે એવો નોધર્મીપણાનો વ્યપદેશ ન કરી શકો.

**પૂર્વપક્ષ** - અરે, તમે તો તમારી ફિલોસોફી જ હાંકે જાઓ છો, પણ પહેલાં એ તો કહો કે દેવોમાં ધર્મસામાન્યનો અભાવ કેવી રીતે નથી ?

**ઉત્તરપક્ષ** - જુઓ સ્થાનાંગ નામના આગમ સૂત્રમાં બે પ્રકારના ધર્મનું વિવેચન કર્યું છે. (૧) શ્રુતધર્મ (૨) ચારિત્રધર્મ. આમાંથી દેવોમાં ચારિત્રધર્મ નથી, એ વાત સાચી, પણ શ્રુતધર્મ તો તેમની પાસે છે જ. માટે શ્રુતધર્મનો અભાવ તેમનામાં સિદ્ધ થયો નથી. માટે એક પ્રકારનો ધર્મ તેમનામાં છે. તેથી ધર્મસામાન્યનો અભાવ તેમનામાં નથી.

**પૂર્વપક્ષ** - તમારી વાતો તો અવિચારિત મનોહર છે. ભલા માણસ, શ્રુતધર્મ મેળવવા આગમસૂત્રો ભણવા પડે. તેના માટે જોગ કરવા પડે, અને તેના માટે દીક્ષા લેવી પડે. બોલો, હવે તમારી વાતની સિદ્ધિ કરવા તમે દેવોને દીક્ષા પણ આપી દેશો ને ? એના કરતાં શાનમાં સમજી જાઓ. દેવો સૂત્ર ભણતાં નથી, તેથી તેમને



सा, "सुयधम्मे दुविहे पन्नत्ते तं सुत्तसुयधम्मे चेव अत्थसुअधम्मे चेव" इति विभागपर्यालोचनया सम्यग्दृष्टिमात्रे श्रुतधर्मसद्भावस्या-वश्यकत्वात्।।३।। अथ नेरइयाणं पुच्छा "गोयमा नेरइया नो धम्मे ठिया अधम्मे ठिया नो धम्माधम्मेवि ठिया एवं जाव चउरिंदिया पंचिंदियतिरिक्खजोणिया नो धम्मे ठिया अधम्मे ठिया धम्माधम्मेवि ठिया मणुस्सा जहा जीवा वाणमंतरजोइसियवेमाणिया

દેવધર્મોપનિષદ્

શ્રુતધર્મ પણ ન હોઈ શકે.

**ઉત્તરપક્ષ** - આવી આશંકા પણ અનુચિત છે. કારણ કે આગળ વધીને આગમમાં શ્રતુધર્મના પણ બે વિભાગ કર્યા છે. (૧) સૂત્રશ્રુતધર્મ (૨) અર્થશ્રુતધર્મ. આ વિભાગોનું પર્યાલોચન કરતા જણાય છે કે સમ્યગ્દષ્ટિમાત્રમાં શ્રુતધર્મનો સદ્ભાવ-વિધમાનતા હોવી જ જોઈએ.

**પૂર્વપક્ષ** - સરસ, તમે પર્યાલોચન કરો જ છો તો અમે તમને એક બીજો પણ શાસ્ત્રપાઠ આપીએ, તેનું પણ પર્યાલોચન કરો. જુઓ, શ્રીભગવતીસૂત્રના ૧૭મા શતકના દ્વિતીય ઉદ્દેશકમાં કહ્યું છે કે હવે નારકોની પૃચ્છા કરે છે. હે ભગવંત ! નરકના જીવો ધર્મમાં સ્થિત છે, અધર્મમાં સ્થિત છે કે પછી ધર્માધર્મમાં સ્થિત છે ? ગૌતમ ! નરકના જીવો ધર્મમાં સ્થિત નથી. અધર્મમાં સ્થિત છે. ધર્માધર્મમાં સ્થિત નથી. આમ ચઉરિન્દ્રિય જીવો સુધી સમજવું.

હવે પંચેન્દ્રિય તિર્યંચોની પૃચ્છા કરે છે. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો ધર્મમાં સ્થિત નથી, અધર્મમાં સ્થિત છે. ધર્માધર્મમાં પણ સ્થિત છે.

હવે મનુષ્યોની પૃચ્છા કરે છે. તેનો પ્રભુ ઉત્તર આપે છે કે જીવસામાન્યની પૃચ્છાના ઉત્તરની જેમ અહીં પણ સમજવું. અર્થાત્ મનુષ્યો યથાસંભવ ધર્મ, અધર્મ અને ધર્માધર્મ ત્રણેમાં સ્થિત હોય છે.

जहानेरइया" इति भगवतीसप्तदशशतकद्वितीयोद्देशकवचनस्य का गतिरिति चेद्देवाशातनया बद्धदुर्गतिकर्मणां भवतां न काचिदस्ति गतिः, अस्माकं तु सम्यगुपासितगुरुकुलानामस्ति समीचीनैव गतिः। तथाहि-उपक्रमे चात्र धर्मशब्दः संयमपर्यायो धर्माधर्मशब्दश्च देशविरतिपर्यायः "स्था"धात्वर्थश्चानभ्युपगम उक्तोऽधर्मस्थितत्वं च तदन्यतरप्रतिज्ञाभावादविरतिप्रतिपत्तिमात्रमुक्तम्। यथाश्रुतश्च स्थाधात्वर्थः

**દેવધર્મોપનિષદ્**

હવે વાણમંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોની પૃચ્છા કરે છે, અને તેનો પ્રભુ ઉત્તર આપે છે કે નરકના જીવોની જેમ અહીં પણ સમજવું. અર્થાત્ દેવો ધર્મમાં કે ધર્માધર્મમાં સ્થિત નથી, પણ અધર્મમાં સ્થિત છે.

બસ ? થઈ ગયું પર્યાલોચન ? હવે બોલો, આ આગમવચનની કઈ ગતિ થશે ? આ સૂત્રને તમે કઈ રીતે ઘટાવશો કે જેથી એ તમારી માન્યતામાં બાધક ન બને.

**ઉત્તરપક્ષ** - દેવોને અધર્મી કહેવા દ્વારા તેમની આશાતના કરીને દુર્ગતિજનક કર્મોને બાંધનારા એવા તમારી તો કોઈ ગતિ નથી - તમને દુર્ગતિના દુઃખોથી કોઈ બચાવનાર - શરણ નહીં મળે.

અમે તો સમ્યક્પણે ગુરુકુલની ઉપાસના કરી છે, તેથી અમારે તો યથાર્થ ગતિ છે જ. તે આ પ્રમાણે – પ્રસ્તુત સૂત્રના ઉપક્રમમાં જ જણાવ્યું છે કે અહીં ધર્મશબ્દ સંયમનો પર્યાય છે. અર્થાત્ અહીં ધર્મ = સંયમ સમજવું. ધર્માધર્મ શબ્દ દેશવિરતિનો પર્યાય છે અને "સ્થા" ધાતુનો અર્થ (નञ् સાથે) અનભ્યુપગમ કહ્યો છે. એટલે કે ધર્મમાં સ્થિત નથી એટલે ધર્મનો સ્વીકાર કર્યો નથી એમ અર્થ સમજવો. એ જ રીતે અધર્મસ્થિતત્વ એટલે ધર્મ - ધર્માધર્મ એ બેમાંથી કોઈની પણ પ્રતિજ્ઞા ન કરી હોવાથી અવિરતિની પ્રતિપત્તિમાત્ર કહ્યું છે. માટે અધર્મસ્થિતત્વ = અવિરતિનો સ્વીકાર એવો અર્થ થશે. તમે જે આપત્તિ આપવા માંગો છો, એ તો ત્યારે ખરી ઠરે જ્યારે "સ્થા"ધાતુનો



कण्ठत एवाक्षिप्य निषिद्ध इति किमनुपपन्नम् । एवं हि सम्मुग्धार्थविवरणेन साधारणोपदेशेन च देवेषु निष्ठुरभाषाप्रसङ्गोऽपि न भवति । स चायं पाठः - "से नूणं भंते संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे धम्मे ठिते असंजयअविरयअप्पडिहय-

**દેવધર્મોપનિષદ્**

યથાશ્રુત અર્થ લઈએ અને અધર્મસ્થિત છે = અધર્મમાં જ રહેલા છે = અધર્મી એવો અર્થ થાય. પણ યથાશ્રુત અર્થ તો અહીં લેવાનો જ નથી. અને એ અર્થ નથી લેવાનો એવો તો સાક્ષાત્ સૂત્રમાં જ આક્ષેપ કરીને નિષેધ કરાયો છે, તો પછી અહીં શું અનુપપન્ન છે ? અર્થાત્ બધું બરાબર જ છે. ઘટે જ છે.

**પૂર્વપક્ષ** - અરે, પણ એક બાજુ "સ્થા" ધાતુનો પ્રયોગ કરવો, અને બીજી બાજુ તેનો પ્રસિદ્ધ અર્થ ન લેવો, આવું કરવાનું કાંઈ રહસ્ય હશે ખરું ?

**ઉત્તરપક્ષ** - જરૂર, આ રીતે સંમુગ્ધ અર્થનું વિવરણ કરાયું છે. એટલે કે ચોખ્ખે-ચોખ્ખુ બેધડક દેવો સંયમ વિનાના છે એવું કહેવાને બદલે અસ્પષ્ટ-ઈન્ડાઈરેક્ટ વિધાન કર્યું છે. એ ઉપરાંત નરકાદિના જીવો સાથે સાધારણ પ્રતિપાદન કર્યું છે. તેનાથી નિષ્ઠુર ભાષાનો પ્રસંગ પણ ઊભો થતો નથી. કોઈને ડાઈરેક્ટ-ચોખ્ખે ચોખ્ખુ કડવું સત્ય કહો અને તેના કરતાં ઈનડાઈરેક્ટ સારા શબ્દોમાં કહો તો કેટલો ફરક પડી જાય છે ! તે જ રીતે કોઈને વ્યક્તિગત કહો, એના કરતાં સમષ્ટિગત-જનરલ વાત કરો, તો ય કેટલો ફરક પડી જાય છે ! એમ પ્રસ્તુતમાં પણ સમજવું. ટૂંકમાં આવા ગંભીર આશયથી આ આગમસૂત્ર રચાયેલું છે. તેને સમજવા તમારે પણ થોડા ગંભીર થઈને એ સૂત્રનો અભ્યાસ કરવો પડશે, જુઓ, આ રહ્યો તે સૂત્રપાઠ - હે ભગવંત ! જે સંયત-વિરત અને પાપકર્મોનો પ્રતિઘાત અને પચ્ચક્ખાણ કરનારા છે એ ધર્મમાં સ્થિત છે, જે અસંયત-

अपच्चक्खायपावकम्मे अधम्मे ठिते संजयासंजए धम्माधम्मे ठिते ? हंता गोयमा ! संजयविरय जाव । एयंसि भंते धम्मंसि वा अधम्मंसि वा धम्माधम्मंसि वा चक्किया केइ आसइत्तए वा जाव तुयट्टित्तए वा ? नो इणट्ठे समट्ठे। से केणं खाइअट्ठेणं भंते एवं वुच्चई जाव धम्माधम्मे ठिए ? गोयमा ! संजयविरय जाव धम्मे ठिए धम्मं चेव उवसंपज्जित्ताणं विहरइ असंजय जाव पावकम्मे अधम्मे ठिते अधम्मं चेव उवसंपज्जित्ताणं विहरइ संजयासंजए धम्माधम्मे ठिए धम्माधम्मं उवसंपज्जित्ताणं विहरइ से तेणट्ठेणं जाव ठिएत्ति"।।४।। एतेन "नेरइयाणं पुच्छा गोयमा !

**દેવધર્મોપનિષદ્**

અવિરત છે, પાપકર્મોનો પ્રતિઘાત તથા પચ્ચક્ખાણ કરનારા નથી એ અધર્મમાં સ્થિત છે, અને જે સંયતાસંયત (દેશવિરત) છે એ ધર્માધર્મમાં સ્થિત છે. આ વાત નક્કી છે ? હા ગૌતમ ! તે જે કહ્યું તે વાત નક્કી છે - સત્ય છે.

હે ભગવંત ! આ ધર્મ, અધર્મ કે ધર્માધર્મની ઉપર કોઈ બેસી શકે કે યાવત્ સૂઈ શકે ? ગૌતમ ! આ વાત સત્ય નથી. તો પછી હે ભગવંત ! સંયત૦ ધર્મમાં સ્થિત છે ઈત્યાદિ કેમ કહેવાય છે ? હે ગૌતમ ! જે સંયત-વિરત અને પાપકર્મોનો પ્રતિઘાત તથા પચ્ચક્ખાણ કરનારા છે એ ધર્મમાં સ્થિત છે એનો અર્થ એ કરવો કે એ ધર્મનો જ સ્વીકાર કરીને વિચરે છે. જે અસંયત૦ છે, તે અધર્મમાં સ્થિત છે, અર્થાત્ અધર્મનો જ સ્વીકાર કરીને વિચરે છે અને જે સંયતાસંયત છે, તે ધર્માધર્મમાં સ્થિત છે, એટલે કે તે ધર્માધર્મનો સ્વીકાર કરીને વિચરે છે. માટે સંયત૦ ધર્મમાં સ્થિત છે ઈત્યાદિ કહેવાય છે.

આ સૂત્રમાં સ્પષ્ટતા કરી, તેના પરથી જ તેની આગળનું (ભગવતીસૂત્ર ૧૭મું શતક, દ્વિતીય ઉદ્દેશનું જ) સૂત્ર પણ વ્યાખ્યાત થઈ જાય છે. જે આ મુજબ છે - નારકના જીવોની પૃચ્છા, ગૌતમ !



नेरइया बाला नो पंडिया नो बालपंडिया एवं जाव चउरिंदियाणं पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा गोयमा ! पंचिंदिय-तिरिक्खजोणिया बाला नो पंडिया बालपंडियावि मणुस्सा जहा जीवा वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया" इत्यग्रेतनसूत्रमपि व्याख्यातम् । पूर्वसूत्रादस्यार्थतोऽभेदात् व्यवहारमात्रे च परं भेदात् । तथा च वृत्तिः-प्रागुक्तानां संयतादीनामिहोक्तानां च पण्डितादीनां यद्यपि शब्दत एव भेदो नाप्यर्थतस्तथापि संयतत्वादिव्यपदेशः

**દેવધર્મોપનિષદ્**

નારકના જીવો બાળ છે, પંડિત નથી, બાળપંડિત પણ નથી. એમ ચઉરિન્દ્રિયો સુધી સમજવું.

પંચેન્દ્રિય તિર્યંચોની પૃચ્છા, ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચો બાળ છે, બાળપંડિત પણ છે. પંડિત નથી. મનુષ્યો જીવસામાન્યની જેમ સમજવા. એટલે કે તેઓ યથાસંભવ, બાળ, પંડિત અને બાળપંડિત ત્રણે હોય છે. વાણમંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો નારકના જીવોની જેમ સમજવા. અર્થાત્ તેઓ બાળ છે, પંડિત નથી, બાળપંડિત પણ નથી.

આ સૂત્રની પણ વ્યાખ્યા એટલા માટે થઈ ચૂકી છે કે અર્થથી તો આ પૂર્વસૂત્રથી અભિન્ન જ છે. બંનેનો અર્થ એક જ છે. છતાં પણ વ્યવહારનું આરોપણ કરીને ભેદ છે. આ જ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે - પૂર્વસૂત્રમાં કહેલા સંયતાદિનો અને અહીં કહેલા પંડિતાદિનો શબ્દથી જ ભેદ છે, અર્થથી તો બંને એક જ છે. આમ છતાં સંયતપણા વગેરેનો વ્યપદેશ ક્રિયાને સાપેક્ષ છે, જ્યારે પંડિતપણા વગેરેનો વ્યપદેશ બોધવિશેષને સાપેક્ષ છે.

સંયમ એ ષડ્જીવકાયની યતના વગેરે રૂપ છે. માટે આ સંયમી છે એવો વ્યપદેશ તેની યતના વગેરે ક્રિયાને અપેક્ષીને કરાય છે.

क्रियासव्यपेक्षः पण्डितत्वादिव्यपदेशस्तु बोधविशेषापेक्ष इति । इत्थं च व्रतक्रियापेक्षया सम्यग्दृशां देवानां बालत्वेऽपि सम्यग्ज्ञानापेक्षया कथं बालत्वमिति पर्यालोचनीयम् ।।५।। यदि च बालादि-शब्दश्रवणमात्रेण तात्पर्यार्थानालोचनेनात्र तव व्यामोहस्तदा "जे अ बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो । सुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो ।।१।।" इति वीर्याध्ययनोक्तगाथायां सम्यक्त्व-स्याफलत्वश्रवणेन तव दुरुत्तर एव व्यामोहः स्यात् ।

દેવધર્મોપનિષદ્

જ્યારે પંડિત શબ્દ પંડા-શબ્દમાંથી બન્યો છે. પંડા = તત્ત્વાનુસારિણી બુદ્ધિ. એ બુદ્ધિ જેને ઉત્પન્ન થઈ છે તેને પંડિત કહેવાય. જેને તેવી બુદ્ધિ ઉત્પન્ન નથી થઈ, તેને બાળ અજ્ઞાની કહેવાય. માટે પંડિતપણા વગેરેનો વ્યપદેશ જ્ઞાનવિશેષને અપેક્ષીને છે. આમ પૂર્વાપર સૂત્રો વચ્ચે કથંચિત્ ભેદ પણ હોવાથી પુનરુક્તિ નથી.

પ્રસ્તુતમાં એ સમજવાનું છે કે સમ્યગ્દૃષ્ટિદેવોમાં વ્રતરૂપી ક્રિયા ન હોવાથી, તે અપેક્ષાએ ભલે તેમને બાળ કહો, પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તેમને બાળ કેમ કહી શકાય. સમ્યગ્જ્ઞાનતો તેમનામાં છે જ. આ મુદ્દાનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

જો બાલ વગેરે શબ્દ શ્રવણ માત્રથી તાત્પર્યના અર્થનો વિચાર કર્યા વિના અહીં તમને વ્યામોહ થશે, તો તમે આગમોના અધ્યયનમાં ઘણા છબરડા વાળશો. જુઓ, અમે તમને એક ઉદાહરણ આપીએ- દ્વિતીય અંગસૂત્ર છે સૂત્રકૃતાંગ તેનું આઠમું અધ્યયન છે વીર્યાધ્યયન. તેની એક ગાથામાં કહ્યું છે કે - "જે સ્વયંબુદ્ધ કે બુદ્ધબોધિત છે, અત્યન્ત પૂજનીય છે, વીર છે તથા સમ્યકત્વદર્શી છે, તેમનું જે શુદ્ધ તપ વગેરે અનુષ્ઠાન હોય તે સર્વથા નિષ્ફળ થાય છે."

બોલો, હવે અહીં સમ્યક્ત્વના નિષ્ફળપણાને સાંભળીને તમને એવો વ્યામોહ થશે કે જેનો તમે સહેલાઈથી કોઈ જ ઉત્તર નહીં આપી



तात्पर्यपर्यालोचनायां तु न काचिदनुपपत्तिरिति भावनीयं गुरुकुल-वासिना ।।६।। एतेन नारकातिदेशेन तादृशा एव देवा इति जाल्मप्रलपितमपास्तम् । तद्वैसदृश्यस्यापि सूत्रे बहुशो दर्शनात् ।

દેવધર્મોપનિષદ્

શકો. કારણકે તમારે તો માત્ર શબ્દ જ પકડવો છે.

ગુરુકુલની ઉપાસના કરીને પરિભાવન કરવું જોઈએ કે જો આમાં તાત્પર્યનો વિચાર કરીએ તો કોઈ જ અનુપપત્તિ નથી. શું હજી માથું ખંજવાળો છો ? આના કરતાં પહેલા ગુરુકુલની ઉપાસના કરી હોત તો ? જુઓ, અમે તમને સમજાવીએ છીએ, અહીં જે નિષ્ફળપણું કહ્યું, તે કર્મબંધની અપેક્ષાએ સમજવું. એટલે કે સમ્યકત્વદર્શીના તપ વગેરેથી કોઈ કર્મબંધ થતો નથી. એ અનુષ્ઠાન નિરનુબંધ નિર્જરા માટે જ થાય છે.

તે આ રીતે - સમ્યગ્દૃષ્ટિનું સર્વ અનુષ્ઠાન સંયમ અને તપની પ્રધાનતાવાળું હોય છે. સંયમ અનાશ્રવરૂપ છે અને તપનું ફળ છે નિર્જરા. આમ તે અનુષ્ઠાનથી કર્મબંધ તો થતો જ નથી. આમ કર્મબંધરૂપી ફળની અપેક્ષાએ તે અનુષ્ઠાન નિષ્ફળ છે નિર્જરા કે મોક્ષરૂપી ફળની અપેક્ષાએ તો સફળ જ છે.

જે એવો પ્રલાપ કરે છે કે "નારકોની જેમ દેવો સમજવા" આવું સૂત્ર હોવાથી દેવો નારકોની જેવા જ છે. તે પ્રલાપનો પણ આના દ્વારા જ નિરાસ થઈ જાય છે. કારણ કે માત્ર શબ્દ પકડવાથી સમ્યગ્ અર્થ ન મળે, તાત્પર્યનો પણ વિચાર કરવો અનિવાર્ય છે. અને તાત્પર્યનો વિચાર કરવા પૂર્વાપર અનેક વચનો અને અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે. અને એ અભ્યાસ કરીએ એટલે સૂત્રમાં અનેક સ્થળે એવું પણ જોવા મળે છે કે અનેક અપેક્ષાઓથી દેવો નારકના જીવો કરતાં વિસદૃશ પણ છે.

શ્રીભગવતીસૂત્રના તૃતીય શતકના ચતુર્થ ઉદ્દેશમાં કહ્યું છે -

तथोक्तं भगवत्यां तृतीयशतके तुर्योद्देशके - "जीवे णं भंते जे भविए णेरइए उववज्जित्तए से णं भंते किंलेसेसु उववज्जति ? गोयमा ! जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेसेसु उववज्जति। तं० कण्हलेस्सेसु वा नीललेस्सेसु वा काउलेस्सेसु वा। एवं जस्स जा लेस्सा सा तस्स भाणियव्वा जाव जीवे णं जे भविए जोइसिएसु उववजित्तए पुच्छा गोयमा ! जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेस्सेसु उववज्जति तं० तेउलेस्सेसु वा। जीवे णं भंते जे भविए वेमाणिएसु उववजित्तए से णं भंते किंलेस्सेसु उववज्जइ ? जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेस्सेसु उववज्जइ तं तेउलेस्सेसु वा पउमलेस्सेसु वा सुक्कलेस्सेसु

**દેવધર્મોપનિષદ્**

હે ભગવંત ! જે જીવ નરકના જીવોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, ભગવંત ! તે કઈ લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! જે લેશ્યાના સંબંધી દ્રવ્યોનો ભાવપરિણામથી પરિગ્રહ કરીને મરે છે, તે લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. તે કાં તો કૃષ્ણલેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. કાં તો નીલલેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. અને કાં તો કાપોત લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. આ રીતે જે જીવની જે લેશ્યાઓ સંભવતી હોય તેની પૃચ્છામાં તે લેશ્યાઓનો પ્રત્યુત્તર સમજવો. તે ત્યાં સુધી કે જ્યાં જ્યોતિષોની પૃચ્છા કરાય - હે ભગવંત ! જે જીવ જ્યોતિષોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કઈ લેશ્યાઓમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જે લેશ્યાસંબંધી દ્રવ્યોનો ભાવપરિણામથી પરિગ્રહ કરીને મરે છે, તે લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે. પ્રસ્તુતમાં જ્યોતિષોમાં ઉત્પન્ન થનાર તેજોલેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે.

હે ભગવંત જે જીવ વૈમાનિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે કઈ લેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! જે લેશ્યાસંબંધી દ્રવ્યોનો ભાવપરિણામથી પરિગ્રહ કરીને મરે છે, તે લેશ્યાઓમાં ઉત્પન્ન થાય



वेति"। अथात्र सामान्योक्तावपि मिथ्यादृष्टिसम्यग्दृशोर्विशेषोऽन्वेषणीय इति चेत्त्वदुपदर्शितस्थलेऽपि किमित्यसौ नान्वेषणीय इति मध्यस्थदृशा विचारणीयम् ॥७॥ एवं चतुर्दशशतकतृतीयोद्देशके - "अत्थिणं भंते नेरइयाणं सक्कारेति वा सम्माणेति वा कितिकम्मेति वा अब्भुट्ठाणेति वा अंजलिपग्गहेति वा आसणाभिग्गहेति वा

**દેવધર્મોપનિષદ્**

છે. જેમ કે પ્રસ્તુતમાં તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાઓમાં ઉત્પન્ન થાય છે.

**પૂર્વપક્ષ** - અરે, તમે એક બાજુ તાત્પર્ય પર્યાલોચનની સૂફિયાણી વાતો કરો છો, અને બીજી બાજુ પોતે જ શબ્દમાત્ર પકડીને અટકી જાઓ છો, ભલા માણસ ! અહીં ભલે દેવ સામાન્યને આશ્રયીને લેશ્યાઓનું નિરૂપણ કર્યું, પણ એમાં પણ જે મિથ્યાદૃષ્ટિ તથા સમ્યગ્દૃષ્ટિ છે તેઓમાં વિશેષતા હોય છે, તફાવતો હોય છે એનો વિચાર કરવો પડે.

**ઉત્તરપક્ષ** - શાબાશ, તો પછી તમે જે સૂત્રપાઠ બતાવ્યો તે સ્થળે પણ વિશેષ ગોતવો પડે કે નહીં ? અર્થાત્ દેવોને ધર્મ નથી, તે માત્ર મિથ્યાદૃષ્ટિ દેવોની અપેક્ષાએ છે. સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ તો તેઓ પણ શ્રુતધર્મથી યુક્ત હોવાથી ધર્મી જ છે.

તમે પહેલા કદાગ્રહ મૂકી દો અને મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરો, એટલે તમને પોતાને જ આ વાત સમજાઈ જશે.

એ જ રીતે શ્રી ભગવતીસૂત્રના ચૌદમા શતકના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે - હે ભગવંત ! નરકના જીવો બીજાનો સત્કાર, સન્માન, વંદન (અથવા બીજાનું કાર્ય કરી આપવું), અભ્યુત્થાન (ગૌરવપાત્રનું દર્શન થતા આસનનો ત્યાગ કરવો - ઊભા થવું), અંજલિ કરવી, આસનાભિગ્રહ - આસન લાવીને "બેસો" એમ કહેવું, આસનાનુપ્રદાન

आसणपदाणेति वा गतस्स पच्चुग्गच्छणता आगच्छंतस्स पज्जुवासणता गच्छंतस्स पडिसंसाहणता ? णो इणट्ठे समट्ठे । अत्थि णं भंते असुरकुमाराणं सक्कारेति जाव पडिसंसाहणता ? हंता अत्थि एवं जाव थणियकुमाराणं'' इत्यत्राभ्युत्थानादिकं नैरयिकाणां निषिद्धं देवानां चोक्तं तच्च साध्वादिगोचरं[1] तपोविशेष एव भविष्यति शुश्रूषाविनयरूपत्वेन तस्य पञ्चविंशतितमशतकेऽष्टमोद्देशे प्रति-

देवधर्मोपनिषद्

- ગૌરવપાત્ર વ્યક્તિ બીજે જાય, ત્યારે તેમને આશ્રીને આસન પણ તે સ્થાને લઈ જવું, તેઓ આવતા હોય ત્યારે અભિમુખ જવું, સ્થિત હોય ત્યારે પર્યુપાસના કરવી અને જતાં હોય ત્યારે વળાવવા જવું - આ સર્વ કરે છે ? અર્થાત્ નરકના જીવો આવા પ્રકારનો વિનય ધરાવે છે ? ગૌતમ ! આ અર્થ બરાબર નથી. કારણ કે નરકના જીવો સતત દુઃખી હોવાથી તેમને આવો વિનય હોતો નથી.

હે ભગવંત ! અસુરકુમારોને સત્કાર વગેરે યાવત્ વળાવવા જવું – એવો વિનય હોય છે. હા ગૌતમ ! હોય છે. આ રીતે સ્તનિતકુમારો સુધી સમજવું.

આ રીતે અહીં નરકના જીવોના અભ્યુત્થાન વગેરેનો નિષેધ કર્યો અને દેવોમાં અભ્યુત્થાન વગેરે વિનય હોય છે, એમ કહ્યું, તે સાધુ વગેરેના વિષયક તપોવિશેષ જ હોઈ શકે. અર્થાત્ દેવો સાધુઓને જોઈને અભ્યુત્થાન વગેરે કરે એ સ્વરૂપ વિનય એ આભ્યંતર તપ છે.

**પૂર્વપક્ષ** - અરે, દેવો અભ્યુત્થાન માત્ર કરે તેને વિનય કેવી રીતે કહેવાય ?

**ઉત્તરપક્ષ** - જુઓ અભ્યુત્થાન કરવું એ પણ વિનય છે. કારણકે શ્રીભગવતીસૂત્રના ૨૫મા શતકના અષ્ટમ ઉદ્દેશમાં કહ્યું છે કે

१. क-ग-घ - साध्वागो ।



पादनादित्ययमपि व्यवहारविनयक्रियारूपो विशेषः सम्यग्दृष्टिदेवानां कुतो मनसि जायते[1] ।।८।। अन्यान्यपि सम्यग्दृशां देवानां सम्यक्त्वधर्मोद्योतकानि बहून्यक्षराणि दृश्यन्ते । तथोक्तं सनत्कुमारेन्द्रमाश्रित्य तृतीयशतके प्रथमोद्देशके - ''सणंकुमारे णं भंते देविंदे देवराया किं भवसिद्धिए अभवसिद्धिए सम्मदिट्ठी मिच्छादिट्ठी परित्तसंसारए अणंतसंसारए सुलभबोहिए दुल्लभबोहिए आराहए विराहए चरिमे अचरिमे ? गोयमा ! सणंकुमारे णं देविंदे देवराया भवसिद्धिए एवं सम० परि० सुलभ० आरा० चरि०

देवधर्मोपनिषद्

અભ્યુત્થાન વગેરે શુશ્રૂષાવિનયરૂપ છે.

તો હવે વિચારો કે આ પણ જે વ્યાવહારિક વિનયક્રિયારૂપી જે વિશેષ છે તે સમ્યગ્દષ્ટિ દેવોના મનમાં કેવી રીતે થાય છે. અર્થાત્ જો દેવો સર્વથા નારક સમાન જ હોય, ધર્મરહિત જ હોય તો આવો આભ્યંતરતપધર્મરૂપ વિનય તેમનામાં સંભવી જ ન શકે.

અન્ય પણ સમ્યગ્દષ્ટિદેવોના સમ્યક્ત્વરૂપ ધર્મનું પ્રકાશન કરનારા ઘણા શાસ્ત્રવચનો જોવા મળે છે. જેમ કે શ્રીભગવતીસૂત્રના તૃતીય શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે - હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા એવા જે સનત્કુમાર છે, તે ભવ્ય છે કે અભવ્ય છે ? સમ્યગ્દષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? પરિત્તસંસારી છે કે અનંત સંસારી છે ? સુલભબોધિ છે કે દુર્લભ બોધિ છે ? આરાધક છે કે વિરાધક છે ? ચરમ - જેમને હવે છેલ્લો એક જ ભવ કરવાનો છે તેવા છે કે અચરમ છે ? ગૌતમ ! જે દેવેન્દ્ર દેવરાજા સનત્કુમાર છે તે ભવ્ય છે, અભવ્ય નથી. એ રીતે સમ્યગ્દષ્ટિ છે, પરિત્તસંસારી છે, (પરિમિત સંસારવાળા છે,) સુલભબોધિ છે, આરાધક છે, ચરમ છે એ રીતે સર્વમાં પ્રશસ્ત ઉત્તરો સમજવા.

१. क-ग-घ - जानीयते ।

पसत्थं णेयव्वं । से केणट्ठेणं भंते ? गोयमा ! सणंकुमारे णं देविंदे बहूणं समणाणं बहूणं समणीणं बहूणं सावगाणं बहूणं साविगाणं हियकामए सुहकामए पसत्थकामए आणुकंपिए णिस्सेयसिए हियसुहणिस्सेयसकामए से तेणट्ठेणं गोयमा ! सणंकुमारे णं भवसिद्धिए जाव चरिमए" अत्र हेतुप्रश्नोत्तराभ्यां देवभवस्य साधुवैयावृत्त्यादिक्रिययाऽपि साफल्यं दर्शितम् । न च सम्यग्दर्शनादौ

દેવધર્મોપનિષદ્

હે ભગવંત ! આવું કેમ કહો છો ? ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજા સનત્કુમાર ઘણા શ્રમણોના, ઘણી શ્રમણીઓના, ઘણા શ્રાવકોના, ઘણી શ્રાવિકાઓના હિતની કામના કરનારા છે, તેમના સુખના પ્રાર્થી છે, તેમનું પ્રશસ્ત થાય એવી ભાવના ભાવે છે (વર્તમાનમાં ઉપલબ્ધ થતા શ્રીભગવતીસૂત્ર, તેમજ તેની વૃત્તિમાં पसत्थ ની બદલે पत्थ પાઠ મળે છે. તેનો અર્થ છે પથ્ય = દુઃખત્રાણ = દુઃખથી રક્ષણ. ચતુર્વિધ સંઘનું દુઃખથી રક્ષણ થાય એમ સનત્કુમારેન્દ્ર ઈચ્છે છે.) કારણ કે તે કૃપાવાન છે, જાણે મોક્ષ માટે નિયુક્ત કરાયા છે, તેથી સર્વના હિત, સુખ અને નિઃશ્રેયસ (મોક્ષ)ની કામના કરે છે. હે ગૌતમ ! તેથી સનત્કુમારેન્દ્ર ભવ્ય છે... યાવત્ ચરમ છે.

આમ અહીં જે હેતુપ્રશ્ન છે - આવું કેમ કહો છો ? એવો પ્રશ્ન છે, અને તેનો જે ઉત્તર છે, તેના વડે એવું બતાવાયું છે કે સાધુ ભગવંતોની વૈયાવચ્ચ વગેરે ક્રિયાથી પણ દેવભવ સફળ છે.

**પૂર્વપક્ષ** - સમ્યગ્દર્શન વગેરેની હાજરી હોય એટલે વૈયાવચ્ચ વગેરે સ્વયંસિદ્ધ હોય છે. કારણ કે ગુરુ ભગવંતોની સેવા એ તો સમ્યગ્દર્શનનું તૃતીય લિંગ છે.

માટે દેવોને એવી સેવા કરવાનો કોઈ ઉપયોગ નથી. વૈયાવચ્ચ કરવાથી તેમને કોઈ લાભ થવાનો નથી. તો પછી તેઓ શા માટે



स्वत एव सिद्धेस्तदनुपयोगः शङ्कनीयः, असतो गुणस्योत्पादनाय सतश्च स्थैर्याधानाय क्रियाव्यापारोपयोगस्य तत्र तत्र संमतत्वात्, अन्यथा गुणस्थाने सिद्ध्यसिद्धिभ्यां बाह्यक्रियाविलोपप्रसङ्गादिति दिक् ।।९।। तथा शक्रेन्द्रमाश्रित्य षोडशशते द्वितीयोद्देशकेऽभिहितम्-

દેવધર્મોપનિષદ્

વૈયાવચ્ચ કરે ?

**ઉત્તરપક્ષ** - ક્રિયાનો વ્યાપાર બંને રીતે ઉપયોગી છે. ગુણ ન હોય તો એને ઉત્પન્ન કરે અને ગુણ હોય તો તેને સ્થિર કરે. આ હકીકત અનેક શાસ્ત્રોમાં સંમત છે.

માટે ભલે સમ્યગ્દૃષ્ટિ દેવોમાં વૈયાવચ્ચનો ગુણ હોય. તે છતાં પણ તે ગુણના સ્થૈર્ય માટે તેમને વૈયાવચ્ચની ક્રિયા ઉપયોગી છે જ. અને તેથી તેઓ સાધુ ભગવંતોની વૈયાવચ્ચ કરે તેમાં કશું જ અઘટિત નથી.

જો આ વસ્તુ ન માનો તો બાહ્યક્રિયામાત્રનો ઉચ્છેદ થઈ જશે. કોઈ સંયમમાં યતના કરે છે, તો ત્યાં પ્રશ્ન કરાશે કે એનામાં નૈશ્ચયિક સંયમીનું ગુણસ્થાનક છે કે નહીં ? જો છે તો યતનાની જરૂર શું છે ? અને જો નથી તો પછી યતનાનો શું લાભ છે ? આ રીતે વ્યવહારનો અપલાપ થવાથી તીર્થનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે.

માટે ગુણીજનોનું બહુમાન વગેરે શુભ ક્રિયાઓ હંમેશા કરવી જોઈએ. શુભક્રિયાથી શુભભાવોનું પતન થતું અટકી જાય છે, એટલું જ નહીં, શુભ ભાવ ન હોય તો શુભ ક્રિયાથી એ જાગૃત થાય છે. આમ અસ્ખલના અને ગુણવૃદ્ધિ આ બે પ્રયોજનને સિદ્ધ કરવા માટે ક્રિયા ઉપયોગી જ છે, એમાં કોઈ શંકા નથી. આ તો માત્ર દિશા બતાવી છે. આ વિષયમાં હજી ગંભીર ચિંતન કરવું જોઈએ.

વળી શ્રીભગવતીસૂત્રના ૧૬મા શતકમાં દ્વિતીય ઉદ્દેશમાં શક્રેન્દ્રને આશ્રીને કહ્યું છે કે - હે ભગવંત ! જે દેવેન્દ્ર દેવરાજા શક્ર છે, એ

“सक्के णं भंते देविंदे देवराया किं सम्मावाई मिच्छावाई ? गोयमा ! सम्मावादी नो मिच्छावादी । सक्के णं भंते देविंदे देवराया किं सच्चं भासं भासति, मोसं भासं भासति, सच्चामोसं भासं भासति, असच्चामोसं भासं भासइ ? गोयमा ! सच्चंपि भासं भासइ जाव असच्चामोसंपि भासं भासइ। सक्के णं भंते देविंदे देवराया किं सावज्जं भासं भासइ अणवज्जं भासं भासइ ? गोयमा ! सावज्जंपि भासं भासइ अणवज्जंपि भासं भासइ, जाव से केणट्ठेणं भंते एवं वुच्चइ सावज्जंपि जाव अणवज्जंपि भासं भासइ ? गोयमा ! जाहे णं सक्के देविंदे देवराया सुहमकाइयं अणिज्जुहित्ताणं भासं भासइ ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासइ, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकाइयं निज्जुहित्ताणं भासं भासति ताहे णं सक्के देविंदे देवराया

**દેવધર્મોપનિષદ્**

સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી છે ? ગૌતમ ! શક્રેન્દ્ર સમ્યગ્વાદી છે. મિથ્યાવાદી નથી. અર્થાત્ પ્રાયઃ કરીને સમ્યગ્ બોલવાને જ તેનો સ્વભાવ છે. હે ભગવંત ! દેવેન્દ્ર દેવરાજા શક્ર શું સત્ય ભાષા બોલે છે, મૃષા ભાષા બોલે છે, સત્યમૃષા ભાષા બોલે છે કે પછી અસત્યામૃષા ભાષા બોલે છે ? ગૌતમ ! સત્ય ભાષા પણ બોલે છે... યાવત્ અસત્યામૃષા ભાષા પણ બોલે છે.

હે ભગવંત ! દેવેન્દ્ર દેવરાજા શક્ર શું સાવદ્ય ભાષા બોલે છે કે નિરવદ્ય ભાષા બોલે છે ? ગૌતમ ! સાવદ્ય ભાષા પણ બોલે છે અને નિરવદ્ય ભાષા પણ બોલે છે. ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજા શક્ર મુખે વસ્ત્ર (કે હાથ વગેરે) દીધા વિના ભાષા બોલે છે, ત્યારે દેવેન્દ્ર દેવરાજા શક્ર સાવદ્ય ભાષા બોલે છે. અને જ્યારે દેવેન્દ્ર દેવરાજા શક્ર મુખે વસ્ત્ર



अणवज्जं भासं भासइ, से तेणट्ठेणं जाव० भासइ । सक्के णं भंते देविंदे देवराया किं भवसिद्धिए अभवसिद्धिए सम्मदिट्ठिए मिच्छादिट्ठिए एवं जहा मोउद्देसए सणंकुमारो जाव णो अचरिमेत्ति” अत्र शक्रेन्द्रस्य प्रमादादिना भाषाचतुष्टयभाषित्वसम्भवेऽपि सम्यग्वादीति भणितिना स्वरसतः सम्यग्वादशीलत्वमुक्तं सुहुमकायं अणुविशेषं वा

**દેવધર્મોપનિષદ્**

(કે હાથ વગેરે) દઈને ભાષા બોલે છે, ત્યારે નિરવદ્ય ભાષા બોલે છે.

(કારણ કે જે હાથ વગેરેથી મુખને ઢાંકીને બોલે, તે જીવોનું રક્ષણ કરે છે, માટે તેની ભાષા નિરવદ્ય છે. અને જે તેમ ન બોલે તેની ભાષા સાવદ્ય છે.)

હે ભગવંત દેવેન્દ્ર દેવરાજા શક્ર ભવ્ય છે કે અભવ્ય છે ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? એમ પૃચ્છા અને ઉત્તર સનત્કુમારની જેમ સમજવા. યાવત્ ચરમ છે અચરમ નથી.

અહીં ‘मोउद्देसए’ એવો જે પાઠ છે. તેનો અર્થ ‘તૃતીયશતકના પ્રથમ ઉદ્દેશકમાં’ એવો થાય છે. એમ વૃત્તિમાં કહ્યું છે.

અહીં શક્રેન્દ્ર પ્રમાદ વગેરેથી ચારે પ્રકારની ભાષા બોલે એ સંભવિત હોવા છતાં પણ તેને સમ્યગ્વાદી કહ્યો છે. તે સૂચવે છે કે પોતે રુચિપૂર્વક તો સમ્યગ્ બોલવાના સ્વભાવવાળો જ છે. સૂક્ષ્મકાયનો અર્થ વસ્ત્ર છે, અથવા તો એ અણુવિશેષ સંભવે છે એમ સમજવું. અણુ = પદએકદેશમાં પદસમુદાયના ઉપચાર દ્વારા અણુસમૂહ = દ્રવ્ય હોઈ શકે. અર્થાત્ કોઈ વસ્તુવિશેષ કે જેને મુખે મુહપત્તિની જેમ રાખીને બોલી શકાય. અમુક તીર્થિકોમાં દાર્વી = લાકડાની મુહપત્તિ હોય છે. માટે સૂક્ષ્મકાય તરીકે એવી કોઈ વસ્તુનુ ગ્રહણ કહ્યું હોઈ શકે. વૃત્તિમાં તો સૂક્ષ્મકાયનો અર્થ વસ્ત્ર જ કર્યો છે. પ્રસ્તુતમાં અણુવિશેષ શબ્દથી તથાવિધ કોઈ વસ્તુ સમજી શકાય. ઈન્દ્ર કોઈ

सम्भवतीति बोध्यम् ।।१०।। "अणिज्जुहित्ताणं" इत्यत्र सूक्ष्मकायं हस्तादिकं वस्त्रं वाऽदत्त्वेत्यर्थाद्धस्ताद्यावृतमुखत्वेन भाषमाणतया जीवसंरक्षणतोऽनवद्यभाषाभाषित्वमुक्तम् । एतच्च धर्मकथावसरे जिनपूजावसरे च। तथा तत्रैव - "कतिविहे णं भंते उग्गहे पण्णत्ते सक्का पंचविहे पण्णत्ते तंजहा देविंदोग्गहे १ रायावग्गहे २ गाहावइउग्गहे ३ सागारिउग्गहे ४ साहम्मियउग्गहे ५ जे इमे भंते अज्जत्ताए समणा निग्गंथा विहरंति एएसिं णं अहं उग्गहं

देवधर्मोपनिषद्

તીર્થિકની જેવું ઉપકરણ રાખે એવી શક્યતા તો ઓછી છે. માટે અહીં તથાવિધ વસ્તુવિશેષ એટલો અર્થ સમજી શકાય.

अणिज्जुहित्ताणं એવો અહીં જે પાઠ છે, તે સૂક્ષ્મકાય, હાથ વગેરે કે વસ્ત્રને મુખે રાખ્યા વિના એવી વાત કરી છે, તેનાથી અર્થાપત્તિથી હાથ વગેરેથી મુખને ઢાંકીને બોલે, તેનાથી જીવોનું સંરક્ષણ થાય છે, માટે તેને નિરવધભાષીપણું કહ્યું છે. ઈન્દ્ર જ્યારે ધર્મકથા કરે અથવા ધર્મકથાના શ્રવણ પ્રસંગે પૃચ્છા વગેરે કરે તથા જિનપૂજા કરે તે સમયે ઉપરોક્ત રીતે નિરવધભાષીપણું સંભવે છે.

વળી શ્રીભગવતી સૂત્રના સોળમા શતકના દ્વિતીય ઉદ્દેશકમાં જ એક સૂત્રપાઠ આ રીતે છે - (શક્રેન્દ્ર શ્રમણ ભગવાન મહાવીરને પ્રશ્ન કરે છે.) હે ભગવંત ! કેટલા પ્રકારનો અવગ્રહ કહ્યો છે ? હે શક્ર ! પાંચ પ્રકારનો અવગ્રહ કહ્યો છે. તે આ પ્રમાણે છે. (૧) દેવેન્દ્રનો અવગ્રહ (૨) રાજા = ચક્રવર્તીનો અવગ્રહ (૩) ગાથાપતિ = ગૃહપતિ = માંડલિકરાજાનો અવગ્રહ (૪) સાગારિક = ગૃહસ્થનો અવગ્રહ (૫) સાધર્મિક = સાધુની અપેક્ષાએ અન્ય સાધુનો અવગ્રહ.

હે ભગવંત ! વર્તમાનમાં જે શ્રમણ નિર્ગ્રંથો વિચરી રહ્યા છે, તેમને હુ અવગ્રહની અનુજ્ઞા આપું છું.



अणुजाणामि" इत्येनन शक्रस्यावग्रहदातृत्वमुक्तम्, स च साधूनां वसतिदानरूपो महानेव धर्म इति।।११।। तथा दशमशते पंचमोद्देशके - "पभू णं भंते चमरे असुरिंदे असुरकुमारराया चरमचंचारायहाणीए सभाए सुहम्माए चमरंसि सिंहासणंसि तुडिएणं सद्धिं दिव्वाइं

દેવધર્મોપનિષદ્

આ પાઠથી અહીં "શકેન્દ્ર અવગ્રહદાતા છે", એમ કહ્યું છે. અને અવગ્રહનું દાન એ તો સાધુ ભગવંતોને વસતિનું દાનરૂપ હોવાથી મહાન ધર્મ જ છે.

તથા શ્રીભગવતીસૂત્રના દશમા શતકમાં પંચમ ઉદ્દેશકમાં કહ્યું છે કે - હે ભગવંત ! અસુરેન્દ્ર અસુરકુમારરાજા એવો ચમર પોતાની ચમરચંચા નામની રાજધાનીમાં ચમર નામના સિંહાસન પર પોતાની ૫ અગ્રમહિષીઓએ વિકુર્વેલા ૮-૮ હજારરૂપો સાથે એટલે કે કુલ ૪૦,૦૦૦ દેવીઓ સાથે દિવ્ય ભોગભોગોને ભોગવતા વિચરવા સમર્થ છે ? (અહીં ભોગભોગો કહ્યાં તેના પાંચ અર્થો ઉપલબ્ધ થાય છે. (૧) भुज्यन्त इति भोगाः - જે ભોગવાય છે, તે ભોગો. તે સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ આ પાંચ વિષયો છે. ભોગ કરવાને ઉચિત ભોગો (વિષયો) એ ભોગભોગો. આ અર્થ શ્રીભગવતીસૂત્રમાં ૨૫મા શતકના ૭મા ઉદ્દેશકમાં છે.

(૨) ભોગભોગો = સુંદર એવા શબ્દાદિ વિષયો. આ અર્થ સમવાયાંગના ત્રીજા અધ્યયનમાં છે.

(૩) ભોગ = ઔદારિક કાયરૂપી ભાવો. તેમના માટે અતિશયી-અદ્ભુત ભોગો = ભોગભોગો. આ અર્થ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિના પ્રથમ વક્ષસ્કારમાં છે.

(૪) ભોગભોગો = અતિશયવાળા શબ્દાદિ વિષયો આ અર્થ નિરયાવલિકાના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ વર્ગમાં છે.

भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते एवं वुच्चइ णो पभू चमरे असुर० चमरचंचाए रायहाणीए जाव विहरित्तए ? अज्जो ! चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए माणवए चेइए खंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुईओ जिणसकहाओ संणिखित्ताओ जाओ णं चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो अण्णेसिं च बहूणं असुरकुमाराणं देवाणं य देवीण य अच्चणिज्जाओ वंदणिज्जाओ नमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ संमाणणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ भवन्ति से तेणट्ठेणं अज्जो ! एवं वुच्चइ णो पभू चमरे असुरिंदे जाव राया

**દેવધર્મોપનિષદ્**

(૫) સ્ત્રીનો ભોગ હોતે છતે અવશ્યપણે હોય એવા શબ્દાદિના ભોગો એ ભોગભોગો છે. સ્ત્રીભોગ વગેરેમાં ઉપયોગી એવા શબ્દાદિ વિષયો એ ભોગભોગો છે. આ અર્થ સૂત્રકૃતાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયનમાં છે.

પ્રભુ અહીં પ્રત્યુત્તર આપે છે કે - આ અર્થ બરાબર નથી.

હે ભગવંત ! એવું કેમ કહો છો કે અસુરેન્દ્ર અસુરરાજા ચમર ચમરચંચા રાજધાનીમાં યાવત્ વિચરવા સમર્થ નથી.

હે આર્ય ! અસુરેન્દ્ર અસુરકુમારરાજા એવા ચમરની ચમરચંચા નામની રાજધાનીમાં સુધર્મા નામની સભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય ગોળાકાર વૃત્ત (દડા જેવા) સમુદ્ગકો (ડાબલાઓ)માં ઘણાં જિનેશ્વરભગવંતોના અસ્થિઓ રાખેલા છે. જે અસુરેન્દ્ર અસુરકુમારરાજા ચમરને અને અન્ય ઘણા અસુરકુમાર દેવોને અને દેવીઓને અર્ચનીય, વંદનીય, નમસ્કરણીય, પૂજનીય, સત્કાર કરવા યોગ્ય અને સન્માનનીય છે. તે તેમના માટે કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દૈવતસ્વરૂપ અને



चमरचंचाए जाव विहरित्तए” इत्यादिसूत्रकदम्बकेन चमरेन्द्रस्य तदतिदेशेन बलीन्द्रादीनामीशानेन्द्रपर्यन्तानां तल्लोकपालानां च भगवदस्थ्याशातनापरिहार उक्तः । स च भगवद्विनयरूपधर्म एव पर्यवस्यतीति बोध्यम् ।।१२।। तथोत्तराध्ययनेषु हरिकेशीये - “पुव्विं च इण्हिं च अणागयं च मणप्पओसो न मे अत्थि कोई । जक्खा हु वेयावडियं करेंति तम्हा हु एए णिहया कुमारा” इत्यत्र महर्षिणोपसर्गकर्तृशिक्षादातृयक्षस्य वैयावृत्त्यगुण उद्भावितः स च

**દેવધર્મોપનિષદ્**

ચૈત્યસ્વરૂપ છે એમ સમજી તેની પર્યુપાસના કરવા યોગ્ય છે. હે આર્ય, માટે એમ કહેવાય છે કે અસુરેન્દ્ર અસુરરાજા ચમર ચમરચંચા નામની રાજધાનીમાં યાવત્ વિહરવા સમર્થ નથી.

ઈત્યાદિ સૂત્રોના સમૂહથી ચમરેન્દ્ર અને તેના અતિદેશથી બલીન્દ્રથી માંડીને ઈશાનેન્દ્ર સુધીના ઈન્દ્રો અને તેના લોકપાલો ભગવાનના અસ્થિની હાજરીમાં દેવીઓ સાથે ભોગ ભોગવતાં નથી. એ રીતે ભગવાનના અસ્થિઓની આશાતનાનો પરિહાર કરે છે, એમ કહ્યું છે. આશાતનાનો પરિહાર એ ભગવાનનો વિનય કરવા રૂપ ધર્મમાં જ પર્યવસાન પામે છે. અર્થાત્ એ એક પ્રકારનો ધર્મ જ છે એમ સમજવું જોઈએ.

તથા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં હરિકેશીય નામનું બારમું અધ્યયન છે. તેમાં હરિકેશી મુનિ એમ કહે છે કે મને પહેલા ગુસ્સો હતો નહીં, અત્યારે છે પણ નહીં અને ભવિષ્યમાં થશે પણ નહીં. આ તો યક્ષો વૈયાવચ્ચ કરે છે, તેથી કુમારોને અત્યન્ત માર પડ્યો.

અર્થાત્ મને ઉપસર્ગ કરનારા કુમારોને અત્યંત માર પડ્યો તેમાં મારો પ્રદ્વેષ હેતુભૂત નથી પણ યક્ષો મારી વૈયાવચ્ચ કરે છે, એ કારણ છે. આમ અહીં મહર્ષિએ પોતાને ઉપસર્ગ કરનારને શિક્ષા

तपोविशेष एव । अथ हिंसारूपेऽस्मिन् यक्षव्यापारे कथं वैयावृत्त्यकृत्योक्तिरिति चेदेतत्त्वया वक्तुः समीप एव गत्वा प्रष्टव्यम्, अन्यत्रानाश्वासात्परिणामप्राधान्यवादिनां तु न कश्चिदत्र शङ्कालेशोऽपि ।।१३।। किञ्च सम्यक्त्वं प्रथमः संवरभेद इति सम्यग्दृष्टित्वेनैव



કરનાર યક્ષનો વૈયાવચ્ચગુણ ઉદ્ભાવિત કર્યો છે. અને વૈયાવચ્ચ તો એક પ્રકારનો આભ્યંતર તપ જ છે. બોલો, હવે દેવોમાં ધર્મ હોય છે, એમાં તમને કોઈ શંકા છે ?

**પૂર્વપક્ષ** - પણ.... પણ... યક્ષે તો કુમારોને માર માર્યો હતો. એણે તો હિંસારૂપ વ્યાપાર કર્યો હતો. તેને વળી વૈયાવચ્ચનું કાર્ય શી રીતે કહી શકાય ?

**ઉત્તરપક્ષ** - આ તો તમારે શ્રીઉત્તરાધ્યયન સૂત્રના રચયિતા પાસે જ જઈને પૂછવું પડશે. કારણ કે અમારા જેવામાં તો તમને વિશ્વાસ જ નથી. બાકી જેઓ પરિણામને જ પ્રધાન માને છે, તેમને તો અહીં જરા પણ શંકા નથી. કારણ કે યક્ષના મનનો ભાવ હિંસા કરવાનો નહીં પણ મહાત્માની વૈયાવચ્ચ કરવાનો જ હતો તેથી તેમની બહારથી હિંસા તરીકે જણાતી ક્રિયા પણ વાસ્તવમાં તો વૈયાવચ્ચ સ્વરૂપ જ હતી. આગમમાં કહ્યું છે ને ? परिणामियं पमाणं - પરિણામ જ પ્રમાણ છે, બાહ્ય ચેષ્ટા પ્રમાણ નથી. આ નિશ્ચયનયનો મત છે.

વળી સમ્યક્ત્વ એ પોતે જ સંવરનો પ્રથમ પ્રકાર છે. માટે દેવો સમ્યગ્દષ્ટિ હોય છે, તેથી જ તેમનું ધર્મીપણું પણ અવર્જનીય છે. અર્થાત્ તેમનું સમ્યક્ત્વ એ ધર્મીપણા સાથે જ હોય છે. તમારી ઈચ્છા ન હોય છતાં પણ દેવોમાં સમ્યક્ત્વ માન્યું એટલે તેમનામાં ધર્મીપણું પણ માન્યા વિના છૂટકો જ નથી.

**પૂર્વપક્ષ** - તમારી ગાડીમાં બ્રેક છે કે નહીં ? બસ હાંકે જ જાઓ છો. સમ્યક્ત્વ એ સંવરનો પ્રકાર છે, એવું તમે ક્યાંથી લાવ્યા એ તો કહો ?



देवानामवर्जनीयं धर्मित्वम् । तदुक्तं स्थानाङ्गे - "पंच आसवदारा पन्नत्ता तंजहा मिच्छत्तं, अविरई, पमाओ, कसाया, जोगा । पंच संवरदारा पण्णत्ता तंजहा - सम्मत्तं, विरई, अपमाओ, अकसायत्तं, अजोगत्तम्" इति। हन्तैवं मिथ्यादर्शनशल्यविरमणेन सम्यग्दृष्टिमात्रस्य विरतत्त्वं प्रसक्तमिति चतुर्थगुणस्थानकोच्छेदः, न, एकाश्रववत्तयापि त्रयोदशगुणस्थानेऽनाश्रवत्वव्यपदेशवदेकसंवरसत्तया चतुर्थगुणस्थानेऽ-



**ઉત્તરપક્ષ** - સ્થાનાંગસૂત્રમાં તે વિધાન કર્યું છે. તે પાઠ આ મુજબ છે - પાંચ આશ્રવદ્વારો કહ્યાં છે, તે આ પ્રમાણે - (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય (૫) યોગ. પાંચ સંવરદ્વારો કહ્યા છે, તે આ પ્રમાણે છે - (૧) સમ્યક્ત્વ (૨) વિરતિ (૩) અપ્રમાદ (૪) અકષાયપણું (૫) અયોગિપણું.

**પૂર્વપક્ષ** - તમારી દશા એવી છે કે એક બાજુ સાંધો અને બીજી બાજુ તૂટી જાય. ભલા માણસ ! આ રીતે માનતા તો જે સમ્યગ્દષ્ટિ હોય તેને મિથ્યાદર્શન ન જ હોય, એટલે પ્રત્યેક સમ્યગ્દષ્ટિએ મિથ્યાદર્શનશલ્યથી વિરમણ કર્યું જ છે. તેથી સમ્યગ્દષ્ટિમાત્ર વિરત કહેવાશે. અને આ રીતે તો અવિરત સમ્યગ્દષ્ટિરૂપ ચતુર્થ ગુણસ્થાનકનો જ ઉચ્છેદ થઈ જશે.

**ઉત્તરપક્ષ** - ના, જેમ કોઈ પાસે માત્ર એકાદ લાખ રૂપિયા હોય તેનાથી તેને ધનવાન કહેવામાં નથી આવતો, તેમ માત્ર એક સંવર હોવા માત્રથી અવિરત સમ્યગ્દષ્ટિને વિરત નહીં કહેવાય.

આનું તમને શાસ્ત્રપ્રસિદ્ધ ઉદાહરણ આપીએ. તેરમા ગુણસ્થાનકે "યોગ" નામનો એક આશ્રવ હોય છે છતાં પણ એ ગુણસ્થાનકે અનાશ્રવપણાનો વ્યપદેશ કરાય છે. ત્યાં અલ્પ આશ્રવ હોવાથી તે જાણે નથી, એમ સમજવામાં આવે છે. એવી રીતે પ્રસ્તુતમાં પણ માત્ર એક સંવર હોવાથી જાણે સંવર છે જ નહીં એ રીતે વ્યપદેશ

विरतत्वव्यपदेशस्याविरुद्धत्वात् फलं तु हेतुमात्राधीनं न पाणिपिधेयमिति श्रद्धेयम् ।।१४।। इत्थमेव धर्मव्यवसायग्रहणपूर्वकः सूर्याभदेवस्य देवाधिदेवप्रतिमार्चनविधिरतिशयितभक्त्युपबृंहितः श्रीराजप्रश्नीयसूत्रोक्तः सङ्गच्छते । तथा च तत्पाठः-तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा पोत्थयरयणं उवणमंति । तते णं से सूरियाभे देवे पोत्थयरयणं गिण्हइ पोत्थयरयणं गिण्हित्ता पोत्थयरयणं विघाडेइ पोत्थयरयणं वाएइ पोत्थयरयणं वाएत्ता धम्मियं ववसायं

**દેવધર્મોપનિષદ્**

કરાય છે.

બે ન્યાય છે (૧) भूयस्त्वाद्व्यपदेशः - જે વસ્તુ ઘણી હોય તેને આશ્રીને વ્યપદેશ કરાય છે. (૨) अल्पत्वादभावविवक्षा - જે અલ્પ હોય તેના અભાવની વિવક્ષા કરાય છે.

માટે અવિરત સમ્યગ્દષ્ટિરૂપ ચતુર્થ ગુણસ્થાને એક જ સંવર હોવાથી તેમાં અવિરતપણાનો વ્યપદેશ કરવામાં કોઈ વિરોધ નથી. અને ફળ તો હેતુમાત્રને આધીન છે. તેને કાંઈ હાથથી ઢાંકી નહીં શકાય, અર્થાત્ વ્યપદેશ ભલે “અવિરત” તરીકે જ થાય પણ મિથ્યાદર્શનશલ્યથી વિરતિ તો તેમણે કરી જ છે. સંવરરૂપ ધર્મને તેમણે આરાધ્યો જ છે. તેથી તેનું ફળ પણ મળવાનું જ છે, એવો વિશ્વાસ રાખવો જોઈએ.

સૂર્યાભદેવ ધર્મવ્યવસાયનું ગ્રહણ કરવા પૂર્વક અતિશયિત ભક્તિભાવથી પુષ્ટ એવી દેવાધિદેવની પૂજાની વિધિ કરે છે, જેનું વર્ણન શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં કર્યું છે, તે પણ આ જ રીતે સંગત થાય છે. તે સૂત્રપાઠ આ મુજબ છે - પછી તે સૂર્યાભ દેવને સામાનિક પર્ષદામાં ઉત્પન્ન થનારા દેવો પુસ્તકરત્ન આપે છે. પછી તે સૂર્યાભ દેવ પુસ્તકરત્નનું ગ્રહણ કરે છે, પુસ્તકરત્નને ખોલે છે, પુસ્તકરત્નને



गिण्हति पोत्थयरयणं पडिखिवति सिंहासणाओ अब्भुट्ठेइ २ ववसायसभाओ पुरित्थिमिल्लेण तोरणेणं तिसोवाणपडिरूवएणं पच्चोरूहइ २ हत्थपादं पक्खालेति २ आयंते चोक्खे परमसुईभूए सेयरययामयं विमलसलिलपुण्णं मत्तगयमहामुहागितिसमाणं भिंगारं पगिण्हइ २ जाइं तत्थ उप्पलाइं जाव सयसहस्सपत्ताइं ताइं गिण्हति २ णंदातो पुक्खरणीतो पच्चोरुहति जेणेव सिद्धायतणे तेणेव पहारेत्थ गमणाए । तते णं तं सूरियाभं देवं चत्तारि सामाणियसाहस्सीओ जाव सोलस आयक्खदेवसाहस्सीओ अन्ने य बहवे सूरियाभ जाव देवीओ य अप्पेगतिया उप्पलहत्थगया जाव सयसहस्सपत्तहत्थगया सूरियाभं देवं पिट्ठतो समणुगच्छंति । तते णं तं सूरियाभं देवं बहवे

**દેવધર્મોપનિષદ્**

વાંચે છે. પુસ્તકરત્નને વાંચીને ધાર્મિક-વ્યવસાયનું ગ્રહણ કરે છે. પુસ્તકરત્નને પાછું મૂકી દે છે. સિંહાસનથી ઊભા થાય છે. ઊભા થઈને વ્યવસાય સભામાંથી પૂર્વદિશાના તોરણથી ત્રિસોપાન પ્રતિરૂપક દ્વારા નીચે ઉતરે છે, ઉતરીને હાથ-પગનું પ્રક્ષાલન કરે છે. પ્રક્ષાલન કરીને આચમન કરેલા, ચોક્ખા, પરમ શુચિભૂત એવા સૂર્યાભદેવ શ્વેત રજતથી બનેલા, નિર્મળ જળથી પૂર્ણ, મત્ત હાથીના મોટા મુખની આકૃતિ સમાન એવા કળશનું ગ્રહણ કરે છે. તેનું ગ્રહણ કર્યા બાદ જે ત્યાં ઉત્પલો (કમળો) યાવત્ શતપત્ર, સહસ્રપત્ર (વગેરે જાતના કમળો) છે તેનું ગ્રહણ કરે છે. નંદા પુષ્કરિણીમાંથી બહાર આવે છે અને જ્યાં સિદ્ધાયતન છે ત્યાં ગમન કરવા સજ્જ થાય છે.

પછી તે સૂર્યાભ દેવની પાછળ પાછળ ચાર હજાર સામાનિકો, સોળ હજાર આત્મરક્ષક દેવો અને અન્ય પણ ઘણા સૂર્યાભ વિમાનના નિવાસી દેવ-દેવીઓ - કેટલાંક હાથમાં ઉત્પલો લઈને, તો કેટલાંક હાથમાં શતસહસ્રપત્રોને લઈને જાય છે. પછી ઘણા આભિયોગિક દેવો

आभिओगिया देवा य देवीओ य अप्पेगइया कलसहत्थगया जाव अप्पेगइया धूवकडुच्छुयहत्थगता हट्ठतुट्ठ जाव सूरियाभं देवं पिट्ठतो २ समणुगच्छंति तते णं सूरियाभे जाव देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव णातियरवेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छति सिद्धायतणं पुरित्थिमिल्लेणं दारेणं अणुपविसति २ जेणेव देवच्छंदे जेणेव जिणपडिमाओ तेणेव उवागच्छति जिणपडिमाणं आलोए पणामं लोमहत्थगं गिण्हति २ जिणपडिमातो सुरभिणा गंधोदएणं ण्हाएति ण्हाइत्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपित्ता जिणपडिमाणं अहयाइं देवदूसजुअलाइं नियंसेइ २ पुप्फारुहणं मल्लारुहणं चुन्नारुहणं वत्थारुहणं आभरणारुहणं करेति करित्ता

**દેવધર્મોપનિષદ્**

અને દેવીઓ - કેટલાંક હાથમાં કળશ લઈને યાવત્ કેટલાક હાથમાં ધૂપદાનીઓ લઈને, હૃષ્ટ તુષ્ટ થઈને સૂર્યાભ દેવની પાછળ પાછળ જાય છે.

પછી સૂર્યાભ દેવ યાવત્ દેવો અને દેવીઓથી સમ્યક્ પરિવૃત થઈને સર્વ ઋદ્ધિથી યાવત્ નાદ કરેલા અવાજ સાથે જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં જ આવે છે. પૂર્વ દ્વારથી સિદ્ધાયતનમાં પ્રવેશ કરે છે. જ્યાં દેવચ્છંદ છે અને જ્યાં જિનપ્રતિમાઓ છે, ત્યાં જ આવે છે. જિનપ્રતિમાઓના દર્શન થતાંની સાથે જ પ્રણામ કરે છે. રુંવાટાવાળુ પ્રમાર્જનનું ઉપકરણ લે છે. લઈને (પ્રમાર્જન કરે છે.) જિનપ્રતિમાને સુરભિ ગંધોદકથી અભિષેક કરે છે. અભિષેક કરીને સરસ એવા ગોશીર્ષ ચંદનથી ગાત્રોને અનુલિંપન કરે છે. પછી જિનપ્રતિમાઓને સુંદર દેવદૂષ્યયુગલો પહેરાવે છે. પછી પુષ્પ, માલ્ય, ચૂર્ણ, વસ્ત્ર અને આભરણોનું આરોપણ કરે છે. નીચે જમીન સુધી સ્પર્શતા અને ઉપર ચંદરવા સુધી સંબદ્ધ એવા, વિપુલ, વૃત, પ્રલંબિત એવી પુષ્પમાળાના



आसत्तोसत्तविउलवट्टवग्घारियमल्लदामकलावं करेइ करित्ता कयग्गहगहियकरयलप्पब्भट्ठविप्पमुक्केणं दसद्धवन्नेणं कुसुमेणं मुक्कपुप्फपत्तोवयारकलियं करेति करित्ता जिणपडिमाणं पुरतो अच्छेहिं सण्हेहिं रययामएहिं अच्छरसाहिं तंदुलेहिं अट्ठमंगलए आलिहइ तं जहा सत्थियं जाव दप्पणं । तयणंतरं च णं चंदप्पभरयणवइरवेरुलियविमलदंडकंचणमणिरयणभत्तिचित्तं कालागुरु-पवरकुंदुरुक्कधूवमघमघंतगंधुत्तमाणुविद्धं धूववट्टिं विणिम्मुयंतं वेरुलियमयं कुडुच्छुयं पग्गहिय पत्तेयं २ धूवं दाउण जिणवराणं अट्ठसयविसुद्धगंथजुत्तेहिं महावित्तेहिं संथुणइ । सत्तट्ठपयाइं पच्चोसक्कइ

**દેવધર્મોપનિષદ્**

સમૂહની રચના કરે છે. કરીને જેમ કોઈ યુવાન યુવતીના વાળ પકડે એવી પકડથી હાથમાં ગ્રહણ કરીને છોડેલા અને તેથી પડેલા એવા પંચવર્ણવાળા પુષ્પથી મુક્ત એવા પુષ્પ અને પત્રોના ઉપચારથી શણગારથી યુક્ત કરે છે. કરીને જિનપ્રતિમાની આગળ સુંદર, સૂક્ષ્મપુદ્ગલોથી નિર્મિત એવા સ્કંધના દેશરૂપ, અત્યન્ત નિર્મળ એવા રજતમય ચોખાથી અષ્ટમંગળનું આલોખન કરે છે. તે આ પ્રમાણે - સ્વસ્તિક યાવત્ દર્પણ.

પછી જેમાં ચન્દ્રપ્રભ રત્ન, વજ અને વૈડૂર્યનો બનેલો નિર્મળ દંડ છે તેવી, સુવર્ણ, મણિ અને રત્નોના વિભાગોથી જે વૈવિધ્યપૂર્ણ છે તેવી, કાલાગુરુ - ઉત્તમ કુંદુરુકના ધૂપથી મઘમઘાયમાન, શ્રેષ્ઠ સુરભિથી યુક્ત એવી ધૂપવર્તિ (ધૂપની ધૂમરેખા ?) ને છોડતી એવી વૈડુર્યરત્નમય ધૂપદાની લઈને પ્રત્યેક પ્રત્યેક ધૂપ દઈને - ધૂપપૂજા કરીને જિનેશ્વરોને ૧૦૮ વિશુદ્ધગ્રંથ યુક્ત એવા મહાવૃત્તોથી (છંદમય મહાન સ્તુતિઓથી) સ્તવે છે.

સાત-આઠ ડગલા પાછળ જાય છે, જઈને ડાબા પગને ઊંચો

२ वामं जाणु अंचेइ दाहिणं जाणु धरणितलंसि निहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि निवेसेइ २ इसिं पच्चुन्नमइ २ करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी नमोत्थुणं जाव संपत्ताणं वंदइ णमंसइ।।१५।। अयमेव पाठः प्रायो विजयदेव-वक्तव्यतायां जीवाभिगमेऽपि ।।१६।। अमून्यक्षराणि जम्बूद्वीपप्रज्ञप्त्या-दावप्यूह्यानि । ननु जिनप्रतिमानामिव द्वारशाखाशालभञ्जिकादीनामप्य-र्चनश्रवणं "धम्मियं ववसायं ववसइत्ति" धार्मिकं धर्मानुगतं व्यवसायं व्यवस्यति कर्तुमभिलषतीति भाव इति सामान्यत एव वृत्तौ व्याख्यानाच्च कुलधर्मानुगत एवायं व्यवसायो भविष्यति "दसविहे



કરે છે, અને જમણા પગને જમીન પર સ્થાપે છે, ત્રણ વાર મસ્તકને ધરતી પર અડાવે છે. પછી મસ્તક થોડું ઊંચું કરે છે. અર્થાત્ થોડી નમેલી - નમ્ર મુદ્રામાં રહે છે અને બે હાથ જોડીને શીર્ષાવર્ત કરીને મસ્તકે અંજલિ કરીને એમ કહે છે - નમુત્થુણં યાવત્ સંપત્તાણં (નમુત્થુણં સૂત્ર બોલે છે.) વંદન અને નમસ્કાર કરે છે.

આ જ પાઠ પ્રાયઃ વિજયદેવની વક્તવ્યતામાં જીવાભિગમમાં પણ છે. વળી આ જ શાસ્ત્રાક્ષારો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરેમાં પણ છે એમ જાણવું.

**પૂર્વપક્ષ** - બસ... ભાવતું ને ફાવતું ઉપાડી લીધું. ફરી એ જ રાજપ્રશ્નીય આગમ ખોલો અને જુઓ, આગળ શું લખ્યું છે ? એ જ સૂર્યાભદેવ જિનપ્રતિમાની જેમ બારસાખ ને પૂતળીઓની પણ પૂજા કરે છે. જોઈ લીધો એ પાઠ ? બોલો, આ કયો ધર્મ છે ?

વળી "ધાર્મિક વ્યવસાય કરે છે" એ પાઠની ટીકામાં સામાન્યથી એટલી જ વ્યાખ્યા કરી છે કે ધાર્મિક-ધર્માનુગત વ્યવસાય કરે છે = કરવાને ઈચ્છે છે.



धम्मे पन्नत्ते गामधम्मे, नगरधम्मे, रज्जधम्मे, पासंडधम्मे, कुलधम्मे, गण-, संघ-, सुअ-, चरित्तधम्मे, अत्थिकायधम्मेत्ति" सूत्रे दशधा धर्मपदार्थस्य विभक्तत्वादिति चेन्न द्वारशाखाद्यर्चनाज्जिनप्रतिमार्चने आलोकप्रणामशक्रस्तवाष्टोत्तर-शतवृत्तस्तोत्रादीनां स्फुटतरस्य विशेषस्य सूत्र एवोपलभ्यमानत्वात् । धर्मव्यवसायस्य तत्र सम्यक्त्वानुगतस्यैव सम्भवात् । अत एवाभिनवोत्पन्नस्य सूर्याभस्य "किं मे पूर्वं श्रेयः किं मे पश्चाच्छ्रेय" इति प्रश्ने सामानिकदेवैर्जिनप्रतिमार्चनं



માટે આ વ્યવસાય કુલધર્માનુગત જ હશે. કારણ કે આગમમાં ધર્મપદાર્થના દશ ભેદો કહ્યા છે. (૧) ગ્રામધર્મ (૨) નગરધર્મ (૩) રાજ્યધર્મ (૪) પાસંડધર્મ (૫) કુલધર્મ (૬) ગણધર્મ (૭) સંઘધર્મ (૮) શ્રુતધર્મ (૯) ચારિત્રધર્મ (૧૦) અસ્તિકાય ધર્મ.

માટે ધર્મની સિદ્ધિ થાય, તો ય તમારા સપના સાકાર થવાના નથી. કરવા ગયા કાંઈક અને થઈ ગયું કાંઈક. આ તો પેલાના જેવું થયું. विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् - બધી કળા ઠાલવીને ગણપતિની મૂર્તિ ઘડનારે આખરે વાંદરાની રચના કરી દીધી. બોલો, હવે બચાવમાં કાંઈ કહેવું છે ?

**ઉત્તરપક્ષ** - તમે અવકાશ આપો તો કહીએ ને ? જુઓ, બારસાખને પૂતળીઓની પૂજા કરી એ વાત સાચી પણ જેવી જિનપ્રતિમા પાસે કરી એવી જ વિધિ અહીં નથી કરી. તમે મધ્યસ્થ થઈને આ જ સૂત્રપાઠનું નિરીક્ષણ કરો. જિનપ્રતિમાના દર્શન થતાની સાથે પ્રણામ કરે છે, શક્રસ્તવ બોલે છે, ૧૦૮ છંદોથી સ્તોત્રપાઠ કરે છે આવા તો કેટલાંય તફાવતો સ્પષ્ટપણે સૂત્રમાં જ ઉપલબ્ધ થાય છે.

વળી ધર્મવ્યવસાય પણ ત્યાં સમ્યક્ત્વાનુગત જ સંભવે છે. તેથી જ નવા ઉત્પન્ન થયેલા સૂર્યાભ દેવ જ્યારે પ્રશ્ન કરે છે કે મારું પૂર્વે

[1]जिनसम्बन्ध्यर्चनं चेति द्वयमेव तथोत्तरितमित्युभयत्र वैधीयं प्रवृत्तिरन्यत्र तु रागप्राप्ता यथा भरतेशस्य भगवज्ज्ञानोत्पत्तौ चक्रोत्पत्तौ चेति न कश्चिद्दोषः । अयं चात्र पाठः - "तए णं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तिए पज्जत्तभावं गयस्स समाणस्स इमे

**દેવધર્મોપનિષદ્**

કલ્યાણકર શું છે ? અને મારું પશ્ચાત્ કલ્યાણકર શું છે ? ત્યારે સામાનિક દેવો તેના ઉત્તર તરીકે બે જ વસ્તુ કહે છે - (૧) જિનપ્રતિમાનું અર્ચન (૨) જિનસંબંધી (અસ્થિ) નું અર્ચન. માટે આ બેમાં સૂર્યાભ દેવે જે પ્રવૃત્તિ કરી તે "વિધિ" સમજીને કરેલી પ્રવૃત્તિ હતી. આ જ મારું કલ્યાણ કરનારી - મારા અભિવાંછિત - ઈષ્ટના સાધનભૂત એવી ક્રિયા છે, એમ સમજીને કરેલી પ્રવૃત્તિ હતી.

એનાથી બીજે બારસાખ ને પૂતળીઓની પૂજારૂપ જે પ્રવૃત્તિ કરી એ તો રાગથી કરેલી હતી. જેમકે ભરત ચક્રવર્તીએ ભગવાનના કેવળજ્ઞાનની ઉત્પત્તિ સમયે જે મહોત્સવાદિ કર્યું, એ "વિધિ"થી પ્રવૃત્ત થઈને કર્યું અને ચક્રરત્નની ઉત્પત્તિ સમયે જે મહોત્સવ, પૂજા વગેરે કર્યું એ રાગથી કર્યું હતું. ધાર્મિક એવા પણ છદ્મસ્થ સંસારી જીવમાં આ બંને પ્રવૃત્તિ સંભવે જ છે. આજે પણ આવી પ્રવૃત્તિ દૃષ્ટિગોચર થાય જ છે. આમ છતાં તેઓ ધાર્મિક નથી, એવું નથી કહેવાતું. માટે સૂર્યાભ દેવે બારસાખ આદિની પૂજા કરી, તેમાં અમારી માન્યતાને કોઈ અડચણ આવતી નથી.

અહીં એ પાઠ પણ આપીએ છીએ. પછી તે સૂર્યાભદેવ પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તભાવને પામે છે. (અહીં ભાષા અને મન પર્યાપ્તિને એક સાથે ગણી છે તેથી છ ને બદલે પાંચ પર્યાપ્તિ કહી છે. તેમાં કેવલિદષ્ટ કોઈ કારણ હોવું જોઈએ.) તે સમયે સૂર્યાભદેવને આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિન્તિત, પ્રાર્થિત અને મનોગત - હજુ વચન

१. क - जिनसक्थ्य० ।



एतारूवे अब्भत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था "किं मे पुव्विं करणिज्जं किं मे पच्छा करणिज्जं किं मे पुव्विं सेयं किं मे पच्छा सेयं किं मे पुव्विं पच्छावि हियाए सुहाए खमाए निस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ ? तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा सूरियाभस्स इममेतारूवमब्भत्थियं जाव समुप्पन्नं समभिजाणित्ता जेणेव सू० ते० सूरियाभं देवं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेंति २ एवं वयासी एवं खलु देवाणुप्पियाणं सूरियाभे विमाणे सिद्धायतणंसि जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं अट्ठसयं सन्निखित्तं चिट्ठति सभाए णं

**દેવધર્મોપનિષદ્**

દ્વારા પ્રગટ નહીં કરેલ એવો સંકલ્પ ઉત્પન્ન થયો. તે આ પ્રમાણે - મારે પૂર્વે કરવા યોગ્ય શું છે ? મારે પછી કરવા યોગ્ય શું છે ? પૂર્વે મારું કલ્યાણકર શું છે ? પછી મારું કલ્યાણકર શું છે ? એવું શું છે કે જે મને પહેલા પણ અને પછી પણ હિત માટે, સુખ માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે અને પરંપરાએ શુભ અનુબંધવાળા સુખ માટે થશે ?

તે સમયે સૂર્યાભ દેવની સામાનિક પર્ષદામાં ઉત્પન્ન થનારા દેવો સૂર્યાભ દેવના આ અભ્યર્થિત યાવત્ સમુત્પન્ન સંકલ્પને જાણીને જ્યાં સૂર્યાભ દેવ છે ત્યાં આવીને સૂર્યાભ દેવને બંને હાથો જોડીને માથે અંજલિ કરીને જય અને વિજય શબ્દો વડે વધામણા કરે છે. વધામણા કરીને આ પ્રમાણે કહે છે - "દેવાનુપ્રિય એવા આપના સૂર્યાભ નામના વિમાનમાં સિદ્ધાયતનમાં જિનેશ્વર ભગવંતોની ઊંચાઈની પ્રમાણની ૧૦૮ જિનપ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે તથા સુધર્મા સભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ વૃત્ત સમુદ્ગકોમાં ઘણા જિન-

सुहम्माए माणवए चेइए खंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुईओ जिणसकहाओ सन्निक्खित्ताओ चिट्ठंति ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ तं जहा एयं णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं एयं णं देवाणुप्पियाणं पच्छा करणिज्जं तं एयं णं देवाणुप्पियाणं पुव्विं सेयं तं एयं णं देवाणुप्पियाणं पच्छा सेयं तं एयं णं देवाणुप्पियाणं पुव्विं पच्छावि हियाए सुहाए खमाए निस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ" इति ।।१७।। नन्वत्र पूर्वपश्चाच्छब्दाभ्यां तद्भवीयकालत्रयव्यापिश्रेयोहेतुताया एव प्रतिपादनात्सूर्याभादीनां जिनप्रतिमार्चनमपि नामुष्मिकफलहेतुरिति

**દેવધર્મોપનિષદ્**

અસ્થિઓ સમ્યક્રૂપે રાખેલા છે. તે દેવાનુપ્રિય એવા આપને તથા અન્ય ઘણા વૈમાનિક દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. આ દેવાનુપ્રિયને પૂર્વે કરવા યોગ્ય છે, આ પછી કરવા યોગ્ય છે. આ દેવાનુપ્રિયને પૂર્વે કલ્યાણકર છે, આ દેવાનુપ્રિયને પછી કલ્યાણકર છે. આ દેવાનુપ્રિયને પૂર્વે, પછી પણ હિત, સુખ, સંગતપણું, નિશ્ચિત કલ્યાણ અને અનુબંધ સુખ માટે થશે.

**પૂર્વપક્ષ** - ભૂરિ ભૂરિ અનુમોદના. તમે એટલા બધા ભદ્રિક છો કે તમારી પોલ તમે પોતે જ ખોલી દો છો. આ જ પાઠમાં પૂર્વ અને પશ્ચાત્ આ શબ્દોથી તે જ ભવના ત્રણે કાળમાં વ્યાપ્ત એવી કલ્યાણની હેતુતાનું પ્રતિપાદન કર્યું છે. અર્થાત્ સૂર્યાભ દેવ એમ વિચારે છે કે મને આ ભવમાં પૂર્વે - પછી અને વર્તમાન એમ ત્રણે કાળમાં શું હિતકર છે ? અને તે ભવના કાળત્રયમાં હિત થાય તે હેતુથી જ જિનપ્રતિમાની પૂજા કરે છે. માટે સૂર્યાભદેવ, વિજયદેવ વગેરે દ્વારા કરાયેલી જિનપ્રતિમાપૂજા પણ પરલોકમાં કલ્યાણકર એવા



मोक्षार्थिना विरतिमता नैतदालम्बनं विधेयमिति चेन्न पश्चाच्छब्देन तद्भवीयानागतकालस्यैवाक्षेप इत्यत्र मानाभावात्-"अम्मताय ! मए भोगा भुत्ता विसफलोवमा । पच्छा कडुयविवागा अणुबंधदुहावहा ।।१।।" इति मृगापुत्रीयाध्ययने पश्चाच्छब्देनामुष्मिकानागतकालस्य स्पष्टमेवाभिधानात् । किं च "किं मे पुव्विं करणिज्जं किं मे पच्छा करणिज्जं" इत्यनेन तद्भवे कालत्रये तस्यावश्यकर्तव्यत्वमेव जिज्ञासितं सूर्याभादिभिः । तच्च निश्चित्य द्वयमभिहितं निश्चिताप्तभावैः सामानिकैरिति कथं न तस्यामुष्मिकफलता प्रदेशिने[1]

**દેવધર્મોપનિષદ્**

ફળનું કારણ બનતી નથી. માટે જે મોક્ષાર્થી અને વિરતિધર છે તેમણે દેવોએ કરેલી પૂજાનું આલંબન ન લેવું જોઈએ.

**ઉત્તરપક્ષ** - ના, તેવું નથી કારણ કે પશ્ચાત્ શબ્દથી તે ભવના ભવિષ્યકાળનો જ આક્ષેપ થાય છે એ વાતમાં કોઈ પ્રમાણ નથી.

**પૂર્વપક્ષ** - ઠીક છે, પણ તમને મનગમતો અર્થ કરવામાં શું પ્રમાણ છે, એ તો કહો ?

**ઉત્તરપક્ષ** - સાંભળો, ઉત્તરાધ્યયનસૂત્રનું ૧૯મું અધ્યયન છે મૃગાપુત્રીય. તેમાં મૃગાપુત્ર કહે છે કે - હે માતા પિતા ! મેં વિષફળ જેવા ભોગોને ભોગવ્યા. જે પશ્ચાત્ (પછી) કડવું ફળ આપનારા થયા અને મને અનવચ્છિન્ન દુઃખ આપનારા થયાં." આ રીતે અહીં પશ્ચાત્ - શબ્દથી પારલૌકિક ભવિષ્યકાળને સ્પષ્ટપણે જ કહ્યો છે. વળી મારે પૂર્વે કરવા યોગ્ય શું છે ? અને પછી કરવા યોગ્ય શું છે ? એનાથી તો સૂર્યાભ દેવે તે જ જાણવાની ઈચ્છા કરી છે કે તે જ ભવમાં ત્રણે કાળમાં તેનું આવશ્યક કર્તવ્ય શું છે ? અને જેમના આપ્તપણાનો નિશ્ચય થયો છે (સામાનિકદેવો સમ્યગ્દષ્ટિ છે અને

१. क-ग-घ - ०शिनि ।

केश्याज्ञप्तपूर्वपश्चाद्रमणीयताया इवेति विचारणीयम् । भवान्त-

देवधर्मोपनिषद्

તેથી તેઓ ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરે. એવું મહોપાધ્યાયજીએ પ્રતિમાશતકમાં સિદ્ધ કર્યું છે.) તેવા સામાનિકોએ નિશ્ચય કરીને બે જ વસ્તુ આવશ્યક કર્તવ્ય તરીકે કહી છે, તો પછી તે પરલોકમાં ફળ આપનારી કેમ ન થાય ?

આશય એ છે કે સૂર્યાભ દેવે ત્રણે કાળમાં યાવત્ પોતાના ભવના છેડે પણ જે કરણીય હોય તેની જિજ્ઞાસા કરી હતી અને એ કરણીયની ફળ તરીકે પશ્ચાત્ કલ્યાણની ઈચ્છા કરી હતી. જીવનના છેડે જે અનુષ્ઠાનથી ભવિષ્યના કલ્યાણની કામના કરાય, એ તો પરલોકમાં કલ્યાણપ્રાપ્તિ કરવા માટે જ છે એમ જ સમજવું જોઈએ.

જેમકે સૂર્યાભ દેવનો જીવ પૂર્વભવમાં પ્રદેશી રાજા હતો ત્યારે તેને કેશીસ્વામિએ એમ કહ્યું હતું કે "હે પ્રદેશી ! તું પૂર્વે રમણીય થઈને પછી અરમણીય નહીં થતો." અર્થાત્ તું પૂર્વે અન્યોને દાન આપતો હતો, હવે જો જૈન ધર્મના સ્વીકાર પછી દાન નહીં આપે તો અમને અંતરાયનો દોષ લાગશે અને જિનધર્મની અપભ્રાજના થવાનો પણ પ્રસંગ આવશે માટે એવું તું નહીં કરતો.

અહીં કેશીસ્વામિએ પ્રદેશી રાજાને પૂર્વ-પશ્ચાત્ બંનેમાં રમણીય બની રહેવાનો જે નિર્દેશ કર્યો તેના પાલનથી પ્રદેશી રાજા આમુષ્મિક ફળ પણ મેળવવાનો જ છે - ઉભય લોકમાં તેનું ફળ ભોગવવાનો છે.

તેમ પૂર્વે શું કરણીય ? અને પછી શું કરણીય ? એવા સૂર્યાભદેવના પ્રશ્નમાં પણ સમજવું જોઈએ. તેથી ત્રણ કાળમાં યાવત્ ભવના અંતે પણ એવું શું કરણીય છે કે જે ભવિષ્યમાં કલ્યાણકારક થાય ? એવો પ્રશ્ન સૂર્યાભ દેવને થયો. અને આપ્ત એવા સામાનિક દેવોએ તેનો જ જવાબ આપ્યો છે, માટે જિનપ્રતિમાપૂજનાદિનું



रार्जितशुभकर्मभोगरूपोचितप्रवृत्तिमात्रेण तच्चरितार्थमात्रोक्तावन्य-तीर्थिकमतप्रवेशः । एवं हि तपःसंयमादिकष्टमपि भवान्तरार्जित-कर्मभोगसाधनमात्रमिति वदन् बौद्धदुर्दुरूढ एव । विजये-

દેવધર્મોપનિષદ્

આમુષ્મિક ફળ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ** - જુઓ, અમે તમને બીજી રીતે સંગતિ કરી આપીએ. અહીં કલ્યાણહેતુતા પરલોકસંબંધી નહીં સમજવાની. આ તો સૂર્યાભ દેવને પૂર્વભવમાં ઉપાર્જિત શુભ કર્મના ભોગરૂપ ઉચિત પ્રવૃત્તિરૂપ કરણીય શું છે ? એવો જ પ્રશ્ન થયો હતો. અર્થાત્ - હવે હું એવું શું કરું કે જેનાથી હું મારા પૂર્વકૃત પુણ્યનો ભોગવટો કરી શકું ? આ જ પ્રશ્ન સૂર્યાભ દેવને થયો હતો. હવે એ કરણીયને લઈને તમારે પરલોક સુધીની લાંબી લાંબી કલ્પનાઓ કરવાની કોઈ જરૂર નથી. એ સંકલ્પ આદિની કથા આટલામાં જ સમાપ્ત થઈ જાય છે.

**ઉત્તરપક્ષ** - જો આવું કહેશો તો તમારો અન્યતીર્થિકોના મતમાં પ્રવેશ થઈ જશે. કારણકે અમુક અન્ય તીર્થિકો એવું માને છે કે જે આરાધના કરો એ પણ પૂર્વકૃત તથાવિધ કર્મના ઉદયરૂપ જ છે. એ કર્મ એ જ રીતે ભોગવાઈ શકે તેવું હતું. અને એ રીતે જ ભોગવાઈ જાય છે. આરાધનાનું કશું ફળ મળતું નથી. હા, એ કર્મ ભોગવાઈ ગયું એટલું ફળ માની શકાય, બાકી પરલોકમાં તેનાથી સુખ મળે છે, તેવી વાતો કાલ્પનિક જ છે.

બોલો, જવું છે તમારે એમના મતમાં ? અરે, આ રીતે તો જે એમ કહે છે કે તપ- સંયમ વગેરે કષ્ટ પણ ભવાંતરાર્જિત કર્મને ભોગવવાનું સાધન જ છે. પૂર્વે કોઈએ અશાતા વેદનીય કર્મને બાંધ્યું, અને એ એને ઉપવાસ દ્વારા ભોગવાઈ ગયું. એ સિવાય તપ-સંયમનું કાંઈ ફળ નહીં. આ કોઈ સાધના નથી, બલ્કે કર્મોદય જ છે - એ

नामुष्मिकशुभावहादृष्टार्जनेन समाधानं तूभयत्र तुल्यम् । ऐहिकविध्वंसहेतुमङ्गलमात्रतया मोक्षहेतुतानिराकरणं चोद्यमप्युभयत्र



બૌદ્ધને પણ કોઈ પ્રત્યુત્તર નહીં આપી શકાય. કારણકે તમારી સંગતિઓ એમના મતને સંકળાયેલી છે. બોલો, મંજૂર છે ને ?

**પૂર્વપક્ષ** - અરે.... તમે તો તૂટી જ પડો છો. જુઓ તપ-સંયમ વગેરેરૂપી કષ્ટ વેઠે એ અશાતાનો ઉદય ખરો, પણ એ કષ્ટ = ક્ષુધાવેદનીય વગેરે પરીષહો પર વિજય મેળવવા દ્વારા પરલોકમાં કલ્યાણ કરનારા એવા કર્મનું ઉપાર્જન પણ થાય છે, એવું અમે માનીએ છીએ. તેથી તપ વગેરે માત્ર કર્મોદયરૂપ નથી, એક આરાધના પણ છે જેનાથી પુણ્યકર્મનું ઉપાર્જન થાય છે.

**ઉત્તરપક્ષ** - શાબાશ, આ સમાધાન તો તમારા અને અમારા બંને પક્ષે તુલ્ય જ છે. સૂર્યાભ, વિજય વગેરે દેવોને જિનપૂજાના સંયોગો મળ્યા એ તેમના ભવાંતરમાં કરેલા શુભાનુબંધી પુણ્યકર્મનો ઉદય છે અને ઉછળતા ભાવોથી કરેલી જિનભક્તિ તેમને ઉચ્ચ કક્ષાનું પુણ્ય પણ બંધાવી દે છે. તેથી તેમણે કરેલી જિનપૂજા પરલોકમાં કલ્યાણ કરનારી થાય છે, એમ માન્યા વિના છૂટકો જ નથી.

**પૂર્વપક્ષ** - જુઓ, આપણે મંગલ કરીએ છીએ એનું ફળ શું હોય છે ? અભ્યાસ કરતાં વિઘ્ન ન આવે એ જ ને ? તેથી મંગલનું ફળ ઐહિક વિઘ્નનો વિધ્વંસ થાય એ જ હોય છે. એ રીતે સૂર્યાભ દેવ વગેરેએ કરેલી જિનપૂજા એ માત્ર ઐહિક વિઘ્નોના વિધ્વંસનો હેતુ એવું મંગલ જ હતું. માટે એને મોક્ષનું કારણ ન કહી શકાય. અને તેથી એને ધર્મની કક્ષામાં પણ ન મૂકી શકાય.

**ઉત્તરપક્ષ** - સરસ, હવે તમારા આ જ વ્યાખ્યાનમાં "સૂર્યાભ દેવ વગેરેએ કરેલી જિનપૂજા" આના સ્થાને "તપ-સંયમ" મૂકી દો. અને



सुवचं समसमाधानं च "धम्मो मंगलमुक्किट्ठ"मित्यादिना तपःसंयमादौ मङ्गलरूपतायाः स्पष्टमेवोक्तत्वात् ।।१८।। एतेन स्थितिरूपमेव जिनप्रतिमाद्यर्चनं देवानां न तु धर्मरूपमिति धर्मश्रृगालादिप्रलपितम-



પછી ફરીથી વ્યાખ્યાન આપો. થઈ ગયા ઠંડાગાર ? ભલા માણસ ! આ રીતે તો તપ-સંયમ પણ મંગલમાત્ર બની જશે અને મોક્ષના હેતુ નહીં રહે. અને એ તો તમને પણ માન્ય નથી.

**પૂર્વપક્ષ** - અરે, પણ તપ-સંયમ એ મંગલ છે, એવું તમે ક્યાંથી લઈ આવ્યાં ?

**ઉત્તરપક્ષ** - દશવૈકાલિક સૂત્રમાંથી. તેની પ્રથમ ગાથામાં જ કહ્યું છે કે, "અહિંસા-સંયમ અને તપ સ્વરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે." આમ અહીં તપ-સંયમ એ મંગળભૂત છે એમ સ્પષ્ટ જ કહ્યું છે.

**પૂર્વપક્ષ** - તો પછી તપ-સંયમ એ મંગળ હોવા સાથે ધર્મ છે અને તેથી જ મોક્ષના હેતુ પણ છે, એમ અમે કહીશું.

**ઉત્તરપક્ષ** - શાબાશ, આ જ સમાધાન અમારે પક્ષે પણ સમાન જ છે. અર્થાત્ સૂર્યાભદેવ વગેરેએ કરેલી જિનપૂજા મંગળ પણ છે, ધર્મ પણ છે અને તેથી મોક્ષનો હેતુ પણ છે.

વાસ્તવમાં મંગલથી માત્ર વિઘ્નધ્વંસ જ થાય છે તેવું નથી. શુભ પ્રણિધાન દ્વારા પુણ્યબંધ પણ થાય છે. માટે તમે સૂર્યાભદેવની જિનપૂજાને મંગલ તરીકે પૂરવાર કરો તો ય તેનાથી આમુષ્મિક (પારલૌકિક) કલ્યાણહેતુતાને કોઈ બાધ આવી શકે તેમ નથી.

**પૂર્વપક્ષ** - મુકોને આ બધી મંગલ ને ધર્મની મથામણ... આ દેવોની એક સ્થિતિ - આચાર જ છે કે જિનપ્રતિમા વગેરેની પૂજા કરવી. આ અનુષ્ઠાન એ કોઈ ધર્મ નથી. એટલે આમુષ્મિક કલ્યાણહેતુતાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

**ઉત્તરપક્ષ** - આ પણ ધર્મના ઓઠા નીચે શિયાળ જેવા લુચ્ચા

पास्तम् । स्थितेरपि धर्माधर्मरूपतया विवेचने धर्मस्थितावेव तस्यान्तर्भावस्य वाच्यत्वात् । धर्मे स्थितिपदं नास्तीति तु मुग्धजनध्यान्ध्यकरणमात्रम्, बृहत्कल्पषष्ठोद्देशके साधुधर्मेऽपि स्थितिपदस्य स्पष्टमभिधानात् । "छव्विहा कप्पट्ठिई पन्नत्ता तंजहा सामाइयसंजयकप्पट्ठिइ १ छेओवट्ठावणियकप्पट्ठिइ २ णिव्वि-समाणकप्पट्ठिइ ३ णिविट्ठकाइयकप्पठि्ठइ ४ जिणकप्पठि्ठइ ५ थेरकप्पठि्ठइत्ति ६ ।।१९।। एतेन लोकसङ्ग्रहार्थतास्थितावपि प्रत्युक्तम्,

देवधर्मोपनिषद्

જીવોનો પ્રલાપ છે. અને એ વાત પણ પૂર્વોક્ત સમાધાનથી જ ઉડી જાય છે. અર્થાત્ એ અનુષ્ઠાન ક્યાં સ્વરૂપનું હતું એનો જે હમણા વિચાર કરી ગયાં, તેના પરથી એ ધર્મ તરીકે જ પૂરવાર થાય છે.

તમે એ અનુષ્ઠાનને "સ્થિતિ" કહેવા માંગો છો ને ? ઠીક છે, પણ પહેલા એક જવાબ આપો કે એ સ્થિતિ પણ ધર્મરૂપ છે કે અધર્મરૂપ ? હવે તમારે ન છૂટકે પણ "ધર્મરૂપ સ્થિતિમાં જ એ અંતર્ભાવ પામે છે" એમ કહેવું પડશે.

**પૂર્વપક્ષ** - ધર્મમાં સ્થિતિ જેવી કોઈ વસ્તુ જ હોતી નથી. માટે તમે સ્થિતિ એ ધર્મરૂપ છે કે અધર્મરૂપ આવો પ્રશ્ન જ ન કરી શકો.

**ઉત્તરપક્ષ** - ધર્મમાં સ્થિતિ જેવું કાંઈ નથી, એ તો ભોળા લોકોને ભરમાવવા જેવું જ છે. કારણકે બૃહત્કલ્પસૂત્રમાં છટ્ઠા ઉદ્દેશામાં સાધુધર્મમાં પણ સ્પષ્ટપણે "સ્થિતિ"-પદ કહ્યું છે. આ રહ્યો તે પાઠ - છ પ્રકારની કલ્પસ્થિતિ કહી છે. તે આ પ્રમાણે (૧) સામાયિકસંયત કલ્પસ્થિતિ (૨) છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ (૩) નિર્વિશમાનકલ્પસ્થિતિ (૪) નિર્વિષ્ટકાયિકકલ્પસ્થિતિ (૫) જિનકલ્પસ્થિતિ (૬) સ્થવિરકલ્પસ્થિતિ.

જો સાધુધર્મમાં પણ સ્થિતિ હોય, તો જિનપૂજારૂપ ધર્મમાં કેમ ન હોય એ તમે જ વિચારી લો.



ज्ञानिनामपि लोकसङ्ग्रहस्य कर्मक्षपणार्थतयैवाभियुक्तैर्व्याख्याततत्वात् । तथा च प्राक्कृतकर्मफलभोगपक्ष एवमुपतिष्ठते स च प्रागेव प्रतिबन्द्या निरस्त इति ।।२०।। एतेनैव यत्र प्रत्यक्षनिर्देशे पश्चात्पूर्वशब्दाभ्यां फलोपदेशस्तत्रैवैहिकमात्रफलकत्वम् । यत्र च

देवधर्मोपनिषद्

**પૂર્વપક્ષ** - ઠીક છે. અમે એમ કહેશું કે એ લોકસંગ્રહ એ જેનું પ્રયોજન છે તેવી સ્થિતિ છે. અર્થાત્ લોકો આવર્જિત થાય તેના માટેનો એક આચાર છે.

**ઉત્તરપક્ષ** - અતિ સુંદર, એ જો લોકસંગ્રહના પ્રયોજનવાળી સ્થિતિ હોય તો પણ ધર્મરૂપ જ પૂરવાર થશે. કારણકે જ્ઞાની પુરુષો પણ લોકસંગ્રહ કરે છે અને તેમાં ઉદ્દેશ્ય કર્મનો ક્ષય જ હોય છે એમ વિદ્વાનોએ વ્યાખ્યા કરી છે.

**પૂર્વપક્ષ** - અરે પણ લોકસંગ્રહાર્થસ્થિતિ કર્મના ક્ષય માટે જ છે, એટલે પારલૌકિક ફળ તો તેનાથી નહીં જ મળે ને ?

**ઉત્તરપક્ષ** - તમે ફરી ફરીને ત્યાં જ આવી ગયાં. તમારી દલીલનો એ જ અર્થ છે કે "લોકસંગ્રહાર્થસ્થિતિ પણ માત્ર પૂર્વકૃત કર્મોનો ભોગવટો જ છે, તેનાથી કોઈ પુણ્યનું ઉપાર્જન થતું નથી." અને આ પક્ષનો તો અમે પૂર્વે જ પ્રતિબંદીથી નિરાસ કર્યો છે. અર્થાત્ જો અહીં માત્ર કર્મોદય જ માનશો તો તપ-સંયમમાં પણ કર્મોદય જ માનવો પડશે ઈત્યાદિ પ્રતિબંદી વડે અમે પૂર્વે જ આ પક્ષને ઉડાવી દીધો છે.

**પૂર્વપક્ષ** - જુઓ, મૂળ આપણો વિવાદ ત્યાં જ છે કે પૂર્વ અને પશ્ચાત્ શબ્દથી શું લેવું ? અહીં અમે તમને એક સચોટ રસ્તો આપી દઈએ છીએ. જ્યાં પ્રત્યક્ષ નિર્દેશ કરીને પશ્ચાત્ અને પૂર્વશબ્દથી ફળનો ઉપદેશ કર્યો હોય, ત્યાં એ અનુષ્ઠાનનું ફળ ઐહિક જ સમજવાનું. અને જ્યાં પરલોકવાચી શબ્દથી નિર્દેશ કર્યો હોય, તે

परलोकवाचिशब्देन निर्देशस्तत्रामुष्मिकफलकत्वं लभ्यते । यथा स्कन्दकोद्देशके - "आलित्तेणं भंते लोए आलित्तपलित्तेणं भंते लोए जराए मरणेण य से जहा णामए केइ गाहावती अगारंसि झियायमाणंसि जे से तत्थ भंडे भवति अप्पभारमोल्लगुरुए तं गहाय आताए एगंतं अवक्कमति एस मे णित्थारिए समाणे पच्छा[१] पुरो हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सति एवामेव देवाणुप्पिया मज्झ[२] वि आया एगे भंडे इट्ठे कंते पिए मणुण्णे मणामे थिज्जे वेसासिए संमते अणुमते बहुमते

देवधर्मोपनिषद्

અનુષ્ઠાન આમુષ્મિક ફળવાળું છે એમ લેવાનું.

જેમકે શ્રી ભગવતી સૂત્રમાં સ્કંદક ઉદ્દેશામાં દીક્ષાર્થી એવા સ્કન્દક પરિવ્રાજક પ્રભુ વીરને કહે છે - "હે ભગવંત ! આ લોક ઘડપણ અને મરણ રૂપી અગ્નિથી અભિવિધિથી જ્વલિત છે. પ્રકર્ષથી જ્વલિત છે. એક જ સમયે અભિવિધિથી અને પ્રકર્ષથી જ્વલિત છે. અર્થાત્ અત્યંત ભડકે બળે છે. જેમ કોઈ ઘરનો માલિક તેનું ઘર બળતું હોય ત્યારે તેમાં જે અલ્પભાર અને મહામૂલ્યવાળી માલમત્તા હોય, તે પોતે લઈને એકાંતમાં જાય છે. અને એ વખતે તેને એવો અભિપ્રાય હોય છે કે જો આટલું બચી જાય તો એ મને પહેલા અને પછી હિત, સુખ, સંગતપણા, નિશ્ચિત કલ્યાણ, અને પરંપરાએ સુખ માટે થશે. એ જ રીતે હે દેવાનુપ્રિય ! મારો પણ આત્મા એક કિંમતિ માલમત્તા જેવો છે. ઈષ્ટ, પ્રેમપાત્ર, પ્રિય, સુંદર, મનોરમ, સ્થૈર્યયુક્ત, વિશ્વાસને કરનારો, સંમત, અનુમત, અને બહુમત છે. (અહીં સંમત હોવાનું કારણ એ છે કે શરીરે કરેલા કાર્યો સંમત છે.

१. ख - समाणे पुरो । क-ग-घ - पच्छा पुरो । उपलभ्यमानभगवत्याम् - पच्छ पुरा । २. ख - प्पिया एगे ।



भंडकरंडगसमाणे मा णं सीयं मा णं उण्हं मा णं खुहा मा णं पिवासा मा णं चोरा मा णं वाला मा णं दंसा मा णं मसया मा णं वातियपेत्तियसण्णिवातिय विविहा रोगातंका परिस्सहोवसग्गा फुसंतुत्तिकट्टु एस मे णित्थारिए समाणे परलोगस्स हिताए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सती" त्यत्र गृहपतेर्भांडं गृहीत्वापक्रमणस्यैहिकमात्रफलकत्वम्, स्कन्दकस्य च स्वात्मनिस्तारण-स्यामुष्मिकफलकत्वं प्रसिद्धम् । एवं च जिनप्रतिमार्चनादि सूर्याभादीनामैहिकमात्रफलकमेवेत्यपि निरस्तम्, अन्यत्र दृष्टजन्ममात्र-

देवधर्मोपनिषद्

અનુમત છે કારણકે, પોતે પોતાનું અપ્રિય કરે તેની પછી પણ પોતાની જાત પ્રિય છે. અને બહુમત છે, કારણકે બહુવાર અભિમત છે અથવા તો અન્ય ઘણા કરતાં પોતાની જાત પ્રિય છે.)

આમ મારી જાત મારે મન મહામૂલ્યવાન રત્નોના દાબડા જેવી છે. મેં આજ સુધી આ શરીરનું એમ વિચારીને પાલન કર્યું છે કે તેને શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા, ચોરો, સર્પો, માંકડ વગેરે કરડનારા જંતુઓ, મચ્છરો, વાત-પિત્ત-સન્નિપાતજનિત વિવિધ રોગો, સદ્ય મરણ ઉપજાવનાર વ્યાધિઓ તથા પરીષહ-ઉપસર્ગોનો સ્પર્શ ન થાય. અર્થાત્ ઠંડી-ગરમી વગેરેથી તેને બાધા ન થાય એવી રીતે મેં તેનું પાલન કર્યું છે.

એવો મારો આત્મા - મારી જાત નિસ્તાર પામે તો પરલોકમાં હિત માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે અને શુભાનુબંધી માટે થશે. અહીં જે ઘરનો માલિક માલમત્તા લઈને એકાંતમાં જતો રહે છે તેનું ફળ ઐહિક જ છે. અને સ્કદન્ક પોતાના આત્માનો નિસ્તાર કરે છે, તે આમુષ્મિક ફળ આપે છે એવું પ્રસિદ્ધ છે.

આ રીતે સૂર્યાભ વગેરે દેવો જિનપ્રતિમાની પૂજા વગેરે કરે છે, તેનું ફળ પણ ઐહિક જ છે.

वेदनीयकर्मणोऽदृष्टजनकस्य[1] प्रेत्यफलजनकत्वस्यार्थसिद्धत्वात् । अन्यथा भगवद्वन्दनादिकमपि देवानां प्रेत्य हितावहं न स्यात्तस्य च तथात्वं कण्ठत एवोक्तं सूत्रे । तथा च राजप्रश्नीये सूर्याभोक्तिः-"तं महाफलं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं णामगोयस्सवि सवणयाए किमंग पुण अभिगमणवंदणनमंसणपडिपुच्छणपज्जुवासणयाए

**દેવધર્મોપનિષદ્**

**ઉત્તરપક્ષ** - પ્રત્યક્ષ ભવમાં - આ લોકમાં જ જે કર્મો ભોગવવાના છે, તેને બાદ કરી દઈએ, તો જે પણ અનુષ્ઠાન કર્મનું ઉપાર્જન કરાવે છે, એ પરલોકમાં ફળ આપનારું થાય છે એવું અર્થાપત્તિથી સિદ્ધ છે. અર્થાત્ જે અનુષ્ઠાનથી કર્મબંધ થયો = પુણ્ય કે પાપનું ઉપાર્જન થયું, તેનાથી જે કર્મોએ આ ભવમાં ફળ ન આપ્યું, તે કર્મો પરલોકમાં ફળ આપનારા બને છે એ સહજ રીતે સમજાઈ જાય તેવી વાત છે.

જો આવું ન માનો અને દેવોની કોઈ પણ આરાધના પરલોકમાં શુભ ફળ આપનારી થતી જ નથી, આવો કદાગ્રહ રાખો તો દેવો ભગવાનને વંદન વગેરે કરે છે, એ પણ પરલોકમાં હિતકર નહીં થાય.

**પૂર્વપક્ષ** - ભલે ને ન થાય, શું વાંધો છે ?

**ઉત્તરપક્ષ** - આગમબાધ થાય છે, એ જ વાંધો છે. કારણ કે દેવો ભગવાનને વંદન વગેરે કરે, તે પરલોકમાં હિતકર થાય છે એવું તો આગમમાં ચોક્ખું જ કહ્યું છે. રાજપ્રશ્નીયસૂત્રમાં સૂર્યાભ દેવનું વચન છે - "તથાવિધ અરિહંત ભગવંતોનું નામગોત્ર સાંભળવું એ પણ મહાફળને આપનારું થાય છે. તો પછી તેમને અભિમુખગમન-વંદન-નમસ્કાર-પ્રતિપૃચ્છા અને પર્યુપાસના કરવાનું તો કેવું ફળ

१ क-ग-घ - जनकत्वस्यार्थसिद्धत्वात् ।



एगस्सवि आयरियस्स धम्मियस्स सुवयणस्स सवणयाए किमंग पुण विउलस्स अट्ठस्स गहणयाए तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि एयं मे पेच्चा हिताए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइत्ति" ।।२१।। ननु वन्दनपूजनादिफलस्थले देवानां पाठवैसदृश्यदर्शनादेवास्माकं[1] भ्रम

**દેવધર્મોપનિષદ્**

મળે ? તેમની પાસે એક પણ પવિત્ર વચનનું શ્રવણ કરવાથી કેવું ફળ મળે ! અને તેમની પાસે વિપુલ અર્થનું ગ્રહણ કરવાથી કેવું ફળ મળે ! તેથી હું જાઉં છું, શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરું છું, નમસ્કાર કરું છું, તેમનો સત્કાર કરું છું, તેમનું સન્માન કરું છું અને સાક્ષાત્ કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યસ્વરૂપ એવા તેમની પર્યુપાસના કરું છું. આ મને પરલોકમાં હિત માટે, સુખ માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે અને શુભાનુબંધ માટે થશે."

અહીં મૂળ સૂત્રમાં જ દેવો ભગવાનને વંદન કરે એ પરલોકમાં હિત વગેરે કરનારું થાય છે, એમ કહ્યું છે. તમે અર્થાપત્તિથી સમજવા સમર્થ ન હો, તો આવા સાક્ષાત્ વચનથી તો સમજી શકો ને ?

**પૂર્વપક્ષ** - અરે અમે કાંઈ મંદબુદ્ધિ નથી કે ન સમજી શકીએ. આ તો દેવોના સંબંધી બે સ્થળે જુદા જુદા પાઠોના દર્શન થાય છે એટલે અમે હજી ભ્રમમાં છીએ. તમારી વાતનો હજી નિશ્ચય થતો નથી.

જુઓ, પૂર્વે જિનપ્રતિમા અને જિન-અસ્થિની પૂજાના ફળનું સૂત્ર આવ્યું તેમાં "पेच्चा" ન મુક્યું. અને હવે ભગવાનને વંદન વગેરેનું ફળ કહેનારું સૂત્ર આવ્યું તેમાં "पेच्चा" મુક્યું. એટલે એના પરથી એવું સમજવું જોઈએ ને, કે જિનપ્રતિમાદિની પૂજા વગેરે દેવોને

१ क-ग-घ - पाठावैसदृश्य ।

इति चेन्न वन्दनाधिकारे पर्युपासनावन्दनपूजाया अपि ग्रहणात् को ह्येकाधिकारिकृतस्य विहितकर्मणः फले विशेषः । अधर्मिणां हि देवानामधर्मित्वेऽभ्युपगम्यमाने द्वयमपि तेषां विपरीतफलं वाच्यं धार्मिकमूर्धन्यैस्तेषां धर्मित्वमभ्युपगच्छद्भिश्च तुल्यजातीयशुभफल-



પરલોકમાં ફળ આપનારી નથી થતી અને ભગવાનને કરેલું વંદન દેવોને પરલોકમાં ફળ આપનારી થાય છે. બોલો, બરાબર ને ?

**ઉત્તરપક્ષ** - શું ધૂળ બરાબર ? ભલા માણસ ! આ જે ભગવાનને વંદન કરવાના અધિકારવાળું સૂત્ર છે, તેમાં પર્યુપાસના, વંદન અને પૂજાનું પણ ગ્રહણ કર્યું છે. આમ બંને અનુષ્ઠાનો વચ્ચે કોઈ વિશેષ તફાવત નથી. જરા શાંતિથી વિચારો, બંને અનુષ્ઠાનોના કર્તા - અધિકારી એક જ છે. બંને અનુષ્ઠાનો શાસ્ત્રવિહિત છે, તો પછી બંનેના ફળમાં આટલો તફાવત શી રીતે હોઈ શકે ? એક અનુષ્ઠાન માત્ર ઐહિક ફળ આપે અને બીજું પારલૌકિક ફળ આપે. એક ધર્મ ન કહેવાય અને બીજું ધર્મ કહેવાય, આવો ભેદ કેમ પાડી શકાય ?

તમે તો ધાર્મિક શિરોમણિ છો ને ? અને તમે દેવોને અધર્મી માનો છો, તો પછી દેવો જિનપ્રતિમાની પૂજા કરે કે સાક્ષાત્ ભગવાનને વંદન કરે એ બંને અનુષ્ઠાનોનું તેમને વિપરીત ફળ-અશુભ ફળ જ મળે છે, એવું જ તમારે કહેવું પડે, અને જો તમે એક સ્થળે પણ દેવોને પારલૌકિક શુભ ફળ મળે છે એમ સ્વીકારતા હો, તો પછી દેવોને ધર્મી જ માનવા પડશે અને તેથી બીજા સ્થળે (જિનપ્રતિમા વગેરેની પૂજાના સ્થળે) પણ ભગવાનને વંદન કરવાથી જે ફળ મળે છે તેવું જ = તુલ્યજાતીય શુભ ફળ માનવું પડશે.

(અથવા તો જેઓ દેવોને અધર્મી માને છે, તેમણે બંને અનુષ્ઠાનોનું અશુભ ફળ જ માનવું પડશે અને જેઓ દેવોને ધર્મી



मिति । न च वन्दनाधिकारे "पेच्चा हियाए" इत्येव सार्वत्रिकः पाठो भगवत्यौपपातिकादौ - "एयण्णे[1] इह भवे वा परभवे वा आणुगामियत्ताए भविस्सइत्ति" पाठस्यापि दर्शनात् । तस्माच्छब्दच्छलनं जाल्मानामेव पण्डितास्त्वर्थतात्पर्यैकरसिका इति प्रत्येयम् ।।२२।। अथ स्वरूपतो निरवद्यं भगवद्वन्दनं देवानां परलोकहितम् । अत



માને છે, તેમણે બંને અનુષ્ઠાનોનું શુભ ફળ જ માનવું પડશે.)

વળી એવું પણ નથી કે જ્યાં જ્યાં વંદનનો અધિકાર છે ત્યાં બધે पेच्चा हियाए (પરલોકમાં સુખ માટે) એવો જ પાઠ છે. તમે પાઠ વૈસદૃશ્ય જોવાથી - જુદા જુદા પાઠ જોવાથી ભ્રમમાં પડ્યા છો, તો તમે સદા ભ્રમમાં જ રહેશો. કારણકે આ તો તમે પૂજાના અને વંદનના અધિકારોમાં જુદા જુદા પાઠ દેખાય છે, એવું કહો છો. પણ માત્ર વંદનનો જ અધિકાર હોય એવા પણ જુદા જુદા સૂત્રોમાં સર્વત્ર એક પાઠ નથી તેવું બતાવી દઈએ છીએ. જુઓ, શ્રી ભગવતી સૂત્ર, શ્રી ઔપપાતિક સૂત્ર વગેરેમાં એવો પાઠ પણ દેખાય છે કે - આ આપણને આલોકમાં તથા પરલોકમાં શુભ પરંપરા માટે થશે.

માટે જેઓ માત્ર શબ્દ પકડીને બીજાને છેતરે છે (અથવા આત્મવંચના કરે છે.) તેઓ મૂર્ખ જ છે. (અથવા તો શબ્દ વડે તમે મૂર્ખ લોકોને જ છેતરી શકો.) પંડિતો તો માત્ર અર્થતાત્પર્યમાં જ રસ ધરાવતા હોય છે, એ સમજવું જોઈએ.

**પૂર્વપક્ષ** - મૂર્ખ અમે છીએ કે તમે ? પૂજા અને વંદન આ બંનેને તમે વિહિત કહીને એક કક્ષામાં મુકવા માંગો છો. પણ એ બંને વચ્ચે ઘણો ફરક છે. સાક્ષાત્ ભગવાનને વંદન કરવા એ સ્વરૂપથી નિરવધ અનુષ્ઠાન છે. માટે એ દેવોને પરલોકમાં હિત કરનારું

१. क - एवं मे।

एव सूर्याभाभियोगिकदेवानां वन्दनादिप्रतिज्ञा भगवतानुमता । तथा च सूत्रम्-अम्हे णं भंते सूरियाभस्स देवस्स आभियोगिया देवाणुप्पियं वंदामो णमंसामो सक्कारेमो सम्माणेमो कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामो देवाति समणे भगवं महावीरे देवे एवं वयासी पोराणमेयं देवा जीयमेयं देवा किच्चमेयं देवा करणिज्जमेयं देवा आईन्नमेयं देवा जं णं भवणवइवाणमंतरजोइसियवेमाणिया देवा अरिहंते भगवंते वंदंति णमंसंति वंदित्ता नमंसित्ता साइं साइं



છે. માટે ભગવાનને વંદન કરવાના અધિકારમાં “पेच्चा” - શબ્દ મુક્યો છે.

અને માટે જ તો જ્યારે સૂર્યાભ દેવના અભિયોગિક દેવો ભગવાનને એમ કહે છે કે “અમે તમને વંદન કરીએ છીએ...” વગેરે ત્યારે ભગવાને તેમને અનુમતિ આપી હતી. તે સૂત્ર આ પ્રમાણે છે - “હે ભગવંત ! અમે સૂર્યાભ દેવના આભિયોગિક દેવો દેવાનુપ્રિય એવા આપને વંદન કરીએ છીએ, નમસ્કાર કરીએ છીએ, આપનો સત્કાર કરીએ છીએ, આપનું સન્માન કરીએ છીએ, આપને સાક્ષાત્ કલ્યાણ, મંગલ, દૈવત અને ચૈત્ય સમજીને આપની પર્યુપાસના કરીએ છીએ.”

તે સમયે દેવો વગેરેથી પરિકરિત એવા શ્રમણ ભગવાન મહાવીરે દેવોને આ પ્રમાણે કહ્યું - “આ વંદન વગેરે પૌરાણ છે - પહેલાના દેવોએ પણ પહેલાના તીર્થંકરોને આ રીતે વંદન વગેરે કર્યું હતું. આ એક આચાર છે. આ કર્તવ્ય છે. આ કરવા યોગ્ય છે. હે દેવો ! આ અન્યો વડે આચીર્ણ - આચરણ કરાયેલું છે. કે જે ભવનપતિ, વાણમંતર, જ્યોતિષ, અને વૈમાનિકના દેવો અરિહંત ભગવંતોને વંદન કરે છે, નમસ્કાર કરે છે, અને વંદન-નમસ્કાર કરીને પોતપોતાના નામ-ગોત્ર કહે છે, તે પૌરાણ છે, યાવત્ આની દેવોને અનુજ્ઞા



णामगोयाइ साधिंति तं पोराणमेयं देवा जाव अब्भणुन्नायं देवाण” इति सूर्याभवन्दनादिप्रतिज्ञायामप्ययमेव पाठः । पूजादिकं तु स्वरूपतः सावद्यमिति न तद्देवानां परलोकहितविध्यागतं किन्तु रागप्राप्तमेव । तथा च सूर्याभेण स्वस्य भवसिद्धिकत्वादिप्रश्ने कृते तदुत्तरे वाचावधृते जातहर्षेण त्रिःकृत्वोऽपि नाटकानुज्ञाया वचने भगवता तूष्णीमेव स्थितम् । तथा च सूत्रम् - “अहन्नं भंते सूरियाभे भवसिद्धिए अभवसिद्धिए सम्मदिट्ठी मिष्छादिट्ठी परित्तसंसारे अणंतसंसारे सुलभबोहिए दुल्लभबोहिए आराहए विराहए चरिमे अचरिमे



અપાયેલી છે.” આ રીતે સૂર્યાભ દેવ પોતે પણ “વંદન કરું છું” ઈત્યાદિ કહે છે ત્યારે પણ પ્રભુ આ જ પ્રતિવચન કહે છે - એ અધિકારમાં પણ આ જ પાઠ છે. આમ ભગવાને વંદન વગેરેની અનુજ્ઞા આપી હતી.

જ્યારે પૂજા વગેરે તો સ્વરૂપથી સાવદ્ય છે, માટે દેવોએ તે પરલોકમાં હિત કરનારી વિધિ સમજીને ન કર્યું હતું, પણ રાગથી જ કર્યું હતું. માટે જ જ્યારે સૂર્યાભ દેવે પોતાના ભવ્યપણા વગેરે માટે પૃચ્છા કરી અને પ્રભુના વચનથી તેનો ઉત્તર મેળવી હર્ષિત થઈને ત્રણ વાર (પ્રભુભક્તિ માટે) નાટકની અનુજ્ઞા માંગી, પણ ભગવાન દરેક વખતે મૌન જ રહ્યા. આ રહ્યું તે સૂત્ર -

“હે ભગવંત ! હું સૂર્યાભ દેવ ભવ્ય છું કે અભવ્ય છું ? સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદષ્ટિ છું ? પરિત્ત સંસારી છું કે અનંત સંસારી છું ? સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું ? આરાધક છું કે વિરાધક છું ? ચરમ છું (હવે મારો છેલ્લો એક જ ભવ બાકી છે ?) કે અચરમ છું ?”

ત્યારે સૂર્યાભ વગેરે દેવોથી પરિકરિત એવા શ્રમણ ભગવાન

सूरियाभाति समणं भगवं महावीरे सूरियाभं देवं एवं वयासी सूरियाभा तुमण्णं भवसिद्धिए नो अभवसिद्धिए जाव चरिमे णो अचरिमे तए णं सूरियाभे देवे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठतुट्ठचित्तमाणंदिए परमसोमणसे समणं भगवं महावीरं वंदति नमंसति २ एवं वयासी तुब्भे णं भंते जाव सव्वं जाणह सव्वं पासह सव्वं कालं जाणह सव्वे भावे पासह जाणंति णं देवाणुप्पिया मम पुव्विं वा पच्छा वा ममेयारूवं दिव्वं देविढ्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभागं लद्धं पत्तं अभिसमण्णागयं तं इच्छामि णं देवाणुप्पियाणं भत्तिपुव्वगं गोयमादियाणं समणाणं निग्गंथाणं दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभागं दिव्वं बत्तीसतिबद्धं नट्टविहं उवदंसित्तए तए णं समणे भगवं महावीरे



મહાવીરે સૂર્યાભ દેવને આ પ્રમાણે કહ્યું, “હે સૂર્યાભ ! તું ભવ્ય છે, અભવ્ય નથી. યાવત્ ચરમ છે, અચરમ નથી.” ત્યારે સૂર્યાભ દેવ શ્રમણ ભગવાન મહાવીર વડે આમ કહેવાયે છતે હૃષ્ટ-તુષ્ટ ચિત્તવાળા થયા, આનંદિત થયા, પરમ પ્રસન્ન મનવાળા થયા, તેઓ શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે, નમસ્કાર કરે છે અને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે - “હે ભગવંત ! આપ બધું જાણો છો, બધું જુઓ છો. સર્વ કાળને જાણો છો, સર્વ ભાવોને જુઓ છો. દેવાનુપ્રિય એવા આપ હવે હું જે નાટ્યવિધિ દર્શાવવા માંગુ છું, તેની પૂર્વે રહેલા ભાવોને પણ જાણો છો અને તેની પછી રહેલા ભાવોને પણ જાણો છો. મારી આવા પ્રકારની દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ જે મેં મેળવ્યા છે, અત્યારે પણ મારી પાસે જ છે, મારે આધીન જ છે. તો દેવાનુપ્રિય એવા આપને અને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને હું ભક્તિપૂર્વક દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ,



सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे सूरियाभस्स देवस्स एयमट्ठं नो आढाति णो परियाणाति तुसिणीए संचिट्ठति तए णं से सूरियाभे देवे समणं भगवं महावीरं दोच्चंपि तच्चंपि एवं वयासी तुब्भे णं भंते सव्वं जाणह जाव उवदंसित्तएत्ति कट्टु समणं भगवं महावीरं तिखुत्तो आयाहीणं पयाहीणं वंदइ” इत्यादि इति चेन्मैवम् भवसिद्धिकत्वादिना निश्चितयोग्यभावे सूर्याभे नाटकरूपद्रव्यपूजानुज्ञां याचमाने भगवतोऽनिषेधस्यैवानुमतिरूपत्वात् “अनिषिद्धमनुमतमिति”



દિવ્ય બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દેખાડવા ઈચ્છું છું.”

ત્યારે સૂર્યાભ દેવ વડે આવું કહેવાયેલા એવા શ્રમણ ભગવાન મહાવીર સૂર્યાભ દેવની આ વાતનો આદર કરતાં નથી, આ વાતની અનુજ્ઞા આપતા નથી, મૌન રહે છે. ત્યારે તે સૂર્યાભ દેવ શ્રમણ ભગવાન મહાવીરને બીજીવાર - ત્રીજીવાર પણ એમ કહે છે કે - “હે ભગવંત ! તમે સર્વ જાણો છો યાવત્ બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દેખાડવા ઈચ્છું છું.” એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે. વંદન કરે છે વગેરે...

માટે પૂજા વગેરે વિહિત નથી માટે પ્રભુએ તેની અનુજ્ઞા ન આપી અને તેથી જ તે પરલોકમાં સુખ આપનાર પણ નથી, માટે તે ધર્મ પણ નથી આવું સિદ્ધ થાય છે.

**ઉત્તરપક્ષ** - તમે પોપટની જેમ માત્ર સૂત્રપાઠ કરી ગયાં. પણ તેનો અર્થ સમજ્યાં નથી. પ્રભુ મૌન રહ્યા એનું શું રહસ્ય છે, એ પહેલા સમજો. ભગવાને જોયું હતું કે સૂર્યાભ દેવ ભવ્યાત્મા છે. તેથી તેની યોગ્યતાનો નિશ્ચય થયો હતો. અને એ જ્યારે નાટકરૂપ દ્રવ્યપૂજાની અનુજ્ઞા માંગે છે ત્યારે ભગવાન તેનો નિષેધ નથી કરતાં, એ જ ભગવાનની અનુમતિરૂપ છે. કારણ કે એવો ન્યાય છે કે જેનો નિષેધ ન કરાયો હોય એ અનુમત છે.

न्यायात् । कथमन्यथा धर्महेतुमुपस्थिते प्रथमं सर्वविरतिमनुपदिश्य देशविरत्युपदेशे "गाहावइचोरगाहणविमोक्खणट्ठयाए" इत्यादिसिद्धान्त-सिद्धन्यायेन क्रमोल्लङ्घनकारिणः स्थावरहिंसानुमतिरप्रतिषेधानुमतिरेव

देवधर्मोपनिषद्

જો આવું ન હોય તો શાસ્ત્રમાં જણાવેલો એક પ્રસિદ્ધ પદાર્થ ઘટી ન શકે. એ પદાર્થ આ પ્રમાણે છે - જ્યારે કોઈ ધર્મ માટે પોતાની પાસે ઉપસ્થિત થાય, ત્યારે ઉપદેશકે તેને સર્વ પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપવો જોઈએ. આ વિષયમાં સિદ્ધાન્તમાં એક ન્યાય પ્રસિદ્ધ છે જેનું નામ છે ગૃહપતિચોરગ્રાહણવિમોક્ષણ ન્યાય. તે આ પ્રમાણે છે. અમુક અપરાધને કારણે રાજાએ એક શેઠના છ પુત્રોને દેહાંત દંડ ફરમાવ્યો. શેઠ તે બધાને છોડવા ખૂબ આજીજી કરે છે, રાજા એકનો બે થતો નથી. તો શેઠ કહે છે, ચાલો છ ને નહીં તો પાંચ દીકરાઓને છોડી દો.... એમ કરતાં કરતાં આખરે એક પર આવે છે. આમાં બાકીના દીકરાઓને રાજા દેહાંત દંડ આપે તેમાં શેઠની અનુમતિ નથી. કારણ કે તેમણે તો તેનો નિષેધ કર્યો જ છે.

તેવી જ રીતે ધર્માર્થીને પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપવો જોઈએ અને જો એ સર્વવિરતિનો સ્વીકાર ન કરે, તો દેશવિરતિ આપવી જોઈએ. આવું કરવાથી તે દેશવિરતને જેટલી હિંસાની છૂટ છે તેની અનુમતિનું પાપ લાગતું નથી. કારણકે પોતે તો સર્વવિરતિનો ઉપદેશ આપવા વડે હિંસામાત્રનો નિષેધ કર્યો જ છે.

પણ જે ઉપદેશક આ ક્રમનું ઉલ્લંઘન કરે, તેને સ્થાવર જીવોની હિંસાની અનુમતિનું પાપ લાગે છે. તે આ મુજબ - દેશવિરતિમાં સ્થાવર જીવોની હિંસાના પચ્ચક્ખાણ હોતા નથી. માટે જો ઉપદેશક પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપ્યા વિના જ દેશવિરતિનો ઉપદેશ આપે તો તેણે સ્થાવર જીવોની હિંસાનો પ્રતિષેધ ન કર્યો હોવાથી,



हिंसा । एवमत्रापि योग्ये प्रष्टरि अप्रतिषेधानुमतिरवारितैव । तदिदमभिप्रेत्योक्तं श्रीहरिभद्रसूरिभिः-जिणभवणकारणाइवि भरहाइण[1] न णिवारियं तेणं । जह तेसिं चिय कामा सल्लसरिसाइणातेण ।।१।। ता एस अणुमओ च्चिय अप्पडिसेहाओ तंतजुत्तीए । इय सेसाणवि इत्थं अणुमोअणमाइ अविरुद्धं ।।२।। अयं चात्र

देवधर्मोपनिषद्

સ્થાવર જીવોની હિંસાની અનુમતિ એ જ તેના માટે હિંસારૂપ બની જાય છે. કારણ કે અનુમતિથી પણ હિંસા જેવો કર્મબંધ થાય છે.

માટે જેનો નિષેધ ન કરાય તે અનુમત હોય એ ન્યાયનો સ્વીકાર કરવો જ પડશે. એ રીતે પ્રસ્તુતમાં પણ યોગ્ય પ્રશ્નકર્તાને નિષેધ ન કરવો એ અનુમતિ છે એમ અનિવાર્યપણે માનવું જ પડશે.

આ જ અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે - ભગવાન શ્રી ઋષભદેવે ભરત ચક્રવર્તીને જિનાલય બંધાવવા વગેરેનો નિષેધ નથી કર્યો. જેમ તેમને જ કામો શલ્ય જેવા છે, કામો વિષ જેવા છે (सल्लं कामा विसं कामा) વગેરે દૃષ્ટાન્તોથી તેમને કામભોગોને ભોગવવાનો નિષેધ કર્યો હતો. માટે પ્રભુએ પ્રતિષેધ ન કર્યો હોવાથી જિનાલય બંધાવવું વગેરેરૂપ દ્રવ્યસ્તવ પ્રભુને અનુમત જ છે, એ વસ્તુ તંત્રયુક્તિથી સિદ્ધ થાય છે. જો ભગવાનને એ અનુમત ન હોત, તો જેમ કામોનો નિષેધ કર્યો તેમ દ્રવ્યસ્તવનો પણ નિષેધ કર્યો હોત. પણ નથી કર્યો, તેનાથી દ્રવ્યસ્તવમાં પ્રભુની અનુમતિ સિદ્ધ થાય છે. માટે શેષ સર્વવિરતિધરો પણ દ્રવ્યસ્તવની અનુમોદના, સાવદ્યવચનપરિહાર આદિ શાસ્ત્રવિધિપૂર્વક ઉપદેશ વગેરે કરે એ અવિરુદ્ધ છે.

અહીં વગેરે કહ્યું તેનાથી પુષ્ટાલંબનથી કરાવણ આદિ પણ સમજવું. જેમકે શ્રીવજસ્વામિએ શાસનપ્રભાવના માટે અદ્ભુત પુષ્પપૂજા કરાવી હતી. એ કથા પરિશિષ્ટપર્વ વગેરેમાં પ્રસિદ્ધ છે.

१ क-ग-घ - भरहाइण । ख - भरहेण ।

प्रयोगः-नाटकादि द्रव्यार्चनं भगवतोऽनुमतं योग्यं प्रत्यनिषिद्धत्वात् यद्भगवदनुमतं न भवति तद्योग्यं प्रति प्रतिषिद्धं भवति यथा कामभोगादिकमिति व्यतिरेकी यद्येन यं प्रति न निषिध्यते तत्तं प्रति तदनुमतं यथाऽक्रमज्ञस्य प्रथमदेशविरत्युपदेशे स्थावरहिंसादिकमिति सामान्यतो [1]व्याप्तावन्वयी वा ।।२३।। ननु न वयमनुमानरसिका मौनकारणाभावात् सूत्रे साक्षात्फलादर्शनाच्च द्रव्यस्तवे विप्रतिपद्यामह

देवधर्मोपनिषद्

અહીં આ રીતે અનુમાનપ્રયોગ કરવો જોઈએ-

નાટક વગેરે દ્રવ્યપૂજા ભગવાનને અનુમત હતી, કારણકે યોગ્ય જીવ પ્રત્યે તેનો નિષેધ કર્યો ન હતો. જે ભગવાનને અનુમત ન હોય તેનો યોગ્ય જીવ પ્રત્યે પ્રતિષેધ કર્યો હોય, જેમ કે કામભોગો. આમ વ્યતિરેક વ્યાપ્તિ અને વૈધર્મ્ય દૃષ્ટાન્ત બતાવ્યું.

જે જેના પ્રતિ જેના વડે નિષેધ ન કરાયું હોય, તે તેના પ્રતિ તેના વડે અનુમત હોય છે. જેમ કે શાસ્ત્રવિહિત ક્રમને નહીં જાણનાર પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપે ત્યારે તેને સ્થાવરહિંસા, સ્થૂલમૃષાવાદ વગેરે અનુમત હોય છે. આમ સામાન્યતો વ્યાપ્તિ (દૃષ્ટ ?) કે અન્વયી અનુમાન થયું.

**પૂર્વપક્ષ** - જુઓ. અમને આ બધા અનુમાનોમાં કોઈ રસ નથી. અમે તો સીધી વાત કરવામાં માનીએ છીએ. ભગવાનને મૌન રહેવાનું કોઈ કારણ ન હતું. અનુમત હતું તો હા કેમ ન પાડી ? વળી સૂત્રમાં ચોક્ખે ચોક્ખું કાંઈ ફળ કહ્યું હોત કે 'સૂર્યાભદેવને નાટકરૂપી દ્રવ્યપૂજાથી આવું-આવું પારલૌકિક શુભ ફળ મળ્યું.' તો હજી અમે કાંઈ વિચાર કરત. પણ એવું કોઈ ફળ તો સૂત્રમાં દેખાતું જ નથી. એટલે અમને તો દ્રવ્યસ્તવમાં જ વિપ્રતિપત્તિ છે. દ્રવ્યસ્તવને જ અમે ધર્મ માનતા નથી. તો તમે દ્રવ્યસ્તવનો ઝંડો લઈને દેવોને ધર્મી તરીકે

१ क - वासाव० । ग-घ - यासाव० ।



इति चेच्छृणु मौनकारणं तावन्नाटकोपक्रमस्य वारणे सूर्याभे भगवद्भक्तिध्वंसः प्रवर्तने च गौतमादीनां स्वाध्यायोपघात इति तुल्यायव्ययत्वमेवेति वृत्तिकृदभिप्रायः । वस्तुतस्तु स्वरूपतः सावद्येऽनुबन्धतश्च निरवद्ये भगवतो भाषास्वभाव एवायं पर्यनुयोगस्य विषये, अन्यत्रापि स्वतन्त्रेच्छाया अपर्यनुयोज्यत्वोक्तेः । अत एव चारित्रग्रहणविधावपि शिष्यं प्रति भगवतः क्वचिदिच्छानुलोमा भाषा क्वचिच्चाज्ञापनीति वैचित्र्यं दृश्यते । इच्छानुलोमाभेदप्रायं चैतन्मौनमिति

देवधर्मोपनिषद्

શી રીતે પુરવાર કરી શકો ?

**ઉત્તરપક્ષ** - સાંભળો, ભગવાન મૌન રહ્યા તેનું કારણ એ હતું કે જો નાટકના પ્રબંધનું ભગવાન વારણ કરે તો સૂર્યાભના પ્રભુભક્તિના ભાવો તૂટી જાય અને જો નાટકપ્રબંધને પ્રવર્તાવે તો ગૌતમસ્વામી વગેરે મહાત્માઓના સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. આમ લાભ અને નુકશાન બંને સમાન હોવાથી પ્રભુ મૌન રહ્યા છે. એવો વૃતિકારનો અભિપ્રાય છે.

વાસ્તવમાં તો જે પ્રશ્નનો વિષય સ્વરૂપથી સાવદ્ય છે અને અનુબંધથી નિરવદ્ય છે, તે પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે પ્રભુ મૌન રહે છે, એવો તેમનો ભાષાસ્વભાવ જ છે. માટે એમાં કેમ ? શા માટે ? એવું ન પૂછી શકાય. કારણકે અન્યત્ર પણ કહ્યું છે કે સ્વતંત્ર ઈચ્છા અપર્યનુયોજ્ય હોય છે - એમાં પ્રશ્ન ન કરી શકાય.

આ જ કારણથી ચારિત્રગ્રહણની વિધિમાં પણ ભગવાન ક્યારેક શિષ્ય પ્રત્યે ઈચ્છાનુલોમ ભાષા બોલે છે - अहासुहं देवाणुप्पिया - હે દેવાનુપ્રિય, જેમ તમને સુખ ઉપજે તેમ કરો, એમ કહે છે. અને ક્યારેક આજ્ઞાપની ભાષા બોલે છે. એવું વૈવિધ્ય દેખાય છે. આમ આમાં સ્વતંત્ર ઈચ્છા - ભાષા સ્વભાવ જ કારણ છે. એમાં નિયમ ન

विचारणीयमभिनिवेशं विहाय चेतसि । यच्चोक्तम् - "फलं द्रव्यस्तवस्य न दृश्यते सूत्र" इति तत्र न ह्ययं स्थाणोरपराधो यदेनमन्धा न पश्यन्तीति न्यायः "देवाणुप्पियाणं भत्तिपुव्वगं" इत्यादिना भगवन्तं प्रति भक्तिरूपत्वेन गौतमादीन् प्रति च गौरवात् प्रीतिहेतुक्रिया आराधनेति लक्षणादाराधनाख्यशुश्रूषारूपत्वेन सिद्धस्य सूर्याभनाटक-

**देवधर्मोपनिषद्**

બાંધી શકાય અને પ્રશ્નો પણ ન કરી શકાય. અને પ્રસ્તુતમાં ભગવાન મૌન રહ્યા એ ઈચ્છાનુલોમ ભાષાથી અભિન્ન જેવું જ છે. અર્થાત્ ભગવાનનું આ મૌન "જેમ ઈચ્છા હોય - જેમ સુખ ઉપજે તેમ કરો" આમ કહેવા બરાબર જ છે. આ વસ્તુ કદાગ્રહ છોડીને મનમાં વિચારવી જોઈએ.

વળી તમે જે કહ્યું કે "સૂત્રમાં દ્રવ્યસ્તવનું ફળ દેખાતું નથી". તો એનો જવાબ એ છે કે - આ કાંઈ ઝાડના ઠૂંઠાનો અપરાધ નથી કે જે એને આંધળો જોતો નથી. અર્થાત્ જેમ કોઈ આંધળો બેધડક ચાલે અને ઝાડના ઠૂંઠા સાથે અથડાઈ જાય તેમાં તેનો પોતાનો જ અપરાધ છે. ઠૂંઠાનો નહીં. આ જ ન્યાયને પ્રસ્તુતમાં સમજવાનો છે કે દ્રવ્યસ્તવનું ફળ તમને સૂત્રમાં ન દેખાય તેમાં અમારો કે સૂત્રનો અપરાધ નથી પણ તમારો જ અપરાધ છે. ઠીક છે, જે થયું તે, હવે અમે તમને સૂત્રના દર્શન કરાવી આપીએ છીએ. સૂર્યાભ દેવે ભગવાનને એમ કહ્યું હતું કે - 'દેવાનુપ્રિયની ભક્તિપૂર્વક' આમ નાટ્યપૂજા ભગવાન પ્રત્યેની ભક્તિરૂપ હતી. ઉપરાંત ગૌતમસ્વામી વગેરે મહાત્માઓ પ્રત્યેના ગૌરવભાવથી - તેઓ મહાન છે એવા બહુમાનભાવથી તેમને પ્રીતિ કરાવવાનાં આશયથી નાટ્યપ્રબંધ દેખાડ્યો હતો. જે પ્રીતિ કરાવે એવી ક્રિયા હોય એને આરાધના કહેવાય, એવું આરાધનાનું લક્ષણ છે. આ રીતે સૂર્યાભ દેવે કરેલો નાટ્યપ્રબંધ



स्योत्तराध्ययनेषु सम्यक्त्वपराक्रमाध्ययने चतुर्थजल्पोत्तर एव साक्षात्फलदर्शनात् । तथा च सूत्रम् - "गुरुसाहम्मियसुस्सूसणयाए णं भंते जीवे किं जणइ ? गोयमा ! गुरुसाहम्मियसुस्सूसणयाए विणयपडिवत्तिं जणइ विणयपडिवत्तिए[१] णं जीवे अणच्चासायणसीले नेरइयतिरिखजोणियमणुस्सदेवदुग्गईओ निरुंभइ वन्नसंजलणभत्ति-बहुमाणयाए मणुस्सदेवसुगईओ निबंधइ सिद्धिसुगइं च विसोहेइ पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं साहेइ अन्ने य बहवे

**देवधर्मोपनिषद्**

આરાધના નામની શુશ્રૂષારૂપ હતો, એમ સિદ્ધ થાય છે. તેથી ઉત્તરાધ્યયનના સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યયનમાં સ્પષ્ટપણે એ નાટકપ્રબંધનું ફળ દેખાય છે. આ રહ્યું તે સૂત્ર -

"હે ભગવંત ! ગુરુ અને સાધર્મિકોની શુશ્રૂષાથી જીવો શું ઉત્પન્ન કરે છે ? કયું ફળ મેળવે છે ? ગૌતમ ! ગુરુ અને સાધર્મિકોની શુશ્રૂષાથી જીવ વિનયપ્રતિપત્તિને ઉત્પન્ન કરે છે. વિનીત બને છે. વિનયપ્રતિપત્તિથી જીવ અનત્યાશાતનશીલ બને છે, અર્થાત્ ગુરુની નિંદા વગેરેનો પરિહાર કરે છે. તેનાથી જીવ તિર્યંચ અને નરક ગતિનો નિરોધ કરે છે અને મનુષ્યોમાં જે મ્લેચ્છ વગેરે દુર્ગતિ છે, તથા દેવોમાં પણ જે કિલ્બિષિક વગેરે દુર્ગતિ છે, તેનો પણ નિરોધ કરે છે. ગુરુની પ્રશંસા દ્વારા તેમના ગુણોનું ઉદ્ભાવન, ભક્તિ અને બહુમાન દ્વારા મનુષ્યોમાં રાજા, ચક્રવર્તી વગેરેરૂપ સદ્ગતિ અને દેવોમાં ઈન્દ્ર, સામાનિક વગેરેરૂપ સદ્ગતિ બાંધે છે. સિદ્ધિરૂપી સદ્ગતિના માર્ગભૂત સમ્યગ્દર્શન આદિની શુદ્ધિ કરવા દ્વારા સિદ્ધિરૂપી સદ્ગતિનું શોધન કરે છે અને શ્રુતજ્ઞાન વગેરે વિનયમૂલક સર્વ પ્રશસ્ત કાર્યોને સિદ્ધ કરે છે. અને આમ પોતે આચારમાં સુસ્થિત

१. पडिवन्ने णं - इत्युपलभ्यमानोत्तराध्ययनसूत्रपाठः।

जीवे विणइत्ता भवइत्ति"। अत्र मनुष्यदेवसद्गती बध्नाति इत्यनेन सम्यग्दृष्टेरिवापुनर्बंधकस्य मिथ्यादृष्टेरपि भगवद्भक्तिः सफलेति दर्शितम् । न हि सम्यग्दृष्टिर्मनुष्यो वैमानिकगतिं विनान्यां गतिं बध्नाति। देवकृतभक्तिविषयो वायं निर्देशो देवस्य सम्यग्दृशोऽपि भगवद्भक्त्या मनुष्यगतेरेव बन्धादिति ध्येयम् ।।२४।। एतेन

**देवधर्मोपनिषद्**

હોવાથી બીજાને આદેય બને છે અને તેથી બીજા જીવોને પણ વિનયનું ગ્રહણ કરાવનાર બને છે."

આમ એ નાટ્યપ્રબંધરૂપ શુશ્રૂષાનું ફળ સ્વ-પરનું શ્રેષ્ઠ કલ્યાણ છે, એવું સૂત્રમાં સાક્ષાત્ કહ્યું જ છે.

અહીં એક બીજી વાત પણ સમજવા જેવી છે. અહીં જે એમ કહ્યું કે - મનુષ્યદેવસદ્ગતિ બાંધે છે. તેનાથી એવું બતાવાયું છે કે જેમ સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રભુભક્તિ કરે એ ફળદાયક થાય છે, તેમ અપુનર્બંધક મિથ્યાદૃષ્ટિની પ્રભુભક્તિ પણ ફળદાયક થાય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય તો વૈમાનિકગતિ સિવાય બીજી કોઈ ગતિ બાંધતો જ નથી. માટે પ્રભુભક્તિથી મનુષ્યસદ્ગતિરૂપ ફળ તો અપુનર્બંધક મિથ્યાદૃષ્ટિને જ મળી શકે.

અથવા તો આ નિર્દેશ દેવકૃત પ્રભુભક્તિ વિષે સમજવો. કારણકે દેવ સમ્યગ્દૃષ્ટિ હોય, તો પણ તેને પ્રભુભક્તિથી મનુષ્યગતિ જ બંધાવાની છે. એ ધ્યાનમાં રાખવું.

**પૂર્વપક્ષ** - અમે ચૂપચાપ સાંભળી લઈએ, એટલે તમારો પારો ઊંચો ને ઊંચો ચઢતો જાય છે. તમે એમ કહ્યું કે સર્વવિરતિધર દ્રવ્યસ્તવમાં અનુમતિ આપી શકે, તેની અનુમોદના તેનો ઉપદેશ વગેરે કરી શકે. પણ અમે તમને એવો શાસ્ત્રપાઠ આપીએ છીએ કે જેનાથી એનો ઉપદેશ પ્રતિષિદ્ધ થઈ જાય છે. આ પાઠ શ્રીસૂત્રકૃતાંગસૂત્રના



"दाणट्ठयाइ जे पाणा हम्मंति तसथावरा । तेसिं सारखणट्ठाए तम्हा अत्थित्ति नो वए ।।१।। जेसिं तं उवकप्पंति अन्नं पाणं तहाविहं। तेसिं लाभंतरायंति तम्हा णत्थित्ति णो वए ।।२।। जे अ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेयं करंति ते ।।३।।" इत्यादिसूत्रकृताङ्गैकादशाध्ययनोक्त-दानाद्युपदेश इव जिनपूजाद्युपदेशोऽपि साधोः पुण्यपापान्यतरदर्शन-दोषभियानुचित इति निरस्तम् । उक्तदानोपदेशस्यायोग्यान्यतीर्थिक-

**देवधर्मोपनिषद्**

પ્રથમ શ્રુતસ્કંધમાં અગિયારમાં અધ્યયનમાં છે -

"અન્ન-પાન વગેરેનું દાન કરવા માટે પકાવવા વગેરેની ક્રિયા અને કૂવો ખોદાવવા વગેરેની ક્રિયાથી ત્રસ અને સ્થાવર જીવોનો વધ થાય છે. માટે તે જીવોની રક્ષા કરવા માટે સાધુએ 'તમારા દાનાનુષ્ઠાનમાં પુણ્ય છે' એવું ન કહેવું.

વળી જો એમ કહે કે આ દાનાનુષ્ઠાનમાં પુણ્ય નથી, તો તથાવિધ અન્ન-પાન જેમના માટે બનાવતા હોય તેમને લાભમાં અંતરાય થાય, તેઓ અન્ન-પાણીના અભાવે પીડા પામે. માટે 'દાનાનુષ્ઠાનમાં પુણ્ય નથી' એવું ન કહેવું.

જેઓ દાનની પ્રશંસા કરે છે તેઓ જીવોના વધને ઈચ્છે છે. અને જેઓ દાનનો પ્રતિષેધ કરે છે, તેઓ જીવિકાનો ઉચ્છેદ કરે છે."

આમ પુણ્ય અને પાપ એ બેમાંથી અન્યતરનું દર્શન કરાવવામાં દોષ લાગે છે. અર્થાત્ પુણ્ય છે એમ કહો તો ય દોષ, ને પાપ છે એમ કહો તો ય દોષ. માટે આવા દોષોના ભયથી જેમ દાન વગેરેનો ઉપદેશ સાધુથી ન અપાય, તેમ જિનપૂજા વગેરેનો ઉપદેશ પણ સાધુએ આપવો ઉચિત નથી.

**ઉત્તરપક્ષ** - કમાલ... કમાલ, તમે તો કાકડે માકડુ જોડી દીધું.

प्रतिबोधितसामान्यधर्मिविषयतया निषिद्धत्वेऽपि योग्ये प्रष्टरि विभागनिर्धारणस्यावश्यकत्वात्। अन्यथा प्रष्टुः संदेहसमुन्मज्जन-प्रसङ्गात् । प्रकृते च योग्यप्रश्ने भगवतो मौनमनुमतिमेव व्यञ्जयति। न ह्ययोग्यस्य जमालेर्विहारप्रश्ने मौनतुल्यमेतदिति । दानानुप-

**देवधर्मोपनिषद्**

દેવાનુપ્રિય ! એ શાસ્ત્રપાઠમાં જે દાનોપદેશની વાત છે એનો વિષય શું છે, તેનો ખ્યાલ છે ? શું માથું ખંજવાળો છો ? સાંભળો, જે અન્ય તીર્થિક વડે પ્રતિબોધિત હોય - જૈન ન હોય - એવા સામાન્ય ધર્મીને "દાનમાં પુણ્ય છે કે દાનમાં પુણ્ય નથી" એવું ન કહેવું. એવો એ સૂત્રનો આશય છે. બધા માટે આ વિધાન નથી સમજવાનું. જ્યારે કોઈ યોગ્ય પ્રશ્નકર્તા હોય ત્યારે વિવેકબુદ્ધિથી આ સૂત્રનો વિભાગ નક્કી કરવો આવશ્યક છે. જો તે સમયે પણ આ સૂત્ર જ પકડી રાખો અને કાંઈ બોલો જ નહીં, તો પ્રશ્ન કર્તાને અનેક આશંકા-કુશંકાઓ થાય કે - શું મેં પૂછીને ભૂલ કરી ? કે પછી મહાત્મા ભણેલા નથી ? કે પછી દાનધર્મ મહાપાપ છે ? કે પછી મહાત્માને પોતાને જ દાન લેવાનો લોભ જાગ્યો છે ? ... ઈત્યાદિ.

પ્રસ્તુતમાં તો સૂર્યાભ દેવ યોગ્ય હતો અને તેના પ્રશ્ન પર ભગવાન મૌન રહ્યા એ જ બતાવે છે કે ભગવાનની તેમાં અનુમતિ હતી. હા, કોઈ અયોગ્ય હોય, ના પાડ્યા પછી પણ માને એવા ન હોય, તે સમયે ભગવાન અમૂઢલક્ષ્ય હોવાથી (વ્યર્થ પ્રયાસ કરનારા ન હોવાથી) મૌન રહે તે વાત જુદી છે. તેમાં કાંઈ ભગવાનની અનુમતિ હોતી નથી. જેમ કે જમાલિએ સ્વતંત્ર વિહાર કરવાની અનુજ્ઞા માંગી, ત્યારે ભગવાન મૌન રહ્યા હતાં. પણ તેમાં કાંઈ ભગવાનની અનુમતિ ન હતી. પ્રશ્નકર્તા અયોગ્ય હોવાથી પ્રભુ નિષેધ કરવાને બદલે મૌન રહ્યા હતા. પણ પ્રસ્તુત મૌન તેના સમાન નથી. કારણકે પ્રશ્નકર્તા યોગ્ય છે.



देशोऽप्यवस्थाविशेषविषयः, विशिष्टगुणस्थानावाप्तियोग्यताकारणेन घोरापवादिकदानस्यापि शास्त्रार्थत्वादित्यप्युक्तमाचार्यैरष्टकादौ । किं च दानादौ पापपुण्यान्यतरानुपदेशः साधोः किं तथाभाषास्वभावात् उत तदन्यतरफलाभावात् आहोश्वित् सङ्कीर्णफलभावात् उताहोऽन्यतरोपदेशे कस्यचिद्धेतुविपर्यस्तबुद्ध्युत्पादभयात् । नाद्यः, निर्बीजस्य स्वभावस्यानाश्रयणीयत्वात् । न द्वितीयः, पाप-

**देवधर्मोपनिषद्**

વળી પૂજ્ય હરિભદ્રસૂરિજીએ અષ્ટકપ્રકરણ વગેરેમાં કહ્યું છે કે દાનનો ઉપદેશ ન કરવો એવું જે વિધાન છે તે પણ અવસ્થાવિશેષને આશ્રીને છે. કારણકે જે વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવી આપે એવી યોગ્યતાનું કારણ હોય એવું તો ઘોર અપવાદિક દાન પણ શાસ્ત્રમાં અનુજ્ઞાત છે. જેમ કે પ્રભુ વીરે દીક્ષા બાદ પણ બ્રાહ્મણને વસ્ત્રનું દાન કર્યું હતું.

વળી દાન વગેરેમાં પુણ્ય છે કે પાપ છે એવો કોઈ પણ ઉપદેશ સાધુ ન આપે, એમાં તમે કારણ તરીકે શું માનો છો ? (૧) શું તથાવિધ ભાષા સ્વભાવથી ? (૨) કે પછી પુણ્ય કે પાપરૂપ એક પણ ફળ ન મળવાથી ? (૩) કે પછી મિશ્ર ફળ મળવાથી (૪) કે પછી તમને એવો ભય છે કે પુણ્ય છે કે પાપ છે આવું કાંઈપણ કહેશું તો એ કહેવાનું જે કારણ છે તેનાથી કોઈને તદ્દન વિપરીત બુદ્ધિ થશે. આપણે અમુક આશયના આધારે કહ્યું હોય અને પેલો બીજો આશય સમજી લે.

અહીં પહેલો વિકલ્પ સંભવતો નથી, કારણકે જેનું કોઈ બીજ ન હોય, જેમાં કોઈ આધાર-જ્ઞાપક-પ્રમાણ ન હોય એવા સ્વભાવનો આશ્રય ન કરી શકાય. અન્યથા તો કોઈ પણ વસ્તુના કારણ તરીકે "તથાસ્વભાવ" ને મૂકી દેવામાં આવે અને ઘણી અવ્યવસ્થાનો પ્રસંગ આવે.

બીજો વિકલ્પ પણ ઉચિત નથી કારણકે છદ્મસ્થ જીવ એવી કોઈ

पुण्यान्यतरफलाजनकस्य छद्मस्थकर्मणोऽप्रसिद्धेः । न तृतीयः, द्रव्यभावरूपाणां योगानामध्यवसायानां च शुभाशुभव्यतिरिक्ततृतीय-राश्यारूढानामभावात् सङ्कीर्णकर्मबन्धरूपफलासिद्धेः । योऽपि व्यवहारतोऽविधिना दानादिरूपः शुद्धाशुद्धयोग इष्यते सोऽपि परिणामप्राधान्यान्निश्चयत उत्कटैककोटिशेषतयैव पर्यवस्यन्न



ક્રિયા કરતો જ નથી કે જે તેને પુણ્ય કે પાપ-બેમાંથી એકની જનક ન બને. અર્થાત્ છદ્મસ્થ જીવની દરેક ક્રિયા પુણ્ય અને પાપ - આ બેમાંથી એકનો બંધ તો અવશ્ય કરાવે છે.

ત્રીજો વિકલ્પ પણ સંભવિત નથી. કારણકે દ્રવ્ય અને ભાવરૂપ યોગો તથા અધ્યવસાયો કાં તો શુભ છે અને કાં તો અશુભ છે. એ સિવાય કોઈ ત્રીજી પાર્ટીમાં તેઓ જતાં જ નથી. માટે એ યોગો અને અધ્યવસાયોના ફળરૂપ કર્મબંધ પણ કાં તો શુભ કર્મબંધ હશે અને કાં તો અશુભ કર્મબંધ હશે. સંકીર્ણ-શુભાશુભ મિશ્ર કર્મબંધરૂપ ફળ તો સિદ્ધ જ નથી.

**પૂર્વપક્ષ** - જુઓ, જે અવિધિથી દાન વગેરે કરે છે, તે અવિધિથી અશુભ કર્મબંધ કરે છે, અને દાન વગેરેથી શુભ કર્મબંધ કરે છે. આમ તે દાનાદિ યોગ શુદ્ધાશુદ્ધયોગ તરીકે ઈષ્ટ જ છે.

**ઉત્તરપક્ષ** - હા, વ્યવહારથી એ વાત સાચી છે. પણ નિશ્ચય નયમાં તો ચિત્તપરિણામની જ પ્રધાનતા હોય છે. માટે નિશ્ચય નયથી તો શુભ કે અશુભ જે બાજુ ઉત્કટ કોટિ હશે, તે એક બાજુનો જ કર્મબંધ થશે. માટે અવિધિથી કરાતો દાનાદિયોગ પણ સંકીર્ણ મિશ્ર કર્મબંધ કરાવવા માટે સમર્થ નથી.

**પૂર્વપક્ષ** - જુઓ, અવિધિએ અશુભ કોટિ છે અને દાનના પરિણામ એ શુભ કોટિ છે. તમે કહો છો કો જે એક કોટિ ઉત્કટ હશે,



सङ्कीर्णकर्मबन्धायालम् । द्रव्यकोटेर्नैर्बल्यस्य भावकोटेः प्राबल्यस्य च सर्वत्र सम्भवात् । अन्यथा नद्युत्तारादौ यतमानस्य यतेरपि द्रव्यहिंसाभावचारित्रनिमित्तकमिश्रकर्मबन्धप्रसङ्गात्। तस्माद्बन्धत एक-रूपमेव कर्म। सङ्क्रमतस्तु मिश्रमोहनीयरूपं सङ्कीर्णं सम्भवत्यपीति प्रसिद्धं महाभाष्यादाविति न सङ्कीर्णबन्धपक्षो ज्यायान् । चतुर्थे तु पक्षे विशेषधर्मविवेकानभिज्ञस्य सामान्यधर्मप्रियस्य विप्रत्ययोत्पादनमेव



તે બાજુનો કર્મબંધ થશે. પણ અમે કહીએ છીએ કે જ્યારે તથાવિધ સંયોગોમાં બંને કોટિ સમાન હશે, ત્યારે તો મિશ્રબંધ થશે ને ?

**ઉત્તરપક્ષ** - કોઈ પણ સંયોગો હોય, સર્વત્ર ક્રિયાની અવિધિરૂપ દ્રવ્યકોટિ હંમેશા નિર્બળ રહેશે. દાનાદિના પરિણામરૂપ ભાવકોટિ હંમેશા પ્રબળ રહેશે. આ જ સ્થિતિ બધે જ સંભવશે. કારણકે પરિણામનું જ પ્રાધાન્ય હોય છે. તેથી મિશ્ર બંધની કોઈ સંભાવના જ નથી.

જો આવું ન માનો, તો નદી ઉતરવા વગેરેના અવસરે જયણા કરતા એવા મુનિને પણ દ્રવ્યહિંસા અને ભાવચારિત્ર આ બે નિમિત્તોથી મિશ્રકર્મબંધ થાય છે, એવું માનવું પડશે, જે કોઈને ઈષ્ટ નથી. માટે કર્મ એકરૂપ જ બંધાય છે. પછી મોહનીય કર્મ સંક્રમણથી મિશ્રરૂપ સંભવે પણ છે. દર્શન મોહનીય કર્મમાં બંધ તો મિથ્યાત્વમોહનીયનો જ થાય છે. પછી તેમાં સંક્રમથી મિશ્રમોહનીય કર્મ સંભવે છે. આ વસ્તુ મહાભાષ્ય વગેરેમાં પ્રસિદ્ધ જ છે. માટે મિશ્રબંધનો વિકલ્પ ઉચિત નથી.

અને જે ચોથો વિકલ્પ હતો પુણ્ય-પાપ અન્યતર કહેવામાં શ્રોતાને વિપરીત મતિ થશે, તો તેનો અર્થ એ જ છે કે જે વિશેષ ધર્મની વિધિમાં અમુક નિશ્ચિત એક વસ્તુનો જ્ઞાની નથી. કયાં અવસરે શું કરવું ? કઈ વસ્તુનું પ્રતિપાદન કયાં નયથી કરવામાં આવ્યું છે ? દાનમાં પ્રાણીઓનો વધ થાય તેમાં શું તાત્પર્ય છે ?

विविच्यानुपदेशे कारणमागतमिति योग्ये मार्गविज्ञे च विविच्य फलोपदेश आवश्यकोऽन्यथा कर्मकरादीनां निषेधोऽपि सूत्रेऽनुपपन्नः स्यात्। तत्रापि वारणावारणयोर्वृत्तिविच्छेदप्राणवधानुमोदनप्रसङ्गरूपाया उभयतःपाशारज्जोर्दुर्निवारत्वात् । तस्माद्योग्यतयाऽनिषेधानुमतं



આવા નિયત એક દૃષ્ટિકોણનું જેને જ્ઞાન નથી. જેને સામાન્ય ધર્મ પ્રિય છે. 'આપણે તો દાન-પુણ્ય કરવું, સારા કામ કરવા, લોકોનું ભલું કરવું.' આવા જેના ભાવ છે, આવી વ્યક્તિને વિપરીત પ્રત્યય થઈ જાય - વિપરિણામ પામે - તેની ભૂમિકાને અનુચિત એવા સાચા ઉપદેશથી પણ તેનું અહિત થઈ જાય. એ જ પુણ્ય છે - કે પાપ છે - એવો ઉપદેશ નહીં કરવામાં કારણ છે એ જ વાત આવી ગઈ, એમ વિવેકબુદ્ધિથી જણાય છે. માટે ચાર વિકલ્પોમાં ફરીને પણ અંતે તો તમારે અમારા પક્ષમાં જ આવવું પડ્યું.

માટે જે યોગ્ય હોય, માર્ગજ્ઞાતા હોય - વિશેષધર્મનો જાણકાર હોય, તેના માટે વિવેકબુદ્ધિ પૂર્વક પુણ્ય છે કે પાપ છે એનો પૃથક્ ફલોપદેશ આવશ્યક છે. જો આમ ન માનો તો સૂત્રમાં જે કર્મકર વગેરેને નિષેધ કરવાનો અધિકાર આવે છે, તેની સંગતિ ન થઈ શકે. કારણકે ત્યાં પણ વારણ કરવાથી જીવિકાનો ઉચ્છેદ થાય અને વારણ ન કરે તો પ્રાણવધની અનુમોદના થાય. આમ બંને બાજુ આપત્તિ થાય. 'उभयतः पाशा रज्जू - इतो व्याघ्रस्ततस्तटी' આ ન્યાયોનો અવતાર થાય.

(અહીં કર્મકરો વગેરેને નિષેધની જે વાત છે, તેમાં અકલ્પ્ય વસ્તુ વહોરાવતા કર્મકરો વગેરેને 'આ મને કલ્પતું નથી' તેમ કહીને મહાત્મા તેનો નિષેધ કરે, તેનાથી બીજા કોઈ યાચકને પણ એ આપવાનું બંધ કરે તેથી જીવિકાનો ઉચ્છેદ થાય અને નિષેધ ન કરે તો પ્રાણવધની અનુમતિનો પ્રસંગ થાય, આવા પ્રકારનો અધિકાર



जिनपूजादि भगवतेति व्यवस्थितम् ।।२५।। अत एवार्थदण्डक्रियायां नागभूतयक्षार्थभूतविधिवज्जिनपूजाद्यारम्भः सूत्रे प्रतिपदोक्त्या न परिगणितः । इदमप्यञ्जनं दत्त्वा मिथ्यात्वमलिना दृष्टिः सचेतसा नैर्मल्यमानेया । तथोक्तं द्वितीयाङ्गे द्वितीयश्रुतस्कन्धे द्वितीयाध्ययने- "पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिज्जइ से जहा णामए केई पुरिसे आयहेउं वा[1] मित्तहेउं वा णागहेउं वा भूतहेउं वा



સંભવે છે. આમ છતાં તત્ત્વ તો બહુશ્રુતો જાણે છે.)

માટે દાનના અનુપદેશ વિષયક જે સૂત્ર છે, તેમાં પણ વિષયવિભાગ અને વિવેકબુદ્ધિ દ્વારા તાત્પર્યને શોધવા પ્રયાસ કરવો જોઈએ. પ્રશ્નકર્તા યોગ્ય હોય અને તે સમયે ગીતાર્થ મહાત્મા દ્રવ્યાદિને અનુસારે પુણ્ય કે પાપ - અન્યતરનો ઉપદેશ આપે તો એમાં દોષ નથી. તેમ દ્રવ્યસ્તવના ઉપદેશના વિષયમાં પણ સમજવું જોઈએ. માટે સૂર્યાભદેવ જેવો યોગ્ય પ્રશ્નકર્તા હતો, તેને પ્રભુએ જિનપૂજાદિનો નિષેધ કર્યો નહીં, તે જ સૂચવે છે કે પ્રભુને તે અનુમત હતું.

માટે જ સૂત્રમાં અર્થદંડ ક્રિયાના ઉદાહરણો ગણાવતા ગણાવતા નાગ, ભૂત, યક્ષ માટે થયેલા આરંભ-સમારંભના વિધાનો ગણાવ્યા, તેમ તેના ઉદાહરણોમાં જિનપૂજા વગેરેમાં થતા આરંભને નથી ગણ્યો. આ સૂત્રપાઠ એક અંજન સમાન છે. બુદ્ધિશાળી વાચકે આ અંજન લગાવીને મિથ્યાત્વથી મલિન એવી પોતાની દૃષ્ટિને નિર્મળ કરવી જોઈએ. શ્રી સૂત્રકૃતાંગના દ્વિતીય શ્રુતસ્કંધના દ્વિતીય અધ્યયનમાં તે અધિકાર કહ્યો છે -

"પ્રથમ દંડસમાદાન - અર્થદંડ એમ જે કહ્યું, તેની આ પ્રમાણે વ્યાખ્યા છે - જેમ કોઈ પુરુષ પોતાના માટે કે સ્વજન વગેરે માટે કે

१. अगारहेउं वा परिवारहेउं वा - इत्यधिकमुपलभ्यमाने द्वितीयाङ्गे ।

जक्खहेउं वा तं दंडं तसथावरेहिं पाणेहिं सयमेव णिस्सिरइ अण्णेहिं वा णिस्सिरावेइ अन्नंपि निस्सरंतं समणुजाणइ एवं खलु तस्स तप्पत्तियं सावज्जंति आहिज्जइ पढमे दंडसमादाणे अट्ठादंडेत्ति आहिए” अत्र यदि जिनपूजार्थेऽपि कोऽपि वधः परिगणनीयः स्यात्तदा “नागहेउं” इत्यादिवत् “जिणपडिमाहेउं” इत्यप्यवक्ष्यत। तस्मादर्थदण्डक्रियायां प्रतिपदोक्तिप्रसङ्गेऽप्यनुक्तत्वान्न तस्य तादृशक्रिया-रूपत्वमिति न निषिद्धोऽयम्।।२६।। एतेन जिनपूजादौ यावानारम्भ-

**દેવધર્મોપનિષદ્**

મિત્ર માટે કે નાગ માટે કે ભૂત માટે કે યક્ષ માટે તથાવિધ સ્વ-પરના ઉપઘાતરૂપ દંડનો નિક્ષેપ કરે, અથવા બીજા પાસે નિક્ષેપ કરાવે, કે બીજા નિક્ષેપ કરતા હોય તેને અનુમતિ આપે, તેને તત્પ્રત્યયિક સાવધક્રિયાથી ઉપાર્જિત કર્મ બંધાય છે” આ રીતે પ્રથમ દંડ સમાદાન - અર્થદંડ કહ્યું.

અહીં જો જિનપૂજા માટે થયેલો કોઈ પુષ્પાદિનો વધ ગણવાનો હોત તો જેમ નાગ માટે એમ કહ્યું, તેમ જિનપ્રતિમા માટે એવું પણ કહેત. માટે અર્થદંડ ક્રિયામાં પ્રતિપદ (પોતાના માટે, સ્વજન માટે.... એમ એક-એક પદ) સ્પષ્ટ કહેતા હોવા છતાં જિનપ્રતિમા માટે આવું પદ નથી કહ્યું, તે જ બતાવે છે કે જિનપ્રતિમાની પૂજા માટે થતી સ્વરૂપ હિંસા એ અર્થદંડ ક્રિયા રૂપ નથી.

અહીં ખાસ ‘પ્રતિપદ’ એવું એટલા માટે કહ્યું છે કે જો સૂત્રમાં સામાન્યથી અર્થ માટેનો દંડ - સપ્રયોજન આરંભ એ અર્થદંડ આટલું જ કહ્યું હોત તો કદાચ શંકા રહેત કે જિનપ્રતિમાપૂજા માટે થતા આરંભને અર્થદંડમાં ગણવો કે નહીં ? પણ જ્યારે એક એક પદને ગણાવ્યા છે - પોતાના માટે, સ્વજન માટે, મિત્ર-નાગ-ભૂત-યક્ષ માટે એમ કહ્યું છે અને જિનપ્રતિમા માટે આવું નથી કહ્યું તેનાથી



स्तावानधर्मः यावती च भक्तिस्तावान् धर्म इति मिश्रभाषापि परास्ता। मिश्रभाषायाः साधूनामसत्यभाषाया इव वक्तुमयोग्यत्वात्। अन्यथा “कविला इत्थंपि इहयंपित्ति” मरीचेर्मिश्रवचनमुत्सूत्रं न स्यादत एव श्रुतभावभाषापि तृतीयभेदपरित्यागेन त्रिविधैव दशवै-

**દેવધર્મોપનિષદ્**

નિઃશંકપણે નિશ્ચિત થઈ જાય છે કે જિનપૂજા માટે કરાતો આરંભ એ પાપ તરીકે સૂત્રસંમત જ નથી અર્થાત્ જ્ઞાનીઓની દૃષ્ટિમાં એ ધર્મ જ છે. અને તેથી ભગવાને તેનો નિષેધ ન કર્યો - સૂર્યાભને એમ ન કહ્યું કે નાટકપ્રબંધ નહીં કર.

**પૂર્વપક્ષ** - જુઓ, ધર્મ છે એટલું તો અમે માની લઈએ છીએ, પણ હિંસા પણ છે તેનું શું ? તમે તો એ બાજુ આંખ આડા કાન જ કરો છો. એના કરતાં હવે અમે બરાબર પદાર્થ બેસાડી આપીએ છીએ, તે સમજી લો - જિનપૂજા વગેરેમાં જેટલો આરંભ છે, તેટલો અધર્મ છે અને જેટલી ભક્તિ છે, તેટલો ધર્મ છે.

**ઉત્તરપક્ષ** - પ્રભુને જે ક્રિયા અનુમત હતી, તેમાં આવું મિશ્રપણું પણ ન સંભવે. માટે પ્રભુને દ્રવ્યસ્તવ અનુમત હતો એવું અમે જે સિદ્ધ કર્યું, તેનાથી જ તમારી આ મિશ્રભાષા પણ પરાસ્ત થઈ જાય છે.

તમે તેમાં ધર્મપણું માન્યું એટલું સત્ય છે અને આરંભ માન્યો એ અસત્ય છે, કારણકે શાસ્ત્રકારોને એ આરંભ તરીકે માન્ય નથી. આમ તમે જે પ્રરૂપણા કરી એ સત્યાસત્ય છે = મિશ્રભાષા છે. જેમ સાધુએ અસત્યભાષા બોલવી ઉચિત નથી એમ સત્યાસત્ય-મિશ્ર ભાષા બોલવી પણ ઉચિત નથી. જો મિશ્રભાષા બોલવી ઉચિત હોત, તો મરીચિએ - ‘કપિલ ! અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે.’ આવું જે મિશ્રવચન કહ્યું, તે ઉત્સૂત્ર ન થાત. માટે જ દશવૈકાલિક નિર્યુક્તિમાં શ્રુતભાવ-ભાષાના ભેદો ગણાવતા મિશ્રભાષારૂપ તૃતીયભેદ છોડીને ત્રિવિધ

कालिकनिर्युक्तावुक्ता। हन्तैवं मिश्रपक्षः सूत्रकृतोक्त उच्छिद्यत एवेति चेदुच्छिद्यत एव । तत्त्वचिन्तायां पक्षद्वय एव पक्षत्रयस्यान्तर्भावनात्। तथा च सूत्रम् - "अविरतिं पडुच्च बाले आहिज्जइ विरतिं पडुच्च पंडिए आहिज्जइ विरताविरतिं पडुच्च बालपंडिए आहिज्जइ तत्थ णं जा सा सव्वतो अविरती एस ठाणे आरंभट्ठाणे अणारिए जाव असव्वदुक्खपहीणमग्गे एगंतमिच्छे असाहू तत्थ णं जा सा सव्वतो विरती एस ठाणे अणारंभट्ठाणे आयरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे साहू तत्थ णं जा सा सव्वतो विरताविरती एस ठाणे आरंभाणारंभट्ठाणे

**દેવધર્મોપનિષદ્**

શ્રુતભાવભાષા છે એમ કહ્યું છે. જે પાઠ આ મુજબ છે –

सुअधम्मे पुण तिविहा सच्चा मोसा असच्चमोसा य

શ્રુતધર્મમાં ભાવભાષા ત્રણ પ્રકારની છે. સત્ય, મૃષા, અસત્યામૃષા.

અહીં સત્યાસત્યરૂપ તૃતીય ભેદ છોડી દીધો છે. (સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે શ્રુતમાં ઉપયુક્ત થયા વિના પ્રમાદથી જે ભાષા બોલે, તે મૃષા હોય છે એમ આગળની નિર્યુક્તિગાથામાં જણાવ્યું છે.)

**પૂર્વપક્ષ** - તમારી બધી વાત સાચી. પણ આ રીતે તો સૂત્રકૃતાંગ સૂત્રમાં જે મિશ્રપક્ષ કહ્યો છે, તેનો ઉચ્છેદ જ થઈ જશે.

**ઉત્તરપક્ષ** - હાસ્તો, તાત્ત્વિક દૃષ્ટિએ ચિંતન કરવામાં આવે તો ધર્મ, અધર્મ અને ધર્માધર્મ આ ત્રણે પક્ષનો ધર્મ અને અધર્મ આ બે પક્ષમાં જ અંતર્ભાવ થાય છે. આ પણ અમારું જ ચિંતન છે તેવું નથી. આગમ પણ આમાં સાક્ષી પૂરે છે. આ રહ્યું તે સૂત્ર - અવિરતિને આશ્રીને બાળ કહેવાય છે, વિરતિને આશ્રીને પંડિત કહેવાય છે. વિરતાવિરતિને-દેશવિરતિને આશ્રીને બાળપંડિત કહેવાય છે. તેમાં જે સર્વતઃ અવિરતિ છે, તે સ્થાન આરંભસ્થાન છે, તે અનાર્ય સ્થાન છે યાવત્ સર્વ દુઃખોને ક્ષીણ કરવાનો માર્ગ નથી,



आरिए जाव सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू एवमेव समणुगम्ममाणा समोगाहिज्जमाणा इमेहिं चेव दोहिं ठाणेहिं समोअरंति तं जहा धम्मे चेव अधम्मे चेव उवसंते चेव अणुवसंते चेव। तत्थ णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे एवमाहिज्जति तस्स णं इमाइं तिन्नि तेवट्ठाइं पावाउअसयाइं भवंतित्ति अक्खाय-मित्यादि"। अत्र ह्यन्यतीर्थिकपक्ष एवाधर्मरूपो जैनपक्षस्तु अपुनर्बन्धका-दिर्वीतरागचारित्रपर्यवसानो धर्मरूप एव कण्ठतो विरतिरूपधर्मोपादाने-

**દેવધર્મોપનિષદ્**

એકાંતે મિથ્યા છે, અસમ્યક્ છે. તેમાં જે સર્વતઃ વિરતિ છે એ સ્થાન અનારંભસ્થાન છે, આર્ય સ્થાન છે, યાવત્ સર્વ દુઃખોને ક્ષીણ કરવાનો માર્ગ છે, સમ્યક્ છે. તેમાં જે સર્વતઃ વિરતાવિરતિ (દેશવિરતિ) છે, આ સ્થાન આરંભ-અનારંભનું સ્થાન છે, આર્ય છે, યાવત્ સર્વદુઃખોનો ક્ષય કરવાનો માર્ગ છે, એકાંતે સમ્યક્ છે, સમીચીન છે.

આ જ રીતે જો બરાબર અનુચિંતન કરીએ - સમ્યક્ અવગાહન કરીએ તો આ ત્રણે સ્થાન બે જ સ્થાનમાં સમવતાર પામે છે - તે આ પ્રમાણે (૧) ધર્મમાં અને (૨) અધર્મમાં. (૧) ઉપશાંતમાં અને (૨) અનુપશાંતમાં.

અહીં જે અધર્મપક્ષરૂપી પ્રથમ સ્થાન છે, તેનો આ રીતે પ્રકાર કહેવામાં આવે છે. તેના આ ૩૬૩ પ્રાવાદુકો થાય છે એમ કહ્યું છે.

| | | |
|---|---|---|
| અહીં ક્રિયાવાદી | - | ૧૮૦ |
| અક્રિયાવાદી | - | ૮૪ |
| અજ્ઞાની | - | ૬૭ |
| વૈનયિક | - | ૩૨ |
| આમ કુલ પ્રાવાદુકો | | ૩૬૩ સમજવા. |

પ્રકર્ષથી સ્વમતને કહે તે પ્રાવાદુક. તેના ભેદોનો વિસ્તાર આચારાંગ આદિમાં કહ્યો છે.

ऽप्यर्थतः सम्यक्त्वादिधर्मस्याप्यपरित्यागात्। अन्यथा चतुर्थगुणस्थानं कस्मिन् पक्षेऽन्तर्भावनीयम् । ये तु देवानांप्रिया देशविरतेर्मिश्रपक्षतयैव कण्ठोक्तत्वादेकान्तधर्मतां न श्रद्दधते ते सूत्रपशवः क्रियालेशवतां तापसादीनामपि मार्गं मिश्रपक्षतयोक्तं जात्यन्तरं किमिति न श्रद्दधीरन् । तथा च सूत्रम् - "अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवामाहिज्जति जे इमे भवंति आरण्णिया आवसहिया गामंतिया कण्णुइ राहस्सिया जाव ततो विप्पमुच्चमाणा भुज्जो एलमूयत्ताए



પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થિક પક્ષ જ અધર્મરૂપ છે. જૈનપક્ષ તો અપુનર્બંધકથી માંડીને વીતરાગ ચારિત્ર સુધી ધર્મરૂપ જ છે. સૂત્રમાં શબ્દથી ભલે વિરતિરૂપ ધર્મનું જ ઉપાદાન કર્યું છે, પણ અર્થથી તો સમ્યક્ત્વ વગેરે ધર્મનું પણ ગ્રહણ કર્યું છે. જો આમ ન માનો, તો ચતુર્થગુણસ્થાનનો કયાં પક્ષમાં અંતર્ભાવ કરવો ?

જે મૂર્ખ જીવો સૂત્રમાં શબ્દથી દેશવિરતિનો મિશ્રપક્ષરૂપે જ કહી હોવાથી, તે એકાંતધર્મ છે એવું માનતા નથી. તેઓ સૂત્રના વિષયમાં પશુ જેવા અજ્ઞ છે. સૂત્રના તાત્પર્યને સમજતા નથી. જો જડતાથી શબ્દ જ પકડવાના હોય, તો પછી સૂત્રમાં તો આંશિક ક્રિયાના ધારક એવા તાપસોના માર્ગને પણ મિશ્રપક્ષ તરીકે કહ્યું છે. તો પછી તેનો સમાવેશ અધર્મમાં કેમ કરે છે, તેને પણ અમુક જાત્યન્તર તરીકે કેમ નથી માનતા. જો માત્ર શબ્દ જ પકડવા હોય તો અહીં પણ તેમણે એક અલગ પક્ષનો સ્વીકાર કરવો જ પડશે. તે સૂત્ર આ મુજબ છે -

"હવે અન્ય એવો તૃતીય મિશ્ર સ્થાનનો પ્રકાર આ રીતે કહેવાય છે. જે આવા પ્રકારના હોય છે - અરણ્યમાં ફરનારા કંદમૂળ-ફળ ખાનાર તાપસ વગેરે, ગૃહસ્થો, ગામનિમંત્રિક નામના પરતીર્થિકવિશેષ, અથવા ગામની પાસે નિવાસ કરનારા, રહસ્ય વિષે વિચાર કરનારા તાપસો મરીને કિલ્બિષી દેવપણે ઉત્પન્ન થાય છે અને ત્યાંથી ચ્યવીને



पच्चायंति एस ठाणे अणारिए अकेवले जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहू एस खलु तच्चस्स ठाणगस्स विभंगे एवमाहिएत्ति" तस्मात्परेषामधर्म इव जिनाज्ञावतां मिश्रपक्षोऽपि धर्म एवेति ध्येयम् । [1]अनेकान्ताशङ्काऽप्येवकारेणैव व्यवच्छेदनीयेति तत्त्वम् ।।२७।। आस्तामन्यत् परं जिनपूजादिद्रव्यस्तवस्य धर्मकर्मत्वेऽभ्युपगम्यमाने



ફરી મૂંગા, અજ્ઞાનથી અંધ એવા જન્મે છે. આ સ્થાન અનાર્ય છે, અસંપૂર્ણ છે યાવત્ સર્વ દુઃખોના ક્ષયનો માર્ગ નથી. એકાંતે મિથ્યા છે. અસમ્યક્ છે. આ તૃતીય સ્થાનનો પ્રકાર કહેવાયો."

અહીં કહેલું પરતીર્થિકોનું મિશ્રસ્થાન પણ જેમ અધર્મ છે, તેમ જિનાજ્ઞાના ધારકોનો મિશ્રપક્ષ પણ ધર્મ જ છે. એમ ધ્યાનમાં રાખવું જોઈએ.

**પૂર્વપક્ષ** - જુઓ, પરતીર્થિકો તો મિથ્યાત્વથી કલુષિત હોવાથી તેમની ક્રિયા પણ અશુદ્ધ છે, એટલે તેઓ જે કાંઈ તેમના સિદ્ધાંત મુજબ વિરતિ પાળે એ પણ નિષ્ફળપ્રાયઃ છે. માટે તેમના મિશ્રસ્થાનનો અધર્મમાં અંતર્ભાવ કરવો ઉચિત જ છે. પણ સમ્યગ્દષ્ટિને તો ધર્મ અને અધર્મ આ બંને અંશ સ્પષ્ટરૂપે જણાય જ છે, માટે તેના મિશ્રસ્થાનકનો ધર્મમાં અંતર્ભાવ થતો હશે, કે પછી તે મિશ્રસ્થાનનો ત્રીજો પક્ષ જ રહેતો હશે એમ અમને આશંકા રહે છે.

**ઉત્તરપક્ષ** - આ મિશ્રસ્થાન ધર્મ હશે કે નહીં હોય, એવી જે વ્યભિચારની આશંકા છે, તેનો પણ સૂત્રમાં કહેલા જકારથી જ વ્યવચ્છેદ કરવો જોઈએ. જ્યારે સૂત્રમાં સાક્ષાત્ 'धम्मे चेव अधम्मे चेव' આમ બે જ પક્ષમાં ત્રણેનો અંતર્ભાવ અવધારણપૂર્વક કર્યો છે, ત્યારે આવી આશંકા રાખવી ઉચિત નથી. આ પ્રમાણે અહીં તત્ત્વ છે.

**પૂર્વપક્ષ** - મુકોને આ બધી મથામણ, તમે અમને એટલો જ

१. ख - अनेकान्तांशप्रकारेणैव व्यवच्छेदनीय इति तत्त्वम् ।

हिंसाया दूषणत्वं क्व गतमिति चेत् कया विधया तस्या दूषणत्वं - अविरतिविधया, प्रमादविधया, कषायविधया, योगविधया वा । नाद्यः, असंयतानामविरतिं प्रतीत्यात्माद्यारम्भकत्वस्य सदातनत्वेन तत्तद्धर्मक्रियाकालीनानुषङ्गिकहिंसाया अविरतिविधया विशेष्यानानु-

देवधर्मोपनिषद्

જવાબ આપો, કે જિનપૂજા વગેરે દ્રવ્યસ્તવને જો ધર્માનુષ્ઠાન માનશો, તો પછી હિંસાનું દૂષણપણું ક્યાં ગયું ? જો પુષ્પ વગેરેની હિંસાને પણ તમે ધર્મ માનશો તો પછી હિંસા નિર્દોષ છે, એવું જ કહેવું પડશે.

**ઉત્તરપક્ષ** - અચ્છા, તો જિનપૂજામાં થતી હિંસામાં તમે કયા પ્રકારથી દૂષણપણું કહેવા માંગો છો ? (૧) અવિરતિ પ્રકારથી (૨) પ્રમાદપ્રકારથી (૩) કષાયપ્રકારથી કે (૪) યોગપ્રકારથી ?

(૧) અહીં પહેલો વિકલ્પ સંભવિત નથી. કારણકે જિનપૂજાનું વિધાન અસંયતો માટે છે અને અસંયતોને તો અવિરતિને આશ્રીને પોતાના માટે, સ્વજન વગેરે માટે હંમેશા આરંભકપણું હોય જ છે. માટે તે તે ધર્મક્રિયાના સમયે જે આનુષંગિક હિંસા થાય છે, તે હિંસા અવિરતિપ્રકારે જ છે એવો વિશેષથી અનુપ્રવેશ ન થઈ શકે. અર્થાત્ અસંયત સદા અવિરતિમાં જ બેઠો છે. માટે એ જિનપૂજા કરે ત્યારે જે પુષ્પાદિની હિંસા થાય તે અવિરતિને કારણે દૂષિત છે એમ ન કહી શકાય. કારણ કે તે અવિરતિ તો પૂજાની પૂર્વે પણ હતી અને પછી પણ હતી તો પૂજામાં થયેલી હિંસા માટે અવિરતિ એ કોઈ વિશેષ દૂષણ તરીકે ન ઠરી શકે.

જેમ કે કોઈ જૈન રોજ રાત્રિભોજનત્યાગ ન કરતો હોય. એ ક્યારેક બહારગામ જાય. ત્યાં તેને રાત્રિભોજન કરતાં જોઈ, કોઈ કારણ પૂછે, ત્યારે જો એ એમ કહે કે ‘બહારગામમાં વ્યવસ્થા ન થવાથી મારે રાત્રિભોજન કરવું પડે છે.’ તો એ ઉત્તર સાચો ન કહેવાય. કારણકે બહારગામ ન ગયો હોય ત્યારે પણ તે હંમેશા



प्रवेशात् । न द्वितीयो भक्तियतनानुबन्धशुद्धौ प्रवृत्तस्यापि धर्मकर्मणि प्रमादकार्यानुत्पत्तेः । अन्यथा प्रमत्तसंयतानां शुभाशुभयोगभेदेन आत्माद्यनारम्भकत्वतदना(तदा?)रम्भकत्वभेदभणनानुपपत्तेः ।

देवधर्मोपनिषद्

રાત્રિભોજન કરે જ છે. માટે બહારગામમાં થયેલા રાત્રિભોજન માટે પણ તેનું બહારગામગમન એ વિશિષ્ટરૂપે કારણ ન થઈ શકે. એમ પ્રસ્તુતમાં પણ સમજવું.

(૨) બીજો વિકલ્પ પણ સંભવિત નથી. કારણકે જે ભક્તિ, યતના અને અનુબંધની શુદ્ધિવાળા એવા ધર્મકર્મમાં પ્રવૃત્ત છે તેને પ્રમાદ-કાર્યની ઉત્પત્તિ થતી નથી. અર્થાત્ ભક્તિ, જયણા અને સાનુબંધ શુદ્ધિથી યુક્ત ધર્માનુષ્ઠાનમાં પ્રમાદ સંભવિત જ નથી.

જો આવું ન માનો, તો પ્રમત્ત સંયતોને શુભયોગમાં આત્માદિ-અનારંભકપણું અને અશુભયોગમાં આત્માદિ - આરંભકપણું હોય છે. આવા જે પૃથક્ પૃથક્ ભેદો આગમમાં ગણ્યા છે તેની સંગતિ ન થાય. શ્રી ભગવતી સૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશામાં તે અધિકાર આ મુજબ કહ્યો છે -

जे पमत्तसंजया ते सुहजोगं पडुच्च णो आयारंभा णो परारंभा जाव अणारंभा । असुहजोगं पडुच्च आयारंभावि जाव णो अणारंभा ।

પ્રમત્ત સંયતોને બે યોગ હોય છે. શુભ અને અશુભ. સંયત હોવાથી શુભ યોગ અને પ્રમાદી હોવાથી અશુભ યોગ. તેમાં જ્યારે ઉપયોગપૂર્વક પડિલેહણાદિ કરે ત્યારે શુભયોગ હોય છે અને આત્માદિ - અનારંભકપણું હોય છે. અને જ્યારે અનુપયોગથી પડિલેહણ કરે ત્યારે અશુભયોગ હોય છે અને આત્માદિ-આરંભકપણું હોય છે.

કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે સર્વ પ્રમત્ત યોગ એ શ્રમણનો પણ આરંભ છે. પ્રત્યુપેક્ષણા આદિમાં પ્રમાદ કરે તે ષટ્કાયનો વિરાધક થાય છે.

પ્રસ્તુતમાં એ સમજવાનું છે કે, પ્રમાદ હોય ત્યાં આરંભ છે. તમે

अयमतिदेशो हि संयतासंयतादावपि द्रष्टव्यः पृथक् तत्र मिश्रयोग-कार्यानुपदेशात् । अत एव तेजोलेश्यादिदण्डकत्रयेऽपि संयतासंयत-प्रमत्ताप्रमत्तभेदभिन्नान्येव सूत्राणि भगवत्यामतिदिष्टानीति दिक् ।



જિનપૂજામાં પ્રમાદને કારણે હિંસાનું દૂષણપણું પૂરવાર કરવા માંગો છો. પણ ભક્તિભાવ, જયણા અને સાનુબંધ શુદ્ધિની હાજરીમાં પ્રમાદ જ સંભવિત નથી. વળી ઉપરોક્ત સૂત્ર દ્વારા સિદ્ધ કરવામાં આવ્યું છે કે શુભ યોગોમાં આરંભક્રિયા હોતી નથી. તેથી જિનપૂજા પણ શુભયોગ હોવાથી શાસ્ત્રદૃષ્ટિએ તેમાં આરંભદોષપણું માન્ય નથી. માટે અહીં હિંસાના દોષનું આરોપણ કરવું ઉચિત નથી.

**પૂર્વપક્ષ** - અમે સાધુની વાત જ ક્યાં કરીએ છીએ કે તમે એના શાસ્ત્રપાઠો આપવા લાગ્યા. અમે તો શ્રાવક જિનપૂજા વગેરે કરે એમાં હિંસાનો દોષ છે એમ કહીએ છીએ.

**ઉત્તરપક્ષ** - પ્રમત્ત સાધુને ઉદ્દેશીને જે વાત કરી, તે જ વાત સંયતાસંયત શ્રાવક વગેરેના વિષયમાં પણ સમજી લેવી જોઈએ. કારણકે તમે જેને સિદ્ધ કરવા માંગો છો એવા મિશ્રયોગના કાર્યનો ત્યાં અલગ ઉપદેશ કર્યો નથી. માટે શ્રાવક વગેરે પણ શુભયોગમાં પ્રવૃત્ત હોય તો આરંભક નથી અને અશુભયોગમાં પ્રવૃત્ત હોય, તો આરંભક છે. જિનપૂજાદિ યોગ શુભ હોવાથી તેમાં આરંભ દોષ ન હોઈ શકે.

આ જ કારણથી શ્રી ભગવતી સૂત્રમાં તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા આ ત્રણના આલાવામાં સંયત, અસંયત, પ્રમત્ત, અપ્રમત્ત એવા ભેદોથી ભિન્ન એવા જ સૂત્રોનો અતિદેશ કર્યો છે. તે અધિકાર પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશામાં આ મુજબ છે -

तेउलेसस्स, पम्हलेसस्स, सुक्कलेसस्स, जहा ओहिया जीवा

અર્થાત્ આની પૂર્વે જે આરંભના અધિકારવાળું સૂત્ર હતું તેની જેમ અહીં પણ સમજવાનું, જે આ મુજબ છે -



नापि तृतीयचतुर्थौ भक्तियतनाभ्यामेव काषायिकानामध्यवसायानां योगानां च शुभानामेव जननात् । स्वरूपतो दोषत्वासम्भवे



तेउलेस्सा णं भंते ! जीवा किं
आयारंभा ४ ? गोयमा अत्थेगइया
आयारंभा वि जाव नो अनारंभा,
अत्थेगइया नो आयारंभा जाव
अनारंभा । से केणट्ठेणं भंते ! एवं
वुच्चइ ? गोयमा ! दुविहा तेउलेस्सा
पन्नत्ता, तं जहा संजया च असंजया
च । तत्थ णं जे ते अप्पमत्तसंजया
ते णं नो आयारंभा नो परारंभा
जाव अनारंभा । तत्थ णं जे ते
पमत्तसंजया ते सुहं जोगं पडुच्च
नो आयारंभा नो परारंभा जाव
अनारंभा । असुभं जोगं पडुच्च
आयारंभा वि जाव नो अनारंभा ।

સૂત્રનો આ અતિદેશ સ્પષ્ટપણે બતાવે છે કે શુભયોગ છે ત્યાં આરંભ - હિંસા દોષરૂપ નથી. આ અહીં દિશાસૂચન જ કર્યું છે. આ વિષયમાં હજી ગંભીર ચિંતન કરવું જોઈએ.

(૩) (૪) તૃતીય અને ચતુર્થ વિકલ્પો પણ ઉચિત નથી. કારણકે કષાય અને યોગને કારણે અહીં હિંસાના દોષનો અવકાશ જ નથી. કારણકે ભક્તિ અને યતનાના પ્રભાવે કાષાયિક અધ્યવસાયો અને યોગો શુભ જ થવાના છે.

અહીં પ્રભુ પ્રત્યેની પ્રીતિ-ભક્તિ રૂપ પ્રશસ્ત રાગ એ શુભ

"आसवा ते परिस्सवा" इत्यादिसूत्रन्यायेनैवानैकान्तिकत्वात् । तस्माद्विधिभक्तिशुद्धे धर्मकर्मण्यारम्भो न दोषावह इति स्थितम् । यत्तु - "अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो । संसारपयणुकरणे दव्वथए कूवदिट्ठंतो ।।१।।" इत्यनेनावश्यकनिर्युक्तौ महानिशीथे च द्रव्यस्तवे कूपखननं दृष्टान्तीकृतम् । तत्कूपखननं यथा स्वपरोपकाराय भवत्येवं स्नानपूजादिकं करणानुमोदनद्वारेण

**દેવધર્મોપનિષદ્**

કાષાયિક ભાવ છે. પૂજા, પ્રદક્ષિણા, સ્તોત્રપાઠ, પ્રભુગુણચિંતન એ શુભ યોગો છે.

**પૂર્વપક્ષ** - પણ હિંસા એ દોષરૂપ જ છે, તો એ યોગો શુભ શી રીતે થઈ શકે ?

**ઉત્તરપક્ષ** - સ્વરૂપથી તો દુનિયાની કોઈ વસ્તુ દોષરૂપ કે ગુણરૂપ નથી. જે વસ્તુ સંસારનું કારણ છે, તે જ વસ્તુ મોક્ષનું કારણ છે. અહીં આચારાંગ સૂત્ર સાક્ષી પૂરે છે - जे आसवा ते परिसवा - જે આશ્રવના હેતુ છે તે જ નિર્જરાના પણ હેતુ છે. આ ન્યાયથી જ હિંસા દોષરૂપ છે એ વાત અનેકાંતિક છે. અર્થાત્ દ્રવ્યસ્તવ જેવા સ્થાને એ ગુણરૂપ પણ બને છે. એકાંતે દોષરૂપ નથી. માટે વિધિ અને ભક્તિ આ બંનેથી શુદ્ધ એવા ધર્માનુષ્ઠાનમાં જે આરંભ થાય છે, તે દોષજનક નથી, એમ સિદ્ધ થાય છે.

વળી, 'જે અસંપૂર્ણ વિરતિમાં પ્રવૃત્તિ કરે છે એવા દેશવિરતોને માટે સંસારને પરિમિત કરનારો એવો દ્રવ્યસ્તવ ઉચિત છે. દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાન્ત સમજવું.' આ ગાથાથી આવશ્યકનિર્યુક્તિ અને મહાનિશીથ સૂત્રમાં દ્રવ્યસ્તવ વિષે કૂપખનન (કૂવો ખોદવો) દૃષ્ટાંત તરીકે કહ્યું છે. તેમાં એમ સમજવાનું કે - જેમ કૂપખનન પોતાના અને બીજાના ઉપકાર માટે થાય છે, તેમ પ્રભુનો અભિષેક અથવા



स्वपरयोः पुण्यकारणं स्यादित्येवंपरतया व्याख्येयम् । ये तु प्राञ्चो नैतद्व्याख्यानमागमानुपाति धर्मार्थप्रवृत्तावपि आरम्भजनितस्य पापस्येष्टत्वात् । कथमन्यथा भगवत्यामुक्तम् - "तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असण ४ पडिलाभेमाणे भंते किं कज्जइ ? गोयमा ! अप्पे पावकम्मे कज्जइ बहुतरिया से णिज्जरा कज्जइत्ति" तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि कथं

**દેવધર્મોપનિષદ્**

પૂજા માટે કરેલું સ્નાન પૂજા વગેરે કરણ દ્વારા પોતાના પર ઉપકાર કરનારું થાય છે અને અનુમોદનાનું આલંબન આપવા દ્વારા બીજા પર ઉપકાર કરનારું થાય છે - સ્વ-પરને પુણ્યનું કારણ થાય છે. આ રીતે કૂપદૃષ્ટાન્તની વ્યાખ્યા કરવી જોઈએ.

પણ જે પ્રાચીનો એમ દલીલ કરે છે કે - આ વ્યાખ્યા આગમાનુસારી નથી. કારણ કે જે ધર્મ માટે પ્રવૃત્તિ કરે છે, તેમને પણ આરંભજનિત પાપ લાગે જ છે, એવું શાસ્ત્રકારોને અભિપ્રેત છે. જો આવું ન હોય તો શ્રી ભગવતીસૂત્રમાં એવું કેમ કહ્યું કે 'પાપકર્મોનો પ્રતિઘાત અને પચ્ચક્ખાણ કરનારા એવા તથાવિધ શ્રમણ કે બ્રાહ્મણ [બ્રહ્મ(કુશલાનુષ્ઠાન)થી યુક્ત] ને અપ્રાસુક અનેષણીય એવા અશન-પાન-ખાદિમ-સ્વાદિમનું દાન આપવાથી હે ભગવંત ! શું કરાય છે ? ગૌતમ ! તે દાન વડે અલ્પ પાપકર્મ કરાય છે અને ઘણી નિર્જરા કરાય છે.' અહીં અવિધિથી દાન આપવાથી અલ્પ પાપકર્મનો બંધ સ્વીકાર્યો છે.

તથા ગ્લાનની ચિકિત્સા પરિચર્યા કર્યા બાદ પંચકલ્યાણકરૂપી પ્રાયશ્ચિત સ્વીકારવાનું જે વિધાન છે તે પણ કેવી રીતે સંભવે ? મહાત્માએ તો ગ્લાનની વૈયાવચ્ચ જ કરી છે, તેનું કાંઈ પ્રાયશ્ચિત્ત હોય ? પણ એ વૈયાવચ્ચમાં પણ જે હિંસા થઈ છે, તેનાથી પાપકર્મનો

स्यात् ? तस्माद्यथा कूपखननं श्रमतृष्णाकर्दमोपलेपादिदोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च भवति, एवं स्नानादिकमप्यारम्भदोषमपोह्य शुभाध्यवसायोत्पादनेन विशिष्टा-शुभकर्मनिर्जरणपुण्यबन्धकारणं भवत्येवं व्याख्येयमिति वदन्ति। तेषामाशयं त एव जानन्ति । पूजार्थं स्नानादिकरणकालेऽपि निर्मलजलकल्पशुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्पपापा-भावादित्थमुदाहरणवैषम्यापातात् । न चेदेवं कथं क्रियमाणं कृतमिति

देवधर्मोपनिषद्

બંધ થયો છે, એવું શાસ્ત્રકારોને ઈષ્ટ છે, તેથી જ એ પાપનું પ્રક્ષાલન કરવા માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે.

માટે જેમ કૂપખનનનો પરિશ્રમ, તૃષા, કાદવથી ખરડાવું વગેરે દોષોથી યુક્ત હોવા છતાં પણ પાણીની ઉત્પત્તિ થાય ત્યારે પરિશ્રમાદિને દૂર કરીને સ્વ અને પરના ઉપકાર માટે થાય છે, તેમ દ્રવ્યસ્તવ પણ સ્નાન વગેરે જે આરંભ થયો હતો, તેનાથી જનિત દોષને દૂર કરીને શુભ અધ્યવસાયનું ઉત્પાદન કરવા દ્વારા અશુભ કર્મની વિશિષ્ટ નિર્જરા અને વિશિષ્ટ પુણ્યના બંધનું કારણ થાય છે. આમ 'દ્રવ્યસ્તવ સર્વથા નિર્દોષ જ છે, તેમાં કોઈ પાપકર્મનો બંધ થતો જ નથી' એવું નથી. તેમાં આરંભનો દોષ પણ છે અને તેથી જ પાપકર્મનો બંધ પણ છે છતાં શુભ અધ્યવસાય દ્વારા એ દોષનું નિરાકરણ થાય છે, પાપક્ષય તથા પુણ્યબંધ થાય છે. એ રીતે વ્યાખ્યા કરવી જોઈએ.

આવું જે પ્રાચીનો કહે છે તેમનો આશય તેઓ પોતે જ જાણે છે. શાસ્ત્રના તાત્પર્યનો વિચાર કરીએ તો તેમની વાત ગળે ઉતરે તેવી નથી.

કારણ કે જ્યારે જિનપૂજા કરવા માટે સ્નાન વગેરે કરવામાં આવે છે, ત્યારે પણ નિર્મળ જળ જેવો શુભ અધ્યવસાય તો છે જ. માટે એ શુભ અધ્યવસાયની હાજરીમાં કાદવથી ખરડાવા સમાન પાપનો અભાવ છે. તેથી એ ઉદાહરણ અહીં વિષમ થઈ જાય છે -



भगवदुक्तनयोपग्रहः । कथं वा तन्मूलकमापरिणतस्य गुरुसमीपं प्रतिष्ठासमानस्यान्तरैव कृतकालस्याराधकत्ववचनं भगवत्यादावुपपद्यते ।

देवधर्मोपनिषद्

બંધબેસે તેવું થતું નથી. કૂવાને ખોદવાથી પહેલા કાદવ લાગે, તેમ જિનપૂજા કરવાથી પહેલા પાપ લાગે એવું સાદૃશ્ય અહીં છે જ નહીં કારણ કે જિનપૂજાની પહેલા પણ શુભ અધ્યવસાય હોવાથી પાપની શક્યતા જ નથી. માટે કૂપખનન જેમ સ્વ-પરના ઉપકાર માટે થાય છે, તેમ દ્રવ્યસ્તવ પણ સ્વ-પરના ઉપકાર માટે થાય છે, એ જ રીતે અહીં કૂવાનું ઉદાહરણ ઘટાવવું જોઈએ.

જો આવું ન હોય તો 'જે કરાતું હોય તે કરાયેલું છે' એવા પ્રભુએ કહેલા નય-અભિપ્રાયવિશેષની પુષ્ટિ કેવી રીતે થશે ? પ્રસ્તુતમાં જિનપૂજાના પ્રયોજનથી શ્રાવક સ્નાન વગેરે કરે ત્યારથી તેના જિનપૂજાના અધ્યવસાય ચાલુ થઈ ગયા હોવાથી ત્યારથી જિનપૂજા ચાલુ છે. ત્યારે પણ જિનપૂજા થયેલી છે. તો પછી એ સમયે પાપબંધ શી રીતે સંભવે ? અને 'કરાતું હોય એ કરાયેલું છે' એ અભિપ્રાયને આધારે એક બીજી પણ વાત ભગવતી વગેરે આગમોમાં આવે છે કે -

आलोयणापरिणओ सम्मं संपट्ठिओ गुरुसगासे ।
जइ अंतरा वि कालं करिज्ज आराहगो सो वि ।।

જેને ગુરુ સમક્ષ આલોચના કરવાના ભાવ થયા છે, એ જ ભાવધારામાં ગુરુ સમીપ જવા માટે સમ્યક્ પ્રસ્થાન કરે, ત્યારે જો વચ્ચે જ કાળ કરી જાય, તો પણ તે આરાધક છે.

અહીં પણ આલોચના કરવા માટેની ક્રિયા ચાલુ થઈ ત્યારથી તે થઈ ગઈ એવી વિવક્ષા છે. જો એવું ન હોય તો જેણે આલોચના કરી નથી, એ આરાધક કેવી રીતે થઈ શકે ? માટે જેમ 'હું આલોચના કરું....' આવા સમ્યક્ પરિણામથી પણ આલોચનાજનિત ફળ મળે

यच्चाप्रासुकदानेऽल्पतरपापार्जनमुक्तम्, तल्लुब्धकदृष्टान्तेन दायकस्याव्युत्पन्नत्वात् द्रव्यक्षेत्रादिकारणविध्यनभिज्ञत्वाद्वा तदादरस्य व्युत्पन्नाभिज्ञादरजनितनिर्जरापेक्षया प्रकृष्टनिर्जरापेक्षया वा। अन्यथा

દેવધર્મોપનિષદ્

છે. તેવી રીતે 'હું જિનપૂજા કરું' આવા સમ્યક્ પરિણામથી પણ પૂજાજનિત ફળ મળે છે. માટે સ્નાનાદિ કરતી વખતે પરિણામ વિદ્યમાન હોવાથી તે સમયે પાપબંધની શક્યતા નથી.

વળી અપ્રાસુકદાનમાં અલ્પતર પાપનું ઉપાર્જન કહ્યું છે, તેમાં નીચેના કારણોમાંથી કોઈ કારણ સંભવે છે.

(૧) જે દાયક લુબ્ધક દૃષ્ટાન્તથી ભાવિત હોય. અર્થાત્ એવું સમજતો હોય કે - શિકારીએ તો ગમે તેમ કરીને હરણોને લલચાવવા જોઈએ. તે માટે જે માયાજાળ કરવી પડે તે કરવી જોઈએ. તે રીતે ગૃહસ્થે પણ ગમે તે રીતે પણ મહાત્માઓને વહોરાવવું જોઈએ. એ જ ગૃહસ્થનો ધર્મ છે. એમાં આરંભાદિ કશું જોવાનું નહીં, એના માટે ખોટું બોલવું પડે, માયા કરવી પડે તો ય કશો વાંધો નહીં પણ ગમે તેમ કરીને મહાત્માઓની ભક્તિ કરવી - આવો જેનો આશય છે, એ અવ્યુત્પન્ન છે - આગમાર્થથી અભાવિત છે. તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ જે રીતે વહોરાવવું જોઈએ તેની વિધિ જાણતો નથી.

વળી તે વહોરવવા માટે પ્રાણાતિપાત, મૃષાવાદ કરે છે, માટે તેમનું દાન પ્રાણાતિપાત-મૃષાવાદથી વિશિષ્ટ છે, માટે એ અપેક્ષાએ થોડો પાપબંધ કહ્યો હોય, તેવું સંભવે છે.

(૨) અથવા તો જેઓ સંવિજ્ઞભાવિત છે, તેઓ આગમના જાણકાર છે. તેઓ સમજે છે કે જ્યારે નિર્દોષતાપૂર્વક નિર્વાહ થતો હોય, તે સમયે દોષિત વહોરાવનાર અને વહોરનાર બંનેનું અહિત થાય છે. અને જ્યારે નિર્દોષતાપૂર્વક નિર્વાહ ન જ થતો હોય તે સમયે



बहुतरनिर्जरा[1]नान्तरीयकपुण्यबन्धक[2]ल्पेऽल्पस्यापि पापस्य बन्धहेतोर्वक्तुमशक्यत्वात् सङ्क्रमापेक्षया तु यथोक्तम् । यदिवाऽप्रासुकदाने

દેવધર્મોપનિષદ્

(જયણા સાથે) દોષિત વહોરાવનાર અને વહોરનાર બંનેનું હિત થાય છે. આમ સમજનારા સંવિજ્ઞોથી ભાવિત એવા શ્રાવકો મહાત્માઓના સંયમને બાધા ન થાય તેમ ઔચિત્ય-પૂર્વક વહોરાવે છે. માટે તેઓ વ્યુત્પન્ન છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ જે વિધિ છે તેના જ્ઞાતા છે. મહાત્માઓ પ્રત્યે ઉત્કૃષ્ટ આદરવાળા છે. તેથી તેમને સુપાત્રદાનથી જે નિર્જરા થાય છે, તેની અપેક્ષાએ અથવા તો સુપાત્રદાન જનિત જે ઉત્કૃષ્ટ નિર્જરા હોય, તેની અપેક્ષાએ પ્રસ્તુતમાં ઓછી નિર્જરા થતી હોવાથી અલ્પતર પાપબંધ કહ્યો હોય તેમ સંભવે છે.

જો આવું ન માનો તો જે અનુષ્ઠાન ઘણી નિર્જરા કરાવે છે અને એવા અનુષ્ઠાનથી અવશ્યપણે પુણ્યબંધ થાય જ છે. માટે ઘણી નિર્જરા સાથે અવર્જનીયપણે જોડાયેલ એવો પુણ્યબંધ કરાવવામાં જે અનુષ્ઠાન સમર્થ છે, તે અનુષ્ઠાનને અલ્પ પણ પાપના બંધનું હેતુ ન કહી શકાય. જે અનુષ્ઠાનથી પુણ્યનો બંધ થતો હોય, તેનાથી જ પાપનો બંધ શી રીતે થઈ શકે ? તેથી સૂત્રમાં અલ્પ પાપ કર્મ થાય છે એવું જે કહ્યું છે, તે સંક્રમની અપેક્ષાએ કહ્યું હોય, તેવું સંભવે છે. અર્થાત્ જે પુણ્ય બંધાયું હોય, તે જ કાળાંતરે તથાવિધ પાપજનક અનુષ્ઠાનથી પાપરૂપે સંક્રમિત થઈ જાય, તો તે અપેક્ષાએ ઉક્ત વિધાન સંભવે છે.

હજી પણ જો એવો આગ્રહ રાખો કે અપ્રાસુકદાનમાં આરંભથી જનિત એવું અલ્પતર પાપ કર્મ બંધાવું જ જોઈએ, આરંભ છે તો પાપ કેમ નહીં ? તો પછી સૂત્રકૃતાંગ સૂત્રમાં દ્વિતીય શ્રુતસ્કંધના પંચમ અધ્યાયમાં એક પદાર્થ કહ્યો છે, તેની સંગતિ નહીં થાય. તે પદાર્થ આ

१. ग-घ - ०रामांतरी । २. क-ग-घ - ०कल्पस्यापि ।

आरम्भजनिताल्पतर[1]पापार्जनमावश्यकम्। तदाह - "अहागडाइं भुंजंति अन्नमन्ने सकम्मुणा । उवलित्ते वियाणिज्जाणुवलित्तेत्ति वा पुणो

**દેવધર્મોપનિષદ્**

મુજબ છે - 'જેઓ પરસ્પર આધાકર્મનો (સાધુ માટે બનાવેલા વસ્ત્ર, ભાજન, વસતિ વગેરેનો) ભોગ કરે છે, તેઓ સ્વકીય કર્મથી લેપાય છે એમ જાણવું કે નથી લેપાતા એમ જાણવું.' એવું ન કહેવું, કારણ કે જે આધાકર્મ દ્રવ્યાદિની અપેક્ષાએ શાસ્ત્રદૃષ્ટિએ શુદ્ધ છે તેને શાસ્ત્રસાપેક્ષ દૃષ્ટિથી ભોગવનાર કર્મથી લેપાતો નથી. માટે આધાકર્મ ભોગવનાર એકાંતે કર્મથી લેપાય જ છે તેવું ન કહેવું જોઈએ.

વળી જે શાસ્ત્રથી નિરપેક્ષપણે આસક્તિથી આધાકર્મનો ભોગ કરે છે. તેને તો કર્મબંધ થાય જ છે. માટે આધાકર્મના ભોગથી કર્મલેપ નથી જ થતો એવું પણ ન કહેવું જોઈએ.

પ્રશમરતિમાં ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે વિશિષ્ટ દ્રવ્યાદિના સંયોગોમાં કલ્પ્ય પણ અકલ્પ્ય થઈ જાય છે, અને અકલ્પ્ય પણ કલ્પ્ય થઈ જાય છે.

એકાંતે કર્મબંધ થાય જ છે એવું માનવું અને એકાંતે કર્મબંધ નથી જ થતો એવું માનવું. આ બે સ્થાનોથી વ્યવહાર થઈ શક્તો નથી. જો વિષમ સંયોગોમાં પણ આધાકર્મ ન જ ખપે આવો એકાંત પકડી રખાય, તો જ્યારે નિર્વાહ ન થતો હોય, ક્ષુધાથી અત્યંત પીડા થઈ હોય, શરીરમાં શક્તિ ન હોય, આંખે અંધારા આવતા હોય, એવા સમયે શ્રમણ સમ્યક્ ઈર્યાસમિતિ કેવી રીતે પાળશે ? રસ્તામાં ચાલતાં કેટલાય જીવોને કચડી નાંખશે, વળી બેભાન થઈને પડશે તો ત્રસ-સ્થાવર જીવોની હિંસા થશે અને જો અકાળમરણ થશે તો સીધો અવિરતિમાં જશે. એટલું જ નહીં, મરણસમયે જો આર્તધ્યાન થશે, તો તિર્યંચ ગતિ થશે.

१. क-ग-घ - तरपापार्जन । ख - तरोपार्जन ।



।।१।। एतेहिं दोहिं ठाणेहिं ववहारो न विज्जइ । एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ।।२।।" इति सूत्रकृतोक्तोऽ-प्रासुकदातृभोक्त्रोरुपलेपानुपलेपानेकान्तः कथङ्कारं सङ्गमनीयः ।

**દેવધર્મોપનિષદ્**

વળી આગમ તો એમ જ કહે છે કે સર્વત્ર શક્ય હોય ત્યાં સુધી સંયમનું રક્ષણ કરવું. પણ શક્ય ન હોય ત્યારે સંયમના ભોગે પણ આત્માનું જ રક્ષણ કરવું.

વળી આધાકર્મના ભોગથી એકાંતે કર્મબંધ નથી જ થતો આવું માને અને અનાદિકાળના કુસંસ્કારો - રાગ - દ્વેષને પોષે, નિષ્કારણ દોષિત આહારાદિ વાપરે, તે પણ ઉચિત નથી. આ રીતે સંયમયોગનો નિર્વાહ ન થઈ શકે.

માટે ઉચિત જ કહ્યું છે કે આ બંને સ્થાનોથી વ્યવહાર વિદ્યમાન નથી. આ બંને સ્થાનોથી અનાચાર જાણવો.

અહીં જે અપ્રાસુક દાન આપનાર અને તેને વાપરનાર એ બંનેને કર્મબંધ અને કર્મબંધાભાવ એ બંનેમાં જે અનેકાંત કહ્યો છે - એકાંતે કર્મબંધ થાય જ છે તેવું નથી, અને એકાંતે કર્મબંધ નથી જ થતો તેવું પણ નથી એવું જે કહ્યું છે, તેની સંગતિ શી રીતે થઈ શકશે ?

કારણકે વિશિષ્ટ સંયોગોમાં શાસ્ત્ર સાપેક્ષ દૃષ્ટિએ દોષિત આપનાર અને લેનાર બંનેને પાપકર્મનો બંધ નથી થતો એવો અહીં સૂત્રકૃતાંગકારનો આશય છે. અને તમે અલ્પ પાપબંધનો જે આગ્રહ રાખો છો, તેની સાથે આ સૂત્ર ઘટી શકે તેમ નથી.

માટે પ્રસ્તુતમાં પણ એમ સમજવું જોઈએ કે પ્રસ્તુત અનુષ્ઠાનની ઉત્કૃષ્ટ રીતે આરાધના કરવા માટે, પરિપૂર્ણરૂપે પ્રસ્તુત અનુષ્ઠાનને સાધવા માટે જેટલા અંગોની જરૂરિયાત છે, તેમાંથી અમુક અંગની ખામી હોવાથી શેષ અંગો જે નિર્જરાને સાધવા સમર્થ ન બને, એટલી માત્રામાં ઓછી નિર્જરા થશે. એટલે કે તે અનુષ્ઠાન ૧૦૦% પરિપૂર્ણ

अत एवात्रापि किञ्चिदङ्गवैगुण्य एव हि स्वस्यानुचितनिर्जरापकर्षो न तु सर्वसागुण्ये अनुबन्धशुद्धौ च स्वरूपहिंसामात्रेण, तस्याः स्वकार्ये उपादानतारतम्यपारतंत्र्याच्च - "जा जयमाणस्स भवे

**દેવધર્મોપનિષદ્**

નથી. ૮૦% પૂર્ણ છે. તો ૨૦% નિર્જરા ઓછી થશે એટલું જ, પણ તેનાથી નુકશાન થયું છે, એવું ન કહી શકાય.

અને આ વાત પણ જ્યાં વિધિની અશુદ્ધિ છે તેવા અનુષ્ઠાન પૂરતી છે. માટે જ્યાં પ્રત્યેક અંગો પરિપૂર્ણપણે હાજર છે, ભક્તિ અને જયણા છે, સાનુબંધ એવી શુદ્ધિ છે, એવા અનુષ્ઠાનમાં કાંઈ સ્વરૂપહિંસા માત્રથી અલ્પ નિર્જરા થાય છે એવું તો હરગીઝ ન કહી શકાય. કારણકે જિનપૂજાદિ અનુષ્ઠાનમાં ભક્તિ વગેરે અંગો પરિપૂર્ણ હોય ત્યારે સ્વરૂપહિંસા પરમાર્થદૃષ્ટિએ અકિંચિત્કર છે. વાસ્તવમાં તે હિંસા જ નથી. માટે તે અનુષ્ઠાનમાં ઘણી નિર્જરા અને માત્ર પુણ્યકર્મનો જ બંધ થાય છે. તેમ જ માનવું પડશે.

અહીં ખાસ એ વાત સમજવાની છે કે આગમમાં અલ્પ નિર્જરા કે ઘણી નિર્જરાના વિધાનો કર્યા હોય, એમાં પણ ઘણી અપેક્ષાએ અનેક દૃષ્ટિકોણો હોય છે. જે કોઈ પણ નિર્જરા થાય તેમાં નિર્જરારૂપી કાર્યનું જે ઉપાદાન કારણ હોય તેમાં જે તરતમતા હોય, તેને નિર્જરા આધીન હોય છે = નિર્જરા તેને પરતંત્ર હોય છે. જીવનું જેવું તથાભવ્યત્વ, જેવો ભાવમલક્ષય, જેવા ભાવોલ્લાસ, જેવું જીવદળ તેને આધારે વત્તી-ઓછી નિર્જરા થાય છે, એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. અલ્પ નિર્જરા કહી કે અલ્પતર પાપબંધ કહ્યો, તેમાં અનુષ્ઠાન જ દોષિત છે એવું ન માની લેવાય. (અહીં तस्याः = निर्जरायाः એવો અર્થ લીધો છે. તેની બદલે हिंसायाः એવો અર્થ કરીને પણ સ્વયં પદાર્થ સંગતિ કરી શકાય.)

પિંડનિર્યુક્તિની અંતિમ ગાથામાં એક અદ્ભુત વાત કહી છે -



विराहणा सुत्तविहिसमग्गस्स सा होइ णिज्जरफला अज्झत्थविसोहिज्जुत्तस्से" त्यत्रापवादपदप्रत्ययाया हिंसाया एव निर्जराहेतुत्वं व्याख्यातं मलयगिरिचरणैः । यदपि ग्लानप्रतिचरणे पञ्चकल्याणकप्रायश्चित्तदानमुक्तं तदपि गीतार्थयतनाकृतयोगिकारणान्यतरपदवैकल्यप्रयुक्तं

**દેવધર્મોપનિષદ્**

જે સૂત્રોક્તવિધિનું પરિપૂર્ણ પાલન કરે છે, જયણા કરે છે અને આધ્યાત્મિક વિશુદ્ધિથી યુક્ત છે, તેનાથી કદાચ કોઈ વિરાધના પણ કરાય, તેનું ફળ નિર્જરા જ હોય છે.'

આ ગાથાની વ્યાખ્યા કરતા પૂજ્ય મલયગિરિસૂરિજીએ જણાવ્યું છે કે ઉપરોક્ત મહાત્મા અપવાદમાર્ગે પુષ્ટાલંબનથી જે હિંસા કરે, તે હિંસા જ નિર્જરાનું કારણ થાય છે.

બોલો, હવે તમારી વાતનો આની સાથે કોઈ મેળ ખાય છે ? માટે શબ્દસંગ્રામ છોડીને શાસ્ત્રકારોના તાત્પર્યને ખોળવા પ્રયાસ કરવો જોઈએ.

વળી ગ્લાનની પરિચર્યામાં જે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત કહ્યું છે, તે પણ કયાં સંયોગોની અપેક્ષાએ છે એ સમજો. જ્યારે ગીતાર્થ, યતના અને કૃતયોગી વડે કરાયેલી હોવું, આ પદોમાંથી કોઈ પદની વિકલતા હોય, ત્યારે એ પ્રત્યશ્ચિત્ત કહ્યું છે. અર્થાત્ ગ્લાનની પરિચર્યા ગીતાર્થે કરવી જોઈએ, તે પણ જયણાથી કરવી જોઈએ અને તે કરનાર વ્યક્તિએ જ્ઞાનાદિ સાથે સમ્યગ્ યોગ કર્યો હોવો જોઈએ. અર્થાત્ એ સંવિગ્ન-આરાધક આત્મા હોવો જોઈએ. કૃતયોગીનો એક અર્થ એ પણ છે કે ગ્લાન માટે પણ પહેલા ત્રણ વાર પર્યટન કરવા છતાં પ્રાયોગ્ય વસ્તુ ન જ મળે તો જ અનેષણીય વહોરે આવો યોગ કરનાર મહાત્મા. જ્યારે પરિચર્યા કરનાર ગીતાર્થ ન હોય, કે પછી જયણા સાચવી ન હોય કે પછી પરિચારક કૃતયોગી ન હોય, ત્યારે જ ગ્લાનની પરિચર્યા બાદ પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત અપાય છે.

એટલે કે જે પ્રાયશ્ચિત્ત અપાય છે તે પરિચર્યામાં અપવાદ માર્ગે

सर्वपदसागुंण्येऽपवादप्रतिषेविणोऽपि निर्दोषत्वस्यैवाभिधानात् । तदाहुः सङ्घदासगणिक्षमाश्रमणाः कल्पभाष्ये-"गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो । एगेसिं गीयकडो अरत्तदुट्ठो अ जयणाएत्ति" ।।१।। तथा "हिट्ठट्ठाणठिओवि पावयणी गणिट्ठयाइ अधरे उ । कडजोगी जं णिसेवइ आदिणिदेसंव सो पुज्जोत्ति ।।२।। अधःस्थानस्थितत्वं चात्र तादृगपवादप्रतिषेवाधिकारिविशेषणमुक्तम् ।



થયેલી વિરાધનાનું નથી પણ જયણા વગેરે ન સચવાયું હોય તેનું પ્રાયશ્ચિત છે. માટે જ જ્યારે ગીતાર્થ વગેરે ત્રણે પદોની પરિપૂર્ણતા હોય, ત્યારે તો જે અપવાદ સેવે છે, તે પણ નિર્દોષ જ છે, તેને કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી. એવું સૂત્રમાં કહ્યું છે.

શ્રી સંઘદાસગણિએ કલ્પભાષ્યમાં આ જ વાત કરતાં કહ્યું છે કે - પુષ્ટાલંબને, ગીતાર્થ કૃતયોગી જયણાથી અપવાદ સેવે તે નિર્દોષ છે. અને અમુક મતે ગીતાર્થ, કૃતયોગી, અરક્તદ્વિષ્ટ (રાગદ્વેષથી રહિત) એવો આત્મા જયણાથી કારણે અપવાદ સેવે તો નિર્દોષ છે.

તથા જે જઘન્ય સંયમસ્થાનમાં સ્થિત છે, તેવો પણ ગીતાર્થ આત્યંતિક કારણ ઉત્પન્ન થતાં આચાર્ય અને ગણ માટે જે અપવાદ સેવે, તો પણ તે પુલાક નિર્ગ્રંથની જેમ પૂજ્ય છે.

અહીં જઘન્યસ્થાનસ્થિતિ એવું જે કહ્યું છે, તે અપવાદ સેવી એવા અધિકારીનું વિશેષણ કહ્યું છે. અર્થાત્ એ અધિકારી પહેલાથી જઘન્ય સંયમ સ્થાનમાં જ રહેલો હોય એવો પણ સંઘાદિના કારણે અપવાદ સેવે તો પૂજ્ય છે એમ અર્થ કરવો પણ અધિકારીનું સ્વસંયમસ્થાનથી પતન થયું અને તેથી તેને જઘન્ય સંયમસ્થાનની પ્રાપ્તિ થઈ અને તેથી તેણે અપવાદ સેવ્યો આવો અર્થ ન કરવો. કારણ કે આવો અર્થ કરો તો દૃષ્ટાન્તની સંગતિ ન થાય.

१. क-ग-घ - साद्गुण्ये । २. क-ग-घ- अधरे । ख - अथिरे ।



न तु तेनाधस्तनस्थानप्राप्त्या हेतुभूतया, दृष्टान्तानुपपत्तेरित्यवसेयम् । यच्च क्वचित् "आलोइय पडिक्कंतो सुद्धो जं णिज्जरा विउले"त्युक्तं तदन्यतरवैगुण्यप्रयुक्तमेकत्र चरितार्थमालोचनाप्रतिक्रमणमन्यत्र

દેવધર્મોપનિષદ્

અહીં એ આત્મા પુલાક નિર્ગ્રંથની જેમ પૂજ્ય છે એમ પુલાક નિર્ગ્રંથનું દૃષ્ટાન્ત આપ્યું છે. જો પુલાક સંયમસ્થાનથી પતિત થઈને અપવાદ સેવતો હોય, પતનને કારણે જઘન્ય સંયમસ્થાને પહોંચવાથી અપવાદ સેવતો હોય, તો એ અર્થ અહીં સંગત થાય. પણ તેવું તો નથી. કારણકે પુલાક નિર્ગ્રંથના જઘન્યથી માંડીને અસંખ્ય સંયમસ્થાનો હોય છે. આમાંથી કોઈ પણ સંયમસ્થાન પર સ્થિત એવા પુલાક નિર્ગ્રંથ સંઘાદિના કારણે પોતાની વિશિષ્ટ લબ્ધિથી કદાચ ચક્રવર્તીના સૈન્યને પણ ચૂરી નાંખે, તો પણ તેમને પ્રાયશ્ચિત આવતું નથી. તેઓ નિર્દોષ જ રહે છે. એ અપવાદ સેવન તેમના સંયમસ્થાનથી પતન થવાના કારણે નથી હોતું, અર્થાત્ એ સંયમસ્થાનથી નીચે ઉતરીને અપવાદ સેવે છે, તેવું નથી હોતું. તેમ જ અપવાદ સેવવાથી તેમને નિકૃષ્ટ જઘન્ય સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે, તેવું પણ નથી. માટે પ્રસ્તુતમાં પણ પુલાકનિર્ગ્રંથનું ઉદાહરણ આપ્યું હોવાથી જઘન્યસ્થાનસ્થિતપણું તેને અપવાદના હેતુ તરીકે ન સમજવું પણ અપવાદસેવી અધિકારીનું વિશેષણ જ સમજવું.

**પૂર્વપક્ષ** - તમારું વ્યાખ્યાન અમને ખૂબ જ ગમ્યું. હવે અમે તમને એક શાસ્ત્રપાઠ આપીએ છીએ. તેમાં કહ્યું છે કે - 'ગ્લાનની સેવામાં અપવાદ સેવવો પડે તો ય સેવા કરવી કારણ કે તેમાં વિપુલ નિર્જરા થાય છે. અને પછી આલોચના - પ્રતિક્રમણ કરીને શુદ્ધ પણ થઈ જવાય છે.' અહીં જો કોઈ પાપ કર્યું નથી, તો આલોચના શાની કરવાની છે, એ સમજાવશો ?

**ઉત્તરપક્ષ** - અહીં બે અપેક્ષાએ આલોચનાદિ સંભવે છે.

साध्वाचारपरिपालनार्थमात्रेणोपयुज्यते, वैयावृत्ये पराभ्यर्थितस्यापि साधोरधिकारे- "तत्थवि सो इच्छं से करेइ मज्जायमूलीय"

देवधर्मोपनिषद्

(૧) જ્યાં પરિચર્યા કરનારમાં પૂર્વોક્ત ગીતાર્થાદિ પદનું વૈગુણ્ય હોય. અર્થાત્ એમાંથી એકાદ પદની ખામી હોય ત્યારે આલોચના - પ્રતિક્રમણનું વિધાન હોય. આ વાત તો પૂર્વે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તના મુદ્દામાં સ્પષ્ટ કરેલી જ છે.

(૨) અને જ્યારે પરિચર્યા કરનાર ગીતાર્થાદિ પદોથી યુક્ત હોય તેને પણ આલોચના - પ્રતિક્રમણ કરવાનું વિધાન છે તે સાધુના આચારના પરિપાલન માટે ઉપયોગી છે.

આશય એ છે કે અહીં વાસ્તવમાં આલોચના - પ્રતિક્રમણની જરૂર નથી કારણકે અપવાદ સેવી અધિકારી નિર્દોષ છે. આમ છતાં પણ આ એક સાધુનો આચાર છે કે અપવાદ સેવ્યા પછી આલોચનાદિ કરવું. આ આચારના પાલન માટે આલોચનાદિનું વિધાન છે.

**પૂર્વપક્ષ** - તમને મન ફાવે એવી અર્થની ખેંચતાણ કરો અને અમે માની લઈએ એવું નહીં બને. શાસ્ત્રમાં ક્યાંય આવું ઉદાહરણ જોયું છે ખરું ?

**ઉત્તરપક્ષ** - હા, આવશ્યક નિર્યુક્તિની ૬૭૩મી ગાથામાં આવો અધિકાર આવે છે - એક મહાત્માને વૈયાવચ્ચ કરવાની ભાવના થાય અને તે ઈચ્છાકાર સામાચારીનું પાલન કરવા સાથે પેલા મહાત્માને પૂછે કે - આપની ઈચ્છા હોય તો આપનું આ કાર્ય હું કરું ? ત્યારે તે મહાત્મા તેમને એમ કહે કે આપની ઈચ્છાપૂર્વક કરો - આપની ઈચ્છા હોય તો કરો.

હવે અહીં એ મહાત્માએ પોતે સામેથી જ સેવાનો લાભ આપવાની વિનંતિ કરી છે. તો પછી પેલા મહાત્માએ માત્ર હા જ કહેવાની હતી. અહીં ઈચ્છાકારનો પ્રયોગ કરવાની શું જરૂર હતી ?



मितिवदित्यभिप्रायेणेति ज्ञेयम्। नन्वपवादेऽल्पस्यापि पापस्यानादरे वैद्यकविहितदाहदृष्टान्तेन तत्रोत्सर्गनिषेधफलावर्जनाभिधानानुपपत्तिरिति

देवधर्मोपनिषद्

આ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું છે કે સાધુઓની આ એક મર્યાદા છે કે ઈચ્છા વિના કોઈ પાસે કાંઈ કરાવવું નહીં. માટે એ મર્યાદાનું પાલન કરવા માટે જરૂર ન હોવા છતાં પણ ઈચ્છાકારનો પ્રયોગ કર્યો છે.

અહીં જે અભિપ્રાયથી ઈચ્છાકારનું વિધાન છે, તે જ અભિપ્રાયથી પૂર્વોક્ત પ્રસંગે આલોચનાદિનું વિધાન છે તેમ સમજવું. પણ ગ્લાન સેવામાં પાપ લાગ્યું છે એવી આશંકા ન કરવી.

**પૂર્વપક્ષ :** જો અપવાદમાં અલ્પ પણ પાપ ન માનો, તો પછી ગુમડા આદિની ચિકિત્સામાં વૈદે કરેલા દાહના દૃષ્ટાંતથી તેમાં ઉત્સર્ગથી જેનો નિષેધ થયો છે તેનું સેવન કરવાથી અનિષ્ટ ફળ મળે જ છે, આવું જે કહ્યું છે, તેની સંગતિ શી રીતે થશે ?

વૈદ ગુમડાંની ચિકિત્સા કરવા તેના પર ધગધગતા તપાવેલા સળિયાનો ડામ દે, તે ડામથી પરિણામે ગુમડું મટી જાય છે, પણ ત્યારે તો અસહ્ય વેદનાથી ચીસ પડી જાય છે.

તે જ રીતે અપવાદ સેવનથી અતિપાતમાંથી રક્ષણ થાય છે - અકાળ મૃત્યુ વગેરે અપાયોથી બચી જવાય છે. દીર્ઘકાળ સુધી સંયમની આરાધના થઈ શકે છે. એ વાત સાચી પણ અપવાદ સેવન વખતે પાપબંધ પણ થાય છે. એમ માનીએ તો જ એ ઉદાહરણ ઘટી શકે.

જો આમ ન માનો, તો જીવહિંસા ન કરવી - એવો જે ઔત્સર્ગિક નિષેધ છે, (ઉત્સર્ગથી જીવહિંસાનો નિષેધ કર્યો છે.) તેનું ફળ - તેનાથી એવું ફલિત થાય છે કે જે જીવહિંસા કરે તેનું અહિત થાય. જો જીવહિંસા કરનારનું અહિત થતું હોય, જીવહિંસા ઈષ્ટસાધન ન હોય તો જ તેનો ઔત્સર્ગિક નિષેધ સફળ ઠરી શકે. માટે જે જીવહિંસા કરે

चेन्न "न हिंस्यात् सर्वाणि भूतानी" त्यादिलौकिकोत्सर्गनिषेधे स्वरूपहिंसाया विषयत्वेऽपि "सव्वे पाणा सव्वे भूया" इत्यादि-लोकोत्तरोत्सर्गनिषेधे प्रमादयोगेन प्राणव्यपरोपणरूपाया हिंसाया एव विषयत्वे दोषभावात् । अन्यथा लोचानशनादीनामपि स्वरूपतो दुष्टत्वापत्तेः । परहिंसाया इवात्महिंसाया अपि निषिद्धत्वा-

**દેવધર્મોપનિષદ્**

તેને અનિષ્ટ ફળ મળે જ. આવું જે વચન છે તેની અનુપપત્તિ થાય.

**ઉત્તરપક્ષ** - ના, કારણ કે 'સર્વ જીવોની હિંસા ન કરવી જોઈએ' એવો જે ઔત્સર્ગિક નિષેધ છે, તે લૌકિક છે. નિષેધ સ્વરૂપહિંસા વિષયક છે. અર્થાત્ એ ઉત્સર્ગથી સ્વરૂપહિંસાનો નિષેધ કરાયો છે. અર્થાત્ લૌકિક ઉત્સર્ગની અપેક્ષાએ જ સ્વરૂપહિંસામાં દૂષણ છે.

જ્યારે 'સર્વ પ્રાણો, સર્વ ભૂતો૦ ન હણવા૦' એવો જે લોકોત્તર ઔત્સર્ગિક નિષેધ છે, તેનો વિષય તો 'પ્રમાદયોગથી પ્રાણવ્યાપરોપણરૂપ હિંસા જ છે.' અર્થાત્ લોકોત્તર ઉત્સર્ગથી પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણરૂપ હિંસાનો જ નિષેધ કરાયો છે. તે હિંસામાં જ દૂષણ મનાયું છે. માટે ઉત્સર્ગનિષેધનું ફળ અવશ્યપણે આવે તે વાત તો સાચી પણ દ્રવ્યસ્તવ, ગ્લાનસેવા આદિમાં થતી હિંસા એ સ્વરૂપહિંસા હોવાથી લોકોત્તર ઉત્સર્ગનિષેધનો વિષય જ બનતી નથી. જો તેમાં પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણ થતું હોત, તો તે લોકોત્તર ઉત્સર્ગનિષેધનો વિષય બનત, દોષયુક્ત પુરવાર થાત અને તેનું અનિષ્ટ ફળ પણ મળત. પણ તેમાં પ્રમાદ ન હોવાથી તેનું અનિષ્ટ ફળ પણ નહીં મળે અને ઉક્ત અભિધાનની અનુપપત્તિ પણ નહીં થાય.

જો આવું ન માનો, તો લોચ, અનશન વગેરે અનુષ્ઠાનો પણ સ્વરૂપથી દોષિત બની જશે. કારણકે પરહિંસાની જેમ આત્મહિંસાનો પણ નિષેધ કરાયો છે. જેમ બીજા જીવોની હિંસાનો નિષેધ છે, તેમ



दित्युक्तमाचार्यैः पदवाक्यार्थादिविचाराधिकारे उपदेशपदादौ । विवेचितं चास्माभिर्ज्ञानबिन्द्वादाविति तत एवैतत्तत्त्वमवधार्यम् । तस्माद्यथागुण-स्थानमनुबन्धशुद्ध्या निर्जरासामग्र्यामनुप्रविशन्निरवद्यमेव जिनपूजा-

**દેવધર્મોપનિષદ્**

પોતાની હિંસાનો પણ નિષેધ છે. લોચ વગેરેમાં પોતાની હિંસા (પીડા ઉત્પાદન) થતી હોવાથી તેમાં સ્વરૂપહિંસા તો છે જ. તેથી જો લોકોત્તર ઉત્સર્ગનિષેધના પરિભાષાનો સ્વીકાર ન કરો અને સ્વરૂપહિંસા માત્રથી જ દોષ માની લો તો લોચ વગેરે અનુષ્ઠાનોને પણ દોષયુક્ત જ માનવા પડશે અને એ તો તમને પણ માન્ય નથી.

**પૂર્વપક્ષ** - તમારી આ દલીલનો કોઈ આધાર પણ છે કે પછી એ નિરાધાર જ છે ?

**ઉત્તરપક્ષ** - હા, એનો આધાર છે, પૂજ્ય હરિભદ્રસૂરિજીએ રચેલા ઉપદેશપદ આદિ ગ્રંથો. ઉપદેશપદની ૮૯૬ થી ૮૯૯મી ગાથામાં આ અધિકાર કહ્યો છે - 'કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ એવો પદાર્થ છે. જો સ્વરૂપહિંસા જ દોષિત હોય તો પછી જિનાલયનિર્માણ, લોચ કરવો વગેરે પણ અકરણીય થઈ જશે આ પ્રમાણે વાક્યાર્થ છે.' તેના પછી મહાવાક્યાર્થ આ મુજબ છે કે - અવિધિથી જિનાલય નિર્માણ વગેરે કરવામાં આજ્ઞાની વિરાધના થાય છે. માટે અવિધિથી જિનાલયનિર્માણાદિ દોષયુક્ત છે. માટે વિધિમાં યત્ન કરવો જોઈએ. અને ઐદંપર્યાર્થ આ છે કે - આજ્ઞા જ ધર્મમાં સારભૂત છે.'

આ અધિકારનું અમે (મહોપાધ્યાયજીએ) જ્ઞાનબિંદુ, ઉપદેશરહસ્ય વગેરે ગ્રંથોમાં વિવેચન કર્યું છે, તેથી અહીં તેનો વિસ્તાર કરતા નથી. તે ગ્રંથોમાંથી જ આ તત્ત્વનું અવધારણ કરી લેવું.

માટે ગુણસ્થાનકના અનુસારે અનુબંધશુદ્ધિથી નિર્જરાની સામગ્રીમાં અનુપ્રવેશ પામતું એવું જિનપૂજા વગેરેનું અનુષ્ઠાન નિરવદ્ય જ છે એમ સિદ્ધ થાય છે.

द्यनुष्ठानमिति सिद्धम् । एतेन पुण्यैकान्तपक्षोऽपि निरस्तः । सरागचारित्र इव भावशुद्ध्या पुण्यजनकस्यापि पापप्रकृति-निर्जराजनकत्वाविरोधात् । इत्थं च जिनपूजाजिनवन्दनसाधु-

**દેવધર્મોપનિષદ્**

અહીં ગુણસ્થાનકને અનુસારે એમ એટલા માટે કહ્યું કે સર્વવિરતિ ગુણસ્થાનકની અપેક્ષાએ જિનપૂજાદિ સાવદ્ય છે. સાધુ માટે જિનપૂજાદિ કરવામાં દોષ છે. કારણકે તેમણે પરિપૂર્ણપણે સંયમનો સ્વીકાર કર્યો છે. આગમવચન પણ છે કે -

तो कसिणसंजमविउ पुप्फाइयं न इच्छंति ।

તેથી પરિપૂર્ણસંયમના જ્ઞાતા (નિશ્ચય નયથી જ્ઞાતા અવશ્યપણે જ્ઞાનાનુરૂપ પાલનકર્તા હોય છે.) પુષ્પપૂજા વગેરે દ્રવ્યસ્તવને ઈચ્છતા નથી. હા, જેમણે પરિપૂર્ણ વિરતિનો સ્વીકાર નથી કર્યો તેવા અવિરત, દેશવિરત જીવો માટે તો જિનપૂજાદિ અનુષ્ઠાન નિરવદ્ય જ છે. માટે 'ગુણસ્થાનકને અનુસારે' એવું કહ્યું છે.

અને તેની સાથે અનુબંધ શુદ્ધિ પણ જરૂરી છે. પૂર્વોક્ત ભક્તિભાવ, જયણા, વિધિશુદ્ધિ વગેરે હોય, એ પણ આવશ્યક છે. તેના દ્વારા જિનપૂજાદિ નિર્જરાનું સાધન બની જાય છે. જે નિર્જરાનું સાધન બને તે અનુષ્ઠાન સાવદ્ય ન હોઈ શકે. આ રીતે જિનપૂજાદિ અનુષ્ઠાન નિરવદ્ય પૂરવાર થાય છે.

આમ કહેવા દ્વારા જે એમ માને છે કે 'જિનપૂજાથી નિર્જરા થતી જ નથી માત્ર પુણ્યબંધ જ થાય છે.' તેનો પણ નિરાસ થઈ જાય છે. કારણકે હમણા જ કહ્યું કે જિનપૂજા એ નિર્જરાની સામગ્રીમાં અંતર્ભૂત છે - નિર્જરાનું સાધન છે.

વળી જેમ સરાગચારિત્રથી ભાવશુદ્ધિ વડે પુણ્યનું ઉપાર્જન થાય છે, અને સાથે-સાથે પાપપ્રકૃતિની નિર્જરા પણ થાય છે, તેમ પ્રસ્તુતમાં પણ જિનપૂજાદિ અનુષ્ઠાન પુણ્ય જનક બનવા સાથે પાપકર્મોની નિર્જરાનું પણ નિમિત્ત બને, તેમાં કોઈ વિરોધ નથી.



हितकामनाद्युचिताचारलक्षणचित्तपुष्टिशुद्धिशालिनां देवानामधर्मवादं वदन्तो देवानांप्रिया दुर्लभबोधिका एवेति श्रद्धेयम् । तदुक्तं स्थानाङ्गे पञ्चमस्थानके - "पंचहिं ठाणेहिं जीवा दुल्लभबोहिअत्ताए कम्मं पकरिंति तं जहा अरिहंताणं अवण्णं वयमाणे अरिहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वयमाणे आयरियउवज्झायाणं अवण्णं वयमाणे-चाउव्वण्णस्स समणसंघस्स अवण्णं वयमाणे विविक्कतवबंभचेराणं[1]

**દેવધર્મોપનિષદ્**

આ રીતે જેઓ જિનપૂજા, જિનવંદન, સાધુ ભગવંતોના હિતની કામના વગેરે ઉચિત આચારરૂપ ચિત્તપુષ્ટિ અને શુદ્ધિથી શોભતા એવા દેવોને જેઓ અધર્મી કહે છે, તે મૂર્ખ જીવો દુર્લભબોધિ જ છે, એમ સમજવું જોઈએ.

શ્રી સ્થાનાંગસૂત્રના પંચમ સ્થાનકમાં તે વાત કહી છે. -

'પાંચ સ્થાનકોથી જીવો દુર્લભબોધિપણાને કરનાર કર્મનો બંધ કરે છે. તે આ પ્રમાણે છે - (૧) અરિહંતોના અવર્ણવાદ બોલતા (૨) અરિહંત પ્રતિપાદિત ધર્મના અવર્ણવાદ બોલતા (૩) આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદ બોલતા (૪) ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલતા (૫) ભવાન્તરમાં જેમને પ્રકર્ષથી તપ-બ્રહ્મચર્ય ઉદયમાં આવ્યા હતાં અને તેના કારણે દેવાયુષ્ય બંધાયુ હતું એવા દેવોના અવર્ણવાદ બોલતા.'

અહીં દેવોનું જે વિશેષણ કહ્યું તેનાથી સમ્યગ્દૃષ્ટિ દેવોનું ગ્રહણ કર્યું છે. કારણકે પૂર્વભવમાં પ્રકૃષ્ટ તપ અને બ્રહ્મચર્યની જેમણે આરાધના કરી હોય, તેઓ સમ્યગ્દૃષ્ટિ દેવો જ હોય. તેથી જેઓ એમ માને છે કે - 'દેવોના અવર્ણવાદ ન કરવા જોઈએ એ વાત સાચી પણ એમાં - તેઓ ધર્મી છે માટે અવર્ણવાદ ન કરવા - એવું કારણ નથી. પણ જેમ ઘણા લોકોના નેતાની નિંદા કરીએ તો એ

१. विवक्क - इत्युपलभ्यमानस्थानाङ्गसूत्रपाठः ।

देवाणं अवन्नं वयमाणेत्ति" अत्र यथोक्तविशेषणेन सम्यग्दृष्टयो देवा उपात्तास्तेन बहुजननेतृवद्देवानामवर्णवादोऽनर्थहेतुत्वान्नोचित इत्यपास्तम्, यथोक्तविशेषणेनार्हदादिमध्यपाठेन च परमार्थहितदातरि वृथा वैगुण्योद्भावनरूपावर्णवादस्यैव दुर्लभबोधिहेतुतायाः स्पष्टत्वात् । अत एव तद्वर्णवादस्य सुलभबोधिहेतुत्वमुक्तम् । "पंचहिं ठाणेहिं

**દેવધર્મોપનિષદ્**

આપણા અનર્થ માટે થાય, એમ દેવો પણ મહર્દ્ધિક મહાસામર્થ્યશાળી છે, તેથી તેમની નિંદા કરવાથી પણ આપણો અનર્થ થાય. માટે દેવોનો અવર્ણવાદ ન કરવો જોઈએ.' - તેમનો પણ નિરાસ થઈ જાય છે. કારણકે જે વિશેષણ કહ્યું તેનાથી સમ્યગ્દૃષ્ટિ દેવોનું જ ગ્રહણ થાય છે. તેઓ જિનપૂજાદિ શુભ યોગોના ઉપાસક હોવાથી ધર્મી જ છે. વળી અહીં અરિહંત, અરિહંતકથિતધર્મ, આચાર્ય, ઉપાધ્યાય અને ચતુર્વિધ સંઘની સાથે તેમનું ગ્રહણ કર્યું છે. તેથી આ ગ્રહણ લૌકિક દૃષ્ટિએ કર્યું હોય તે સંભવિત નથી.

વળી જો લૌકિક દૃષ્ટિએ જ તેમની નિંદાનો ત્યાગ કરવાનો હોય તો પછી તેમની નિંદાથી દુર્લભબોધિતા કેવી રીતે થાય ? માટે જે પરમાર્થ હિતના દાતા છે એનામાં નાહક વૈગુણ્ય ઉપજાવવા - તેઓ અધર્મી છે એવા તેમના દોષનું ઉદ્ભાવન કરવા રૂપ જે અવર્ણવાદ છે તે જ દુર્લભબોધિનો હેતુ છે એવું સ્પષ્ટ જ છે.

આ જ કારણથી તેમના વર્ણવાદને સુલભબોધિનો હેતુ કહ્યો છે. શ્રી સ્થાનાંગસૂત્રના પંચમસ્થાનકનો તે પાઠ આ મુજબ છે. -

'પાંચ સ્થાનોથી જીવો સુલભ બોધિપણાને કરનાર કર્મ બાંધે છે. (૧) અરિહંતોના વર્ણવાદ - ગુણસ્તુતિ બોલતા૦ યાવત્ (૫) પૂર્વભવમાં જેમણે પ્રકૃષ્ટ તપ-બ્રહ્મચર્યનો ઉદય થયો હતો તેવા દેવોના વર્ણવાદ બોલતા.'

ઘણા કદાગ્રહોથી જેમનું મુખ ઢંકાઈ ગયું છે તેવા દુર્જનો વડે કૃત્રિમ એવી સરળ ચિતવાળા - પ્રજ્ઞાપનીય જીવો પર ધાર્મિક તરીકેની



सुलहबोहिअत्ताए[1] कम्मं करेइ[2] अरिहंताणं वन्नं वयमाणे जाव विविक्कतवबंभचेराणं[3] देवाणं वण्णं वयमाणेत्ति" ।

प्रकामपिहिताननैर्बहुकदाग्रहैर्दुर्जनै-
र्जगत् किमु न वञ्चितं कृतकधार्मिकख्यातितः ।
अनुग्रहविधावतः प्रगुणचेतसां सादरै-
र्यशोविजयवाचकैरयमकारि तत्त्वश्रमः ।।१।।
प्रत्यक्षरं निरूप्यास्य ग्रन्थमानं विनिश्चितम् ।
संयुक्ता पञ्चविंशत्या श्लोकानां तु चतुःशती ।।२।।[4]

**દેવધર્મોપનિષદ્**

ખ્યાતિથી શું જગત છેતરાયું નથી ? છેતરાયું જ છે. તેથી અનુગ્રહ કરવામાં રસિક એવા શ્રી યશોવિજય વાચકે આ તત્ત્વનિરૂપણ કરવાનો પરિશ્રમ કર્યો છે.

આ ગ્રંથના પ્રત્યેક અક્ષરનું નિરૂપણ કરીને ૪૨૫ શ્લોક - ગ્રંથપ્રમાણ વિનિશ્ચિત કરાયું છે.

**ઇતિ**

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીયશોવિજયજીકૃત -
દેવધર્મપરીક્ષાગ્રંથે વીરસંવત - ૨૫૩૫ મધ્યે
તપાગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્વિજય
પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય-
આચાર્ય વિજયકલ્યાણબોધિસૂરિસંસ્તુતા
ગુર્જરવૃત્તિસ્વરૂપા
દેવધર્મોપનિષદ્

१. जीवा - इत्युपलभ्यमानस्थानाङ्गसूत्रेऽधिकम् । २. पगरेंति - इत्युपलभ्यमान-स्थानाङ्गसूत्रे पाठः । ३. विवक्क - इत्युपलभ्यमानस्थानाङ्गसूत्र पाठः । ४. इति न्यायविशारदउंश्रीयशोविजयकृतोयं देवधर्म्मपरीक्षानामा ।। ।। ग्रन्थः । संपूर्णः ।। ग्रन्थसंख्या ४२५ - इति क - प्रतावधिकम् ।